रूढमूल थई गयेली प्रवृत्तिओनो एकदम निरोध पण शी रीते करी शकाय ? 'राष्ट्रोमा जेटला प्रमाणमा कर्मकाड वधतु जाय तेटलाज प्रमाणमा अज्ञाननु जोर वधे छे' आ नियमने अनुसरी यज्ञ याग अने पुत्र, धन, सपत्त्यादिकोनी प्राप्ति विगेरेना कार्यकारणभाव विषे जे निविडतर अज्ञान पसरेलु हतु तेमा दिवसे दिवसे फरक पडवा लाग्यो अमुक यागथी अमुक थाय छे एवु शास्त्रमा मळे पण तेनो कार्यकारणभावसबध शु होवो जोइये ? एवी शकाओनो उद्भव थवा लाग्यो ते वखतना कर्मकाड-निपुण आचार्यो एवी शका काढनारा सामान्य लोकोने कर्मानो अने फळोनो तुलनादर्शक सबध दर्शावी गमे ते उपपत्तिथी समाधान करता आ प्रमाणे केटलाक दिवसो चाल्ता चाल्ता शास्त्रीयदृष्टिथी अथवा नियुक्तयागादिकोना नियुक्त-नियमोने अनुसरी फावे तेम हो, पण तेटलामा शङ्का समाधान अने उत्पत्ति ए विषे विचार थवा लाग्यो. ते पछी पूर्वमीमांसा शास्त्र नन्यु तो पण मीमासको कर्मकाडना पूरा अभिमानी हता, बुद्धिवाद करनारा लोकोए कर्मकाडीओनी साथे तेओनाज वेदवाक्यो लई शका काढी ते

१ आडु अवळु समजावीने

उपर वादविवाद शरु थरी कर्मकांडीय जडोने पण वादविवादनी, बुद्धिवादनी अने प्रत्यक्षनी साथे मेळ राखी वेदवाक्योनो अर्थ करवानी टेव पाडी "लोके व्यवायामिषमद्यसेवा" इत्यादि स्वाभाविक संसार सुखमा आसक्त रहेनारा अने इन्द्रियसुख एज पुरुषार्थ छे एम मानानारा लोकोमा विषयोना माटे तिरस्कार उत्पन्न थयो विषयसुखोपभोग करता इन्द्रियदमन करवामा विशेष मजा छे अने खरु सुख छे, एम माननाराओनों वर्ग वधवा लाग्यो (**इन्द्रियदमन करवुं एज पुरुषार्थ छे एम माननारा जे लोको तेज प्रथम जैन हता एम अमोने लागे छे.**) तेओने ए मांसादि हिंसानो परम तिरस्कार उत्पन्न थयो ते वखतना यज्ञ यागादिकोना अत्यन्त प्रमाणभूत ग्रन्थो विगेरे अप्रमाण छे एम चोक्खी रीते कही पोतानु कार्य साधवा करता तेमाथीज काइएक तोड काढ्यो ए तेओने पोतानो हेतु साधवा माटे विशेष ठीक लाग्यु तेओए ब्राह्मण ग्रन्थोमा मधोने प्रथम पुरुषमा, पछी घोडामा, पछी बळदमा, पछी मृगमां, पछी हरिणमा ए प्रमाणे आणता आणता छेवटे धान्यमा आणी मुक्यु तात्पर्य-आ प्रमाणे यज्ञ यागादिकोमा प्रत्यक्ष पशुओनी

---

१ मैथुन मांस अने मदिराना सेवनथी २ यज्ञने

जे हिंसा थती तेना बदले पिष्टपशुथी ते यज्ञो करवा आटला सुधी ते वखतना लोकसमाजने पकडी रहेनाराओने जैनोए तथा बौद्धोए पहोंचाड्या पछी आ हिंसाप्रधान यागादि कर्मकाड बिल्कुल निरर्थक छे एमा पुरुषार्थप्राप्ति बिल्कुल नथी " न कर्मणा न प्रजया त्यागेनैकेन अमृतत्वमानशुः " एटले अमृतत्व कर्मथी प्राप्त थतु नथी प्रजाथी प्राप्त थतु नथी पण त्यागथी प्राप्त थाय छे एम माननारानो वर्ग तैयार थयो कर्मकाड उपरनी श्रद्धा दहाडे दहाडे लोप थवा लाग्यो ब्राह्मण ग्रन्थोमा अने मीमासादि शास्त्रोमा वादविवादनी टेव पडवाथी प्रखरबुद्धिना लोकोए हवे चोक्खी रीते कर्मकाडने फेंकी देई ज्ञानकाडने प्रधानपणु आपवानी शरुआत करी, ते हवे जुदीज दृष्टिथी (श्रद्धा छोडी दइने स्वतन्त्र-पणाथी) विचार करवा लाग्या आ जगत्मा जे जुदा जुदा पदार्थो भासमान थाय छे तेओनु आदि कारण शु ? शुरुष्यना देहमा चालक शक्ति कई होवी जोइये ? जेनाथी देहादिकोनो व्यापार चाले छे, अने जे तत्त्वना अभावे देहक्रिया बन्ध पडे छे ते तत्त्व कयु ? ए विषे विचार थवा लाग्यो सृष्टिनो कर्त्ता कोण ? आ जे क्रियाओ चाले छे ते कोनी सत्ताथी ? आ सर्व सृष्टिना

---

१ आत्मकल्याण

कार्यो चलावनारो अने सर्वेनो नियामक कोण छे ? अथवा आ बधु स्वभावधीन चाले छ, ए विषे पडितो स्वतन्त्र रीते वादविवाद करवा लाग्या "स्वभावमेके कवयो वदन्ति" इत्यादि अनेक सैकाओ सुधी पडितोमा एवा प्रकारना वादविवादो चालता हता पण ते पडितोए एवा मतनो स्वतन्त्र पन्थ कहाड्यो नहोतो ते वखतना पडितोमा बे मोटा पक्ष पड्या हता तेमा एक पक्ष ससारमा मग्न रहेनाराओनो, अने बीजो विरक्त रहेनाराओनो हतो परन्तु प्राचीन काळथी चालती आवती रूढीओ फेंकी देनाराओमा विलक्षण धैर्य अने श्रद्धानी जरुर होवी जोइए पोताना मतो केवळ सामदामादि प्रकारोथी प्रसरी शकता नथी लोकोमा प्राचीन रूढिने वळगी रहेनाराओनी सख्या बहुज होय ए कारणथी जोइये तेवो मत प्रसार थतो नथी ए प्रकारे जोइने जैनोए अने बौद्धोए मासभक्षक पाखडिओनी साथे सग्राम करवा माटे कमर कसी अर्थात् दुनियाना स्वाभाविक नियमने अनुसरी प्राचीन मतावलबी लोको तरफथी तेओनो छल थवा लाग्यो समाजमानी दुष्ट वातोनो नाश करवो जोइये अने ते वखतनी दुष्ट वातनोज सत्यानाश थवा इच्छनाराओमा खरी लागणी धरावनारा जे लोको हता तेओने ते वखतना आचार विचारोनी दिशा फेरवी

जूदा प्रकारनी दिशा लगाडवा माटे खटपट करनारा लोकोनी जुदी सस्थाज निर्माण करवानी आवश्यकता भासवा लागी अने ए कार्य माटे पोतानु ससारसुख विगेरे सर्वनो भोग आपवानो एमणे निश्चय कर्यो जे कोइने समाजमाना दु खो देखीने ते दूर करवानी इच्छा होय तो तेना माटे सर्वस्वनो भोग आपी ते वातनी पाछळ पडवा ससार छोडी देवो एम लागे ते वखते तेणे ससार छोडी दई प्रव्रज्या धारण करवी (सन्यास लेवो) एवु एक वाक्य छे (यदहरेव विरजेत तदहरेव प्रव्रजेत्) त्याथीज अमो बौद्धोना अने जैनोना सन्यासनी उत्पत्ति समजीये छे तात्पर्य—पछी बधा ससारनो त्याग करी सन्यास (दीक्षा) ग्रहण करी पोताना मतोनो उपदेश करवो एम माननारामा बुद्ध अने महावीर एवा बे राजवंशीय अग्रगण्य निकळ्या आखा जगतमाना ससारसुखमा अत्यत स्पृहणीय जे राज्यपद तेनो खुशी—रीते त्याग करी सन्यास लेई उपदेशकनु काम करवामाज आनद छे एम बोलीने नहीं पण प्रत्यक्ष कृतिथी बतावनारा ज्यारे राज-पुरुषो निकळ्या त्यारे ते पक्षने घणुज जोर मळ्यु ज्या ज्या ए उपदेशको जता त्या त्या मूर्त्तिमन्त राज्यसुखनो त्याग करेला ते अग्रणीओना व्याख्यानना श्रवणथी लोकोना टोळेटोळा सन्यास

लेवा माटे तेओनी पासे भेगा थता. साराश—माणस मात्रने परमप्रिय जे ससारसुख तेनो त्याग करी सन्यासव्रत लीधेला लोकोने जोई समानमाना लोकोने शु लागशु हशे वारु ? देखीतुन छे के, मोटा मोटा श्रीमान् अने सपत्तिमान् राजवंशीय लोको जे अर्थ प्रत्यक्ष सुखनो त्याग करी एकदम उपदेशकोनी दिक्षाओ लेवा लाग्या छे, एम ज्यारे लोकोना जोवामा आवे त्यारे तेओना माटे पूज्यबुद्धि उत्पन्न थई अने तेओना अनुयायिओनी सख्या झडपथी वधवा मांडी माणस मात्रने परमप्रिय एवा ससारसुख अने विषयसुखने लात मारी धर्मोपदेश करवा माटे विरक्त थयेला ,लोकोना,टोलेटोळा धर्मोपदेश माटे सर्वत्र भरतखडमा ज्यारे देखावा लाग्यां, अने तेओनी सरी लागणी जोई तेओना अनुयायिओनी सख्या जे प्रमाणमा झपाटाथी वधवा माडी, तत्प्रमाण प्रमाणमा तेओना प्रतिस्पर्द्धिओ तरफथी तेओनो विशेष छल थवा माड्यो परमार्थ-सुखश्रद्धाथी परिपूर्ण बनेला तेवा छलने नहीं गणता त महावीरोए पोताना धर्मप्रचारनु काम आगळ चलाववा माटे तेओमां लोकोत्तर धैर्य उत्पन्न करनारा शास्त्रो पण तेओना स्थापकोए निर्माण कर्यो ते शास्त्रश्रद्धाथी परिपूर्ण थईने ते महावीरोए ते काम आगळ घणी झडपथी शरु कर्यु तेनु परिणाम केटलु प्रचण्ड

थयुं ए पाउळ कह्या प्रमाणे जैन अने बौद्धमतनो सर्वत्र भरतखडमा प्रचार थयो ते शिवाय बौद्धपन्थियोनो मसदेश, सयाम, चीन, जापान, सीलोन, तिबेट, अफगाण, सेबीरीया विगेरे पृथ्वीना लग-भग अर्धा भाग उपर प्रचार थयो हतो, एम लोक मानता हता. पण पाउळ कह्या प्रमाणे जैन अने बौद्धमत सर्वत्र भरतखडमा तो प्रसरेलाज हता ए उपरथी सहेज ध्यानमा आवशे पछी कालान्तरे यद्यपि ते लुप्त थयो तो पण हालना आपणा आचार विचारो जोता तेमा बौद्धोए अने जैनोए अमारा भारतीयो उपर घणी निया करीने बतावी छे ए निर्विवाद रीते सिद्ध थाय छे लातो मारो, गालो आपो, हाकी कहाडो, पथरा मारो, मारी नाखो, वखते खावा मळो या न मळो, तो पण उपदेशनु काम अखड रीते चालु राखवु तेमा जरा पण पाछळ हठवु नहीं, एवु जे ख्रिस्तीधर्मोपदेशकोमा व्रत देखाय छे, अने तत्पन्थिय लोको जेनु मोटु अभिमान धरावे छे, ते तमाम व्रतो घणा प्राचीनकालमां जैनधर्मियोमा हता, एम मानवाने अमोने घणा ग्रन्थोमा कहेला प्रमाणो मळ्यां छे तात्पर्य–ए प्रमाणे नाना प्रकारना कष्टो वेठी, अने अत्यन्त कठिन एवा कमाल स्वार्थनो त्याग करी, जैनोए आखा भरतखडमा ठेकठेकाणे, शहेर-शहेरमां जैनधर्मनो प्रचार

क्यों धर्मनो अथवा विशिष्टमतनो प्रचार समाजमा हालना प्रमाणे वर्त्तमानपत्रो, अथवा मासिक पुस्तकोद्वारा थयो नथी तो ते मतो प्रसिद्ध करनारी ते वखतनी काइ जुदीज सस्थाओ हतीं (सर्वे सस्थाओनु अमारा महाराष्ट्र साधु मडळोए महाराष्ट्रमा तुरत अनुकरण करी लीधु एटले ते पद्धति उपर पोताना पन्थोनी सस्थाओ तेओए स्थापन करी) ते मत प्रसार करनारी अतिशय महत्वनी सस्थाओ कई ? एवो स्वाभाविक प्रश्न उद्भवशे, माटे ते विषे थोडी माहिती आपवानी आवश्यकता छे ते सस्थाओ एटले नगरप्रदक्षिणाओ, वरघोडा, उत्सवो भजनो, तीर्थयात्राओ विगेरे हती ते दिवसे हजारो लाखो लोको भेगा थता पछी यति-मडलो अने तेओनु अनुयायिमडल विगेरे नाना प्रकारना रागोमा तेमज जुदाजुदा मनोरजक छदोमा घणा मजुल स्वरोथी जैनधर्म विषे जुदी जुदी माहिती विगेरे तेमा भेगी करी जैनसाधुओना चरित्रो, वर्णनो, प्रार्थनाओ, स्तोत्रो, उपदेश, विगेरे जेमा ओत-प्रोत भरेला हता एवी कविताओ बनावी समाजमा गाता, तेथी घडाणे सुधीमा ते मतोनो प्रचार थयो हतो तेज प्रमाणे जैन-यतिओना व्याख्यानो पण थता कथाओ, पुराणो, रासो, जुदा-जुदा साधुपुरुषोना अने रामचर्योना रसयुक्त अने मनोरजक

चरित्रो, काव्यना रूपमा रची तेओमा ठेकठेकाणे प्रसंगो साधी मोटा मोटा यतिओना अने साधुपुरुषोना संवादो नाखी धर्मतत्वनुं प्रतिपादन करता सामान्यजनोनी तेमज श्रीमान् राजवर्यो विगेरेनी धर्म उपर अने धर्मप्रचारक संस्थाओ (रथयात्राओ, रथोत्सवो, नगर प्रदक्षिणा विगेरे) उपर श्रद्धा उत्पन्न थई एवी विधिओ करवा तरफ तेओनी प्रवृत्ति थता माटे पहेलाना जे जे मोटा मोटा राजाओए तेनी विधिओ करोडो रुपिया खरच करी करी हती तओना पूर्वेना धर्माचरणोना रसनिभृत वर्णनो विगेरे करी मुकता, अने ते वर्णनो साधारण लोको, श्रीमानो, राजाओ, राजपुत्रो, राणीओ विगेरेने पहेलाना राजालोकोए एवु एवु कर्युं विगेरे वाची बतावी तेओ करता वधारे अथवा तेओना जेटलुज आपणे करीशु एवो उत्साह निर्माण करता घणी वखते जैनयतिओ पोताना धर्मप्रचार अथवा पन्थप्रवर्त्तन करवामां घणु चातुर्य वापरता जैनधर्मना ग्रन्थोनुं सूक्ष्मावलोकन करवा लागाये तो कांई जुदीज हकीकतो नजरे पडे छे हाल सामान्य जनसमूहमा तो जैन अने बौद्ध ए विषे घणी मोटी गेरसमजुतीयो थयेली छे. हिंदुस्तानमा लाखो करोडो लोको जैनधर्म अने बौद्धधर्म ए कोई बिल्कुल जुदो (वैदिक धर्म करता)

एम माने छे जैन धर्मिओना मन्दिरोनी ठठ्ठा अने निर्भर्त्सना करे छे अने घणा स्मृतिग्रन्थोमा शास्त्रग्रन्थोमा अने टीकाग्रन्थोमाथी जैन अने बौद्ध एओने वेदबाह्य माने छे जैनग्रन्थोनु सूक्ष्मावलोकन करता जैनधर्म ए जूदो धर्म नथी पण उपनिषत्कालीन अने ज्ञानकाड कालीन महान् महान् ऋषीयोना जे उत्तमोत्तम मतो हता ते सर्वे एकत्र ग्रथित करीने बनावेलो धर्म होय एम देखाई आवे छे अर्थात् जनधर्मनु प्रथमनु स्वरूप कहिये तो विशुद्ध छे एटले जे वैदिक धर्म तेज जैन धर्म छे एना अनेक प्रमाणो छे अनेक ग्रन्थोमा वदोने पोताना कहेवाने तेओए वेदोना प्रमाणो आप्या छे तेज प्रमाणे जुदा जुदा जैनकाव्योमा जैन पंडितोना वर्णनोमा, तेओ चारे वेदोमा निपुण हता एवा प्रकारना वर्णनो मळी आवे छे घणा जैनग्रन्थो उपरथी तो एवु लागे छे के, जैन एटले एक विशुद्ध वैदिक धर्मनी शाखा छे जैनोमाना डाह्या पंडितो अने अग्रणीओ पोते वेदिक धर्मना अथवा जुना प्रचलित मार्गना द्वेष्टा छीये एम नही बताववा माटे घणी काळजी

१ महान् महान् ऋषियोना उत्तमोत्तम मतथी ग्रथित करेलो एम अन यगतियी वेद्यु पड्यु हशे केमके–जीवादिक तत्वोनु, पाचज्ञाननु, अने कर्मना सिद्धांतोनु सूक्ष्म स्वरूप, बीजे टेकाणे संपूर्ण रीते न होय तो जैनोना मत ग्रन्थोमाथी गयेलुमानवामा शु हरकत आवे ?

रास्ता पडी अनेक कारणोना लीधे जैनधर्मियोमा अने जुना मार्गे चालनाराओमां मतभेद अने टटा विगेरे थयाथी जैनधर्म ए बिल्कुल जुदो पन्थ छे एम लोकोने भासवा लाग्यु जैनधर्मना ग्रन्थोमा बीजी एक ध्यानमां राखवा जेवी वात नजरे पडे छे ते ए छे के वैदिकधर्मना अथवा वेदानुयायि भागवतादि ग्रन्थोमां जे सेंकडो राजाओना नामो छे ते सर्वेने (राजाओने शु पण पडितोने पण) जैनग्रन्थकारोए जैन बनाव्या छे उदाहरण तरीके— राम जैन, कृष्ण जैन, पाडव जैन, नळ जैन, दमयन्ती जैन, चाणक्य जैन, विगेरे घणा ठेकाणे कथाओमा विपर्यास करेलो नजरे पडे छे परशुरामे एकवीस वखते पृथ्वी निःक्षत्रिय करी. तेओना जैन राजाए सत्तावीस वखते पृथ्वी निर्ब्राह्मण करी. परिक्षित राजा मरणोन्मुख थयो त्यारे सात दिवसोमा तेने श्रीमद् भागवत संभळाव्युं एवी जे वैदिकधर्मानुयायिओमा एक कथा छे तेज प्रमाणे तेओना एक ग्रन्थमा पण तेवीज कथा छे कथाओमा ए प्रमाणे साम्य अने विपर्यास मळी आवे छे एमा आश्चर्य नथी कारण के, मतना शब्दोमा पण साम्य अने शब्द विभिन्नता नजरे पडे छे—

वैदिकधर्मानुयायिओना शब्दो	अने	जैनमतानुयायिओना तेवाज अर्थना शब्दो
अहिंसा		प्राणातिपातविरमणव्रत
सत्य		मृषावादविरमणव्रत
अस्तेय		अदत्तादानविरमणव्रत
ब्रह्मचर्य		मैथुनत्यागव्रत

उपर आपेला शब्दो उपरथी अने वैचित्र्य उपरथी एम देखाई आवे छे के एकाद नवीन धर्मने ज्यां सुधी ते जुदो पन्थ छे एम मानवामां आवतो नथी त्यां सुधी ठीक होय छे पण पछी एक वखते जुदापणु थवा लाग्यु एटले अमो तमारा करता बिलकुल स्वतन्त्र अने जूदा छीये एम बतावबा माटे केवा केवा विचित्र प्रयत्नो करवा पडे छे तेनु प्रत्यक्ष उदाहरण जैन धर्मना शब्दो उपरथी अने ग्रन्थो उपरथी देखाई आवे छे वैदिक धर्मिओनु अने जैनधर्मिओनु आगल जे जुदापणु मनायु अने ते बन्नेमा जे द्वेषभाव मच्यो अने जे द्वैतपणु उत्पन्न थयु ते

---

१ अहिंसादिकनु कथन कुरानादिक बधाए मतना मूल ग्रंथोमां तात्पर्यरूपथी वस्तु होय छे, मात्र पोताना सुखोना माटे आगळ पाछळ फेरवी मानवामा आव्या पछी स्वार्थी लोको तने सिद्धांत तरीके मानी बेठ छे

पण एटली हृद सुधी पहोच्यु के, एकज विषय उपर ब्राह्मणी ग्रन्थो अने जैन ग्रन्थो एवा भेद पडवा लाग्या ब्राह्मणोए जैन ग्रन्थोनु अध्ययन करवु एटले पाप, अने जैनोए ब्राह्मण ग्रन्थोनुं अध्ययन करवु एमा हल्कापणु छे, एम मानवानो रिवाज पड्यो- ए वाग्भट्ट, अमरकोष, हैमव्याकरण, विगेरे विषे जे वार्ताओ छे ते उपरथी खुली रीते जणाय छे जे प्रमाणे जैनोए वैदिक राजाओ, पंडितो अने देव विगेरेने पोताना ग्रन्थोमा जैन बनाव्या ते प्रमाणे ब्राह्मणोए पण भागवत विगेरे ग्रन्थोमा जैनोना आद्य धर्मस्थापक ऋषभदेव विगेरेने भागवत बनाव्या ए प्रमाणे भरत-खंडमा पोताना कटकहित वैराग्यथी अनेक सैकाओ सुधी पोतानो कायम अमल जमाव्यो छता कुमारिलभट्ट, शङ्कराचार्य, रामानुज, मध्व, वल्लभ इत्यादि अनेक आचार्योए अविश्रान्त परिश्रमथी तेओनी सत्ता नष्ट करी वैदिकधर्मनु पुनरुज्जीवन कर्युं लागो नहीं पण करोडो लोको समजे छे के, कुमारिलभट्ट, विगेरे मोटा मोटा महापुरुषोए जैन धर्मिओनो जगोजगो पर पराभव करी तेओना स्थापन करेला धर्मनु सत्यानाश करी पोताना परमपूज्य प्राचीन वैदिक धर्मनी स्थापना करी

ए बाबतमा सामान्य लोको करता अमारी समजुती

बिल्कुल जुदा प्रकारनी छे जैनधर्मनुं पहेलुं स्वरूप एटले **विशुद्ध वैदिक धर्म ए छे** पछी अनेक कारणोथी ते जूदो धर्म छे एम मनायो (आ जैनधर्मनुं पाछळनुं स्वरूप) अने पछी लोकमत प्रमाणे कुमारिल्भट्ट विगेरे मोटा मोटा महापुरुषोए जैनोनो अने बौद्धोनो जगोजगो पर पराभव करी तेओना धर्मनो सर्वथा प्रकारे (जडा मूल्थी) नाश करी वैदिक धर्मनी स्थापना करी आ जैनधर्मनुं छेल्लुं स्वरूप

सामान्य लोकोना मतमा अने अमारा मतमा जे तफावत छे ते हवे कहीए छे—कडकडित तीव्र वैराग्यादिना आचरणोथी पछी राज्याश्रयथी अने स्वार्थत्यागथी जैनोए भारतीय लोकसमाज उपर जे क्रियाओ करी अने अनेक सद्गुणोथी जे फेरफार कर्यो, जे जुदी जुदी सम्थानु स्थापन करी अनेक विधिओ शरु करी, तेमज लोकोने सन्मार्ग तरफ झुकाववा माटे जे साहित्य निर्माण कर्युं, अने वैदिक धर्मानुयायिओमा रहेल–प्राचीन **चित्तशुद्धि, सदाचरण, चारित्र्य,** इत्यादि विषयोना सबन्धमा आपणा हृदयने हरी लेनारा अने तल्लीन करीने ज छोडी मुकनारा साहित्यथी विषयरसमा तन्मय थई गयेलाओने मात्र श्रवणथीज तत्काळ ठेकाणे लावनार जे

विचार प्रचलित करेलो तेनो नाश कुमारिलभट्ट विगेरेना हाथथी बिलकुल थयोज नथी हवे हालमा भारतीय लोकोना जे आचार विचार अने धर्मसंस्थाओ छे तेओमा जैन धर्मसंस्था अने विचार मळी गएला छे ए नगर प्रदक्षिणा, आल्दीनी पाल्खी, पोताना षोडषोपचारनी पूजा, नैवेद्यसमर्पण विगेरे जैनधर्मिओना साथे तुलना करी जोता तरत ध्यानमा आवी जशे ए शिवाय कुमारिलभट्टादिकोए जैनोनी साथे ठेकठेकाणे वादविवाद करी तेओनो पराभव कर्यो विगेरे जे दन्तकथाओ छे ते विषे शोध करता सामान्य लोको ते विषे जेटलु माने छे तेटलु तेनु स्वरूप नहीं होईने दयानन्द सरस्वतीना खडन प्रमाणे तेमा लटपट अने ग्राम्य व्यवहार विशेष देखाय छे

तात्पर्य—जैन अने बौद्ध धर्मविषे भारतीय लोकोमा आजदिनसुधी जे भयकर गेर समजुतीयो थई छे, ते गेरसमजुतिओ थवान जैनधर्मनु अने बौद्धधर्मनु पछीनु स्वरूप तपासीए एटले तेना प्रकारना जुदाजुदा कारणो पण थया हता एम देखाय छे परन्तु जैनधर्मनु अने बौद्धधर्मनु आद्यस्वरूप जोइशु तो जैन अने बौद्ध ए जुदा नथी पण **विशुद्ध वैदिक धर्म तेज जैन अने बौद्ध धर्म** छे एम जणाशे

भारतीय लोकसमाजमा जैन अने बौद्धधर्म एटलो बधो व्यापी गयो छे के [1]पौराणिक धर्ममा अने पछीना पन्थमा तेमाना विचारोनु, आचारोनु अने तेओनी धर्मपद्धतिनु तादात्म्य थई गयु छे ए भगवद्गीतादिग्रन्थोमा बौद्धोना निर्वाणादिशब्दो जे बिल्कुल लीन थइ गया छे ते उपर तुरत ध्यान आपवा जेवु छे पछी जैनधर्मनो द्वेष करता करता अमारा आचार विचार उपर, सन्ध्या पूजादि विधिओ उपर, हमेश बोलवाना स्तोत्रो विगेरे उपर पण तेनो असर थयेलो छे ए जैन अने बौद्धोना सर्वे ग्रन्थोनु कालजी पूर्वक अवलोकन करीए तो तरतज ध्यानमा आवी जशे छेवटे वाचकोने एटलुज कहेवानु के, एक वखते जैन अने बौद्ध ए विषे अनेक कारणोथी जे विरुद्ध संबंध उत्पन्न थयो ते हवे मुली जग्न जे धर्म हालना हिंदुधर्ममा विलीन थई गयेलो छे, ते धर्मना ग्रन्थो तरफ हालना विद्वानो कदाच अनुकंपानी बुद्धिथीज जोशे तो

१ प्रथम बौद्धोने वैदिकधर्मवाला तरफथी शत्रुभूत मानेला परंतु जैन धर्मना अने बौद्ध धर्मना पूर जोसमा पोताना स्वार्थनी रक्षा माटे पुराणोनी रचना करी बुद्धने अवताररूप मान्य राखी जैनोना अने बौद्धोना आचार विचारोने भेलसेलपणे गूथन करी लोकोने थोभावी राखवा प्रयत्न करेलो पण पछी आश्रयकरावायला वखत राज्याश्रय मल्या पछी बौद्धोनो नाश करवा प्रयत्न करेलो मात्र जैनो उपर पोतानी प्रभा पाडी दाबेला नहीं एम विचार करतार्थी सारी रीते जणाई आव छ

तेओने अत्यन्त आनन्द उत्पन्न थई भरतखडमा तो शु पण बन्ने धर्मोए आखा जगत उपर केटलो अपरिमित उपकार कर्यो छे, ए नजरे आव्या पछी हालना जगतमाना प्रचलित धर्मो तथा बौद्ध अने जैनधर्मो एनो जेवो जेवो सबन्ध तेओनी नजरमा आवतो गयो तेम तेम आ नवीन मळेली विलक्षण रत्नोनी अगाध खाण देखीने तेओनु मन आनन्दसागरमा तल्लीन थई जशे एटलुज आ ठेकाणे कहेवु बस छे छेवट जे श्रीमत सयाजीराव महाराजनी कृपाथी मने आ भावी लाभनो यत्किंचित् अश प्राप्त थयो ते महाराजानी आ धार्मिक जिज्ञासा एवीज वृद्धि पामी रहो आ प्रमाणे ईश्वर पासे प्रार्थना करीने कराळो आवता जेवो आ लेख पूरो करु छु'

एमाना केटलाक विचारो साथे जैनोनो सहज भेद छे ते तेमना समागमथी समजी शकाय तेम छ

आगलना लेखमा पण एज प्रमाणे समजी लेवु

मुनिश्री अमरविजयजी.

प्रसंगवशात् जैन धर्मनी उत्पत्ति संबंधे कांइक विचार.

(लेखक—वासुदेव नरहर उपाध्ये
वडोदरा मराठी शाळा नं १ ए मा)

जैन धर्मनी उत्पत्ति अने विकास ए सबंधिनी घणीखरी माहीती मळी शके तेम छे. हाल केटलाक पंडितो आजदिन सुधी ए विषय उपर साशक लेख प्रसिद्ध करता रह्या छे. खरु जोता एम करवानु बील्कुल कारण नथी कारणके जेमने एवी शोधखोळ करवानी इच्छा होय तेवा पंडितोने माटे जोइए तेवा जैन धर्मना प्राचीन घणा ग्रंथो उपलब्ध थयेला छे, अने ते उपरथी जैन धर्मनो शरुवातनो इतिहास मेळववा माटे घणीज सामग्री मळेली छे शिवाय आ ग्रंथोनी योग्यता जोता तेना उपर अणविश्वास राखवाने बील्कुल कारण जणातु नथी-

साधारण रीते जोता सम्कृत भाषामा ग्रथो घणा प्राचीन छे ते छेज एवी घणाखरानी समज थएली होय छे पण जैन धर्मना ग्रथो तनाथी पण प्राचीन छे प्राचीनपणाना सवधनेज देखीये तो तमाना घणासरा पुस्तको औत्तरीय बौद्ध धर्मीओना अति प्राचीन पुस्तकोना वखतनाज छे बुद्धोनो अन बौद्धधर्मनो इतिहास लखवाने ज्यारे उपरना बौद्धधर्मीय प्राचीन ग्रथो निर्विवादरीते साधन तरीके मनाय छे त्यार जैनोना धर्मनो इतिहास लखवाने तेमना ग्रथोना माटे शका लेवानु आपणने बील्कुल कारण रहेतुज नथी जैनधर्मना ग्रथोमा ज्यारे परस्पर विरुद्ध वातो मळी आवे, अथवा तो तेमा आपला दिवसो उपरथी परस्पर विरुद्ध एवा अनुमानो ज्यारे नीकळ्ता हाय त्यारे कदाच तमना ग्रथो इतिहासना काममा साधन तरीके न गणवाने कारण छे परतु एवा सवधनीज दृष्टियी जोवा लागीए तो बौद्धधर्मना ग्रथो करता विशेष करी उत्तरीय बौद्ध ग्रथो करता जैनग्रथोनु धोरण घणुज शुद्ध जणाय छे एम छता वास्तविक रीत तेमना धर्मग्रथथी पण उपरनो जैन धर्मनो जे उद्भव अन उत्पत्तिकाल मानवो जोइए तेम न मानता पुष्कळ पडितो त विषयमा जुदाज अनुमानो करी बेसे छे तेनु कारण शु हशेवारु? तनु कारण जोता साधारण

लोकोने पण देखातु एवु बन्ने धर्मोनु बाह्य निकटसाम्य होवामा कइ सशय नथी जे बे धर्मोमा एवी अनेक बाबतो बीलकुल सामान्य होय तेवा बे धर्मो बीलकुल स्वतत्र होय ए अशक्य छे कारण एवु साम्य जे धर्मोमा होय एमानो कोईपण एक धर्म बीजामाथी नीकळेलो होवोज जोइए, एवा प्रकारनी जे एक वखत केटलाक पंडितोनी समज थइ गएली छे तेज कारणथी अनेक पडितोना मतो ते बाजु तरफ वळेला छे अने आजदिन सुधी पण घणाखरा पडितो तेवाज प्रकारनो मत पकडीने बेठा छे जैनधर्मग्रथोनी जे वास्तविक योग्यता छे तेनु तेवा प्रकारनु स्वरूप लोकोना समक्ष मुकवु अगत्यनु छे

ए सबधी शोधखोळ करता जैन धर्मना सस्थापक अने छेल्ला तीर्थकर जे **महावीर** तेमना विषयमा विशेष विवेचन करवु जोइए एटली शोधने अन्ते **महावीर** नामनी खरेखर कोइ व्यक्तिनथी पण जैनधर्मना अनुयायीओए जैन धर्म उत्पन्न थया पछी केटलाक सैकाओ गए **महावीर** नामनी एक व्यक्ति उभी करी छे, एवो जे आक्षेप छे तेनु सारी रीत अने सयुक्तिक निराकरण थई शके तेवी माहिती हाल उपलब्ध थई छे एम समजवामा आवशेज श्वेताबर जैन अने दिगबर ए बन्ने **महावीर** ए कुण्ड-

साधारण रीते जोता संस्कृत भाषामा ग्रंथो घणा प्राचीन छे ते
छन एवी घणाखरानी समज थएली होय छे पण जैन धर्मना
ग्रंथो तेनाथी पण प्राचीन छे प्राचीनपणाना सबंधमा देखीये तो
समाना घणाखरा पुस्तको औत्तरीय बौद्ध धर्मीओना अति प्राचीन
पुस्तकोना वखतनाज छे बुद्धोनो अने बौद्धधर्मनो इतिहास
लखवाने ज्यारे उपरना बौद्धधर्मीय प्राचीन ग्रंथो निर्विवादरीते
साधन तरीके मनाय छे त्यारे जैनोना धर्मनो इतिहास लखवाने
समना ग्रंथोना माटे शंका लेवानु आपणने बीलकुल कारण रहेतुज
नथी जैनधर्मना ग्रंथोमा ज्यारे परस्पर विरुद्ध वातो मळी आवे,
अथवा तो तेमा आपणा दिवसो उपरथी परस्पर विरुद्ध एवां
अनुमानो ज्यारे नीकळता होय त्यारे कदाच तेमना ग्रंथो इति-
हासना कामना साधन तरीके न गणवाने कारण छे परंतु एवा
संबधनीज दृष्टिथी जोवा लागीए तो बौद्धधर्मना ग्रंथो करतां
विशेष करी उत्तरीय बौद्ध ग्रंथो करता जैनग्रंथोनु धोरण घणुज
शुद्द जणाय छे एम छता वास्तविक रीते तेमना धर्मसबधी
पण उपरनो जैन धर्मनो जे उद्भव अने उत्पत्तिकाळ मानवो
जोइए तेम न मानता पुष्कळ पंडितो ते विषयमा जुदाज अनुमानो
करी बसे छे तेनु कारण शु हशे वारु? तेनु कारण जोता साधारण

लोकोने पण देखातु एवु बन्ने धर्मोनु बाह्य निकट साम्य होवामा कइ सशय नथी जे बे धर्मोमा एवी अनेक बाबतो बील्कुल सामान्य होय तेवा बे धर्मो बील्कुल स्वतन्त्र होय ए अशक्य छे कारण एवु साम्य जे धर्मोमा होय एमानो कोईपण एक धर्म बीजामाथी नीकळेलो होवोज जोइए, एवा प्रकारनी जे एक वखत केटलाक पडितोनी समज थइ गएली छे तेज कारणथी अनेक पडितोना मतो ते बाजु तरफ वळेला छे अने आजदिन सुधी पण घणाखरा पडितो तेवाज प्रकारनो मत पकडीने बेठा छे जैनधर्मग्रथोनी जे वास्तविक योग्यता छे तेनु तेवा प्रकारनु स्वरूप लोकोना समक्ष मुकवु अगत्यनु छे

ए सबधी शोधखोळ करता जैन धर्मना सस्थापक अने छेल्ला तीर्थकर जे **महावीर** तेमना विषयमा विशेष विवेचन करवु जोइए एटली शोधने अन्ते **महावीर** नामनी खरेखर कोइ व्यक्ति नथी पण जैनधर्मना अनुयायीओए जैन धर्म उत्पन्न थया पछी केटलाक सैकाओ गए महावीर नामनी एक व्यक्ति उभी करी छे, एवो जे आक्षेप छे तेनु सारी रीते अने सयुक्तिक निराकरण थई शके तेवी माहिती हाल उपलब्ध थई छे एम समजवामा आवशेज श्वेताबर जैन अने दिगबर ए बन्ने **महावीर** ए कुण्ड-

ग्राम अथवा कुंडपुर त्याना सिद्धार्थ नामना राजानो पुत्र हतो एम कहे छे जैनधर्मी लोकोनी जे विगतो छे ते उपरथी कुण्डग्राम नामनु कोई एक मोटु शहेर हतु अने सिद्धार्थ नामनो कोई एक अद्वितीय मोटो बलाढ्य राजा हतो एम ते बताव छे बौद्ध लोकोए जे प्रमाणे कपिळवस्तु अने सुद्धोदनना सबधमा प्रतिष्ठा वधारी हती तेज प्रमाणे जैनधर्मीओए पण कुण्डग्राम अने महावीरना सबधमा कह्यु छे आचाराग-सूत्रमा कुण्डग्रामने सन्निवेश कह्यु छे, टीकाकारोए एनो अर्थ वेपारी लोकोने मुकाम करवानी जग्या एम कर्यो छे ए उपरथी कुण्डग्राम नामनु एक सामान्य स्थळ होवु जोईए एम देखाय छ लोकवार्ता उपरथी एटलुज दखाय छे क ते विदेहमा हतु (आचारांग सूत्र २–१५–१७ जुवो) बौद्ध ग्रथोनु अन जैन ग्रथोनु सूक्ष्म निरीक्षण करीये तो महावीरनी जन्मभूमिनो पत्तो बराबर लावी शकीए महापरागा नामना बौद्धना ग्रथमा कह्यु छे के बुद्ध कोटिग्राममा रहेतो हतो त वखते त्यानी विशाली नामनी राजधानीमाथी अबापाली अन लिच्छिवा ए मळवान आव्या हता पछी बुद्ध कोटिग्रामथी नादिका तरफ गयो, नादिकागाममा तेणे एक ईटोना मकानमा मुकाम कर्यो हतो,

तेनी पासे अंबापालीउ एक अंबापालीवन नामनु स्थान हतु-ते बुद्ध अने बुद्धना अनुयायीओने समर्पण कर्यु पछी त्यांथी ते विशाली गयो त्यां तेणे 'निग्रंथीओमांनो गृहस्थाश्रमी जे लिछिवी लोकोनो नायक तेने पोतानो अनुयायी बनाव्यो-बौद्धधर्मीओनी कुण्डग्राम एवी कोइ जग्या होवीज जोइए एम गणा अने मानी शराय नामना साम्यनो विचार एक बाजुए मुकीए तो नातिका नामनो जे उल्लेख बौद्धोए कर्यो छे ते उपरथी पण उपरनुज अनुमान दृढतर थाय छे नातिका, महावीर जे ज्ञातिक क्षत्रियमंडळमांनो हतो त पैकीज ए होय एमा संशय जणातो नथी

त्यारे एकंदर रीते कुण्डग्राम ए विदेहनी राजधानी जे विशाली नगर तेना नजीकनुज एक स्थान होवु जोइए ए विशेष सभवनीय लागे छे सूत्रकृताग नामना जैनग्रंथमा महावीरने वैशालिक एम जे कहेल छे ते उपरथी अमारु मानवु सप्रमाण छे एम सिद्ध थाय छे (सूत्रकृतांग १, २ जुओ) टीकाकारोए वैशालिक शब्दनो अर्थ बे रीते करी तना बिजो पण एक नवी अर्थ न आपता त्यारे जुदे जुदे अर्थ आप्यो छे त्यारे [illegible]सते पण ते

---

१ [illegible]माता

शब्दना अर्थना विषे निर्विवाद एकमत न हतो एम स्पष्ट देखाय छे अर्थात् ते शब्दनो हाल्ना जैनग्रंथकार जे अर्थ करे छे तेनु अमो प्रमाण आपता नथी तो एमा काइपण खोटु नथी ए प्रगल्भ छे सताराना आसपासना गाममा रहेता छता " अमे सताराना छीए " एम कहेवानो जे प्रमाणे एक लोकव्यवहार छे ते प्रमाणेज वैशालिक शब्दनो व्यवहार समजवो जोइए वैशालिक शब्दनो यद्यपि विशालीमा रहेनारो एवो अर्थ थाय छे तोपण जे प्रमाणे सतारानो रहनारो कहेवाथी नजीकना गामडाओमा रहेनाराओनो समावश थाय छ तेम प्रमाणे कुण्डग्राम ए विशालीना नजीकनु होय तोपण कुण्डग्रामना रहेनाराओनो पण वैशालिक शब्दथी ग्रहण थाय छे हव कुण्डग्राम ए विशालीना पासेनु एक नहानु गामडु गणीए तो कुण्डग्रामाधिपति एटले मोटो सार्वभौम राजा एवो अर्थ न लेता एकाद गामडानो अधिपति एमज मानवु जोइए हवे जैनग्रंथकारोए सिद्धार्थने मोटो बलाढ्य राजा गणी एना ठाठमाठनो अने वैभवनु जे भपकादार वर्णन आप्यु छे तेमाथी अतिशयोक्ति बाद करी यथार्थ रीते गणीए तो सिद्धार्थ ए एक नहानो जमीनदार हतो एवुज ठरे कारण जे ठेकाणे तना उल्लेख आवे छे ते ठेकाणे पण तेने क्षत्रियज कह्यो

छे तेनी स्त्रीना नामनो उल्लेख देखीशु तोपण तेने देवी न कहेतां क्षत्रियाणी एमज कहेलु मळी आव छे ज्ञात्रिक क्षत्रियनो पण जे ठेकाणे उल्लेख आवे छे ते ठेकाणे पण तेमने सिद्धार्थना सामन्त अथवा तदनुयायी एम न कहेता तेना समान दरज्जाना गण्या छे. आ प्रमाणे ते सबधी जुदा जुदा उल्लेखोनो विचार करीए तो एटलुज नक्की थाय छे के, सिद्धार्थ ए सार्वभौम राजा तो नहोतोज पण साधारण ठाकोर जेटलो अथवा एकाद टोळीना मुख्य अधिपति नहीं पण सामान्यत एकाद जमीनदार जेटलो तेनो दरज्जो हतो एम देखाय छे आम छता पण तेना दरज्जाना लोको करता ते वखतनी मडळीमा ते विशेष प्रतिष्ठित अने मामान्य गणातो हतो एनी विशेष प्रतिष्ठा अने वजन होवानु कारण तेनो विवाह सबध मोटा घरोनी साथे थयो हतो अने ते सबध विशाली नगरीना चेटक राजानी बहेननी साथे थयो हतो सिद्धार्थनी स्त्रीने वैदेही अथवा विदेहदत्ता एम कहेता हता, कारण विदेह नगरीना राजवशनी साथे तेनो आप्त सबध हतो

बौद्ध लोकोना ग्रथोमा विशाली नगरीना राजा जे चेटक तेना विषे विशेष उल्लेख मळतो नथी बुद्ध ग्रथोमा एटलुज मळे छे के

विशालीना राजानी राजपद्धतिमा राज्यव्यवस्थानो अधिकार एक सरदार सभाना हाथमा हतो अने तेनी साथे राजानो सत्वअध्यक्ष तरीके हशे अने तेनो अधिकार हालना व्हॅाइसरॉय अथवा जनरल इन चीफ जेवो हशे लिच्छिवी लोकोनी राज्यपद्धतिनो जैन ग्रंथोमा पण उल्लेख मळे छे निरयावलिसूत्रमा एम कह्यु छे के चपाना राजा अजातशत्रुए चेटक राजा उपर स्वारी करवानी तैयारी करी ते वखते तेणे पोताना जेवा बीजा काशीकोशलना १८ राजाओने ' तमे शत्रुओनी मागणीओ कबुल राखशो के तेनी साथे लडवा तैयार थशो ? ' त अमोने जणावो एम पूछाव्यु हतु तेज प्रमाणे महावीरना काळ धम थया पछी १८ राजा ओए तमनी मरणप्रीत्यर्थे एक उत्सव करवानी सम्था निर्माण करी हती तेमा प्रमुख गणेश चेटक राजाना कोइ पण ठेकाणे जुदो उल्लेख नथी ए उपरथी चेटक राजा ते १८ राजा पैकीज एक होइ तेनो अधिकार पण इतर राजाओना जेटलाज हतो एम लागे छे शिवाय तेनो अधिकार विशालीनी राज्यपद्धतिथी नियमित थयो हतो बौद्ध ग्रन्थकारोए चेटकना नामना पोताना ग्रंथोमा उल्लेख कर्यो नथी एनी आ उपरनी हकीकत उपरथी खुलासो

१ वाणिज

थाय छे कारण एक तो ते मोटो वजनदार नहोतो, अने बीजुं तेणे पोतानु वजन जैनधर्मनो महिमा करवा माटे वापर्यु हतु बौद्ध ग्रथकारोए यद्यपि चेटक तरफ दुर्लक्ष्य करेलु तोपण जैनोए तेमना धर्म सस्थापक जे **महावीर** तेना मामा अने आश्रयदाता जे चेटक तेने न विसरी जता तेना नामनो उल्लेख पोताना ग्रथोमा सारी रीते कर्यो छे जैन ग्रथकारोनु पोताना ग्रथोमा चेटक राजानु वर्णन करवानु कारण प्रगटज छे ते एवी रीते क तेना वजनथी **विशाली** नगरी जैनधर्मनु आश्रमस्थान बनावी अने तेज कारणथी अर्थात् जैनोना प्रतिस्पर्धी जे बौद्ध तेमणे **विशाली** नगरीने पाखडीनी भूमिका अथवा शारदापीठ एवु नाम आप्यु उपर **महावीर**ना आप्त सबधी विष जे माहिती आपी छे ते कदाच निरर्थक जेवी लागशे पण तेम मानवाने बील्कुल कारण नथी **महावीर** धर्म सस्थापक थया पछी तेमना धर्मनो प्रचार केवी रीत थयो ते, उपरना तेना आप्त सबधीनी माहिती उपरथी सारी रीते समजी शकाय छे-**बुद्ध** अने **महावीर** ए हालना रजपुत जेवाना अथवा **श्रीकृष्ण**ना वशाना हता क्षत्रिओना वशमा अने जातिमा आप्त सबधीनो पाश घणो प्रबल होय छे अने तेमनामा आप्त सबधीओने

पुष्कळ दिवस सुधी याद राखे छे (महावीरना आप्त सबधी जनोना नामो अने गोत्रो कहेवाना विषे जैन लोकोनो विशेष लक्ष्य होय छे) बुद्धे पोताना धर्मनो उपदेश प्रथम क्षत्रिय लोकोमा कर्यो, तेज प्रमाणे जैनधर्मसस्थापकोए पण ब्राह्मणो करता क्षत्रियोनेज उपदेश करवानु विशेष पसद कर्यु ए उपरथी महावीर अन बुद्ध ए बन्नेए पोताना धर्मनो प्रसार करवा माटे पोताना आप्त सबधीओनी आ कार्यमा विशेष मदद ग्रहण करी जैनोए अने बौद्धोए जे प्रदेशोमा पोताना धर्मनु वर्चस्व महत्व स्थापन कर्यु ते प्रदेशोमा बीजा धर्मो उपर जैनोए अने बौद्धोए स्वमता स्थापन करवामा ते प्रदेशोना जे मोटा मोटा वशोना हता तेमनी साथे थएलो तेमनो सबध घणे अशे कारणभूत थयो महावीरनी माताना सबधथी मगध देशना राजवशनी साथे सबध थयो हतो चेटक राजानी चेलहणा नामनी पुत्रीनु राजगृह-नगरीमा रहेनारा बिंबसार[1] राजानी साथे लग्न थएलु हतु जैनोए अने बौद्धोए बिंबसारने तो महावीरनो अने बुद्धनो आश्रय-दाता तरीके सारी रीते वर्णवेलो छे चेलहणाना उदरथी बिंबसार-नो कुणिक नामनो पुत्र थयो (जैने बौद्ध अजातशत्रु कहे छे)

---

१ श्रेणिक

तेने बौद्ध धर्मना विषये बीलकुल लागणी हती नहीं बुद्धना मृत्यु पहेला ८ वर्षे तेणे बौद्धधर्मने आश्रय आप्यो हतो, एटला उपरथी तेना मनमा बौद्ध धर्म विषे मोटी श्रद्धा उत्पन्न थइ हती एवु यद्यपि कोइ मानतु होय तो ते मात्र मोटी भुल भरेलु छे एमा सशय नथी कारण प्रत्यक्ष रीते जेणे पोताना पितानो वध कर्यो अने दादाना राज्य उपर स्वारी करी ते धर्मने थोडोज माननारो हतो ए देखीतुज छे कुणिके प्रथम बौद्ध धर्म विषे बीलकुल सहानुभूति न दर्शावता पाछळथी तेणे बौद्धधर्मने आश्रय शा माटे आप्यो ? एनु कारण हव आपणी ध्यानमा सहज आवशे. जे प्रमाणे तेना पिताए अगदेशनु राज्य पोताना राज्यनी साथे जोडी दीधु हतु तेज प्रमाणे विदेहदेशनु राज्य पोताना राज्यनी साथे जोडवानी व्यूह रचना तणे पोताना मनमा करी मुकी हती विदेहदेशना लोकोने क्हाडी मुकवाना इरादे नहीं पण ते लोकोने पोताना ताबामा राखवाना हेतुथी तेणे पाटलीग्राममां एक मोटो किल्लो बाध्यो अने पछी हळवे रहीन पातानो दादो जे विशालानो राजा तेनी साथे टगे उपस्थित कर्यो विशालीनो राजा महावीरनो मामो थतो हतो एवा ते जैन धर्मना आश्रयदाता उपर ज्यारे स्वारी करी ते कारणथी जैनधर्मी लोको तेना

उपर गुस्से थया तेथी हव कुणिके तेमना प्रतिस्पर्धी जे बौद्ध तेओने आश्रय आपवानो निश्चय कर्यो एज बौद्धलोकोनो पोताना पिताना प्रीतिपात्र होवाथी तणे नणो छळ करी छेवटे तेमनो वध पण कर्यो हतो (१) अजातशत्रुन हव जय मळ्यो तेथी तेणे विशाळी नगरी पोताना ताबामा लीधी हती तथा नन्द अने मोर्य एमना साम्राज्यनो पायो तेणे नाख्यो मुक्यो हतो ए प्रमाणे मगध राज्यनी सीमा वध्या पछी बने धर्मीओन पोतपोताना धर्मनो प्रसार करवा माटे विपुल क्षेत्र मळ्यु अने तेज प्रमाणे ए प्रदेशोमा आ बन्ने धर्मोनो प्रसार नणीज झडपथी थयो ते वखतना बीजा अनेक पथो तेवान सकुचित रही जैन अने बौद्ध ए बन्ने धर्मानोज उदय शा माटे थयो ? एनु स्वभाविक कारण जोतां कुणिके करेलो मगध दशनो राज्यविस्तार एज होवो जोइए एमा सशय नथी एम महावीरना सपूर्ण चरित्रनो विचार हवे लखवा वेसना नथी पण केवळ जैना योगथी बुद्धमा अने तेनामा जे तफावत छे ते समजाय तल्लीज बाबतोनु दिग्दर्शन करीए छीए

वर्धमान ए काश्यप गोत्रीय हता मा बाप मरता सुधी ते पोताना घरमाज हता तेमनी पाछळ तेनो नदिवर्धन नामनो मोटो

भाई हतो ते वडिलोपार्जित सस्थाननो मालिक थयो ते वखतना जे मताधीशो हता तेनी अनुमतिथी तेणे सन्यास लीधो ११ वर्ष सुधी तपश्चर्या करी जुदा जुदा जगली लोकोना प्रदेशो जोया एक वर्ष सुधी तेणे दिगबर व्रत धारण कर्यु हतु बार वर्ष ए प्रमाणे नित्या पछी वर्धमानने केवलज्ञान प्राप्त थयु ने पछीथी तेने शाक्यमुनि प्रमाणे सर्वज्ञ, सर्वशक्ति, तीर्थकर अने महावीर एम कहेवा लाग्या छेल्ला त्रीस वरसनो बधो वखत तेणे लोकोने धर्मोपदेश आपवामा अने यतिजनोनी गणादिक व्यवस्था करवामा गाळ्यो हतो आ यतिजनोने तेनी मातृद्वारा अग, मगध, अने विदेह ए स्थानोमाना जे आप्त सबधीओ चेटक, श्रेणिक अने कुणिक नामना राजाओ हता तेमना तरफनो आश्रय मळ्यो दिक्षा लीधा पछी वर्षाऋतुना बधा दिवसो तेणे नमीकना शहेरमा गाळ्या छतां तेणे पश्चिम तरफ श्रावस्ति सुधी अने उत्तर तरफ हिमालय सुधी प्रवास कर्यो हतो तेमना मुख्य अग्यार गणधर हता तेओना नाम श्वेतांबर अने दिगबर ए बन्नेए जे आपेला छे तेमां बील्कुल मतफेर नथी महावीरना चरित्रमां मस्करीनो पुत्र जे गोशालक तेणे तेनी साथे करेली

१ एक वर्ष सुधी वस्त्र धारण कर्यु हतु एवु जैनोनु मतव्य छे

स्पर्धी अने तेमा महावीरने मळेलो विजय अने छेवटे पपार्मा थएलु तेनु मृत्यु ए विगतो विशेष विचार करवा जेवी छे जैन ग्रथो शिवाय महावीरना चरित्रनी माहिती बौद्धोना ग्रथोमा पण मळी आव छे बौद्ध लोकोए तेने नटपुत्र एवु नाम आपीने ते निग्रथनो मुख्य अने बुद्धनो प्रतिस्पर्धी हतो एवु वर्णन कर्यु छे बौद्ध ग्रथोमा महावीरनु गोत्र अग्निवैशायन एम आप्यु छे तो हवे खर जोता तेमना शिष्य ज सुधर्मा तेनु ते गोत्र हतु महावीर अने बुद्ध बन्ने समकालीन होवाथी बिंबसार अने तेना अभयकुमार, अजातशत्रु, लिखिवामह, गोशाल (मखलीपुत्र) विगेरे राजपुत्रो पण तेओनाज समकालीन हता जैन लोको तेनी जन्मभूमी विशालीनी आसपास हती एमज कहे छे तेना तेनी साथे सारी रीते मेळ खाय छे उदक सर्व जीवमय छे विगेरे जैन धर्मना मतनो अनुवाद बौद्ध ग्रथोमा करेलो मळी आव छे बौद्ध लोकोए नटपुत्रना मृत्युनु पपा (पावापुरी) नामनु जे स्थान आप्यु छे ते अचुक बराबर छे महावीरनी बुद्धनी साथे सरखामणी करीए तो बुद्धना अने महावीरना आयुष्यक्रममा जे विलक्षण सरखापणु मळी आव छे तेनु साहजीक कारण एवु हतु क ते बन्ने सन्यासीओ हता

महावीरना केटलाक आप्त सबंधीओना नामो बुद्धना आप्त-सबंधीओनी साथे सारी रीते मेळ खाय छे महावीरनी स्त्रीनु नाम यशोदा त्यारे बुद्धनी स्त्रीनु नाम यशोधरा हतु महावीरना ज्येष्ठबधुनु नाम नंदिवर्धन हतु त्यारे बुद्धना सावका भाईनु नाम नद ए बुद्ध राजा हतो ते वखते तेनु नाम सिद्धार्थ हतु त्यारे महावीरना पितानु नाम सिद्धार्थ हतु नामोमा साम्य होवानु कारण एटलुज के ते वखते एवा प्रकारना नामो राखवानो विशेष रिवाज हतो बन्ने क्षत्रियपुत्रोए ब्राह्मणोना धर्म विरुद्ध धर्म स्थापन कर्या एमा आश्चर्य मानवाने बीलकुल कारण नथी ब्राह्मणो जेमने मिथ्या सन्यासीओ मानता हता ते ए बौद्धोज हता. बन्नेमानो तफावत खोळी काढवा माटे हवे आपणे बुद्ध अने महावीरना जीवनक्रममानी केटलीक बाबतोनो विचार करीशु

१ बुद्धनो जन्म कपिलवस्तु शहेरमा थयो	१ महावीरनो जन्म विशाली नगरीनी पासे थयो
२ बुद्धनी माता तेनो जन्म थनाज मृत्यु पामी	२ महावीरना मा बाप घणो मोटो थता सुधी हयात हता
३ बुद्धे पोताना वडीलोनी परवानगी न लेता अने तेमनी	३ महावीरे पोताना वडीलोनी-परवानगी लई तेमनी समक्ष

हयाती छतां सन्यास लीधो	सन्यास लीधो
३ बुद्धे ६ वरस तपश्चर्या करी	४ महावीरे १२ वरस तपश्चर्या करी
५ तपश्चर्यानो काळ फोगट छे एम बुद्धनो मत हतो	५ तपश्चर्या जरूरनी छे एम महावीरनो मत हतो माटे जे तेणे तीर्थकरना निर्वाण (१) पछी तपश्चर्यानु मत पाळ्यु
६ बुद्धनु देहावसान कुशि-नगरमां थयु	६ महावीरनु देहावसान पपा (पावापुरी) शहेरमा थयु

महावीरना चरित्रनु एटलु विवेचन करवानु कारण एटलु ज के, जैन धर्मनी उत्पत्ति बुद्ध धर्ममाथी न होईने बीलकुल स्वतंत्र छे के नहीं एनो निकाल करती वखत तमाने घणी बाबतो उपयोगी थई पडशे कटलाक पंडितो महावीर अने बुद्ध ए बने जुदा जुदा महापुरुषो हता एम तो माने छे छतां ते उपरथी पण आ शंकायुक्त प्रश्ननो निकाल थाय छे एम समजता नथी जैनसाहित्य विषे लखता प्रोफेसर वेबर एम कहे छे के जैन ए अति प्राचीन बौद्ध धर्मीओनी एक शाखा होय

१ तेमना अनुयायीओए तपश्चर्या करवानु कायम राख्यु.

जैनधर्म बौद्धधर्ममाथी नीसळ्यो होवो जोईए एम मान-वा तरफ मोटा मोटा पंडितोनी प्रवृत्ति थवानु कारण बन्ने धर्मोमां जे साम्य देखाय छे ते छे ते विषे हवे आपणे विचार करवो जोईए जैन धर्म ए बौद्ध धर्मनी शाखा होय एम प्रोफेसर लेसने चार अत प्रमाणोथी सिद्ध करी बताव्यु छे ते विषे हवे क्रमवार विचार थशे

बन्ने धर्मोमा तेमना सस्थापकोने जिन,अर्हत, महावीर, सर्वज्ञ, सुगत, तथागत, सिद्ध, बुद्ध, संबुद्ध, परिनिर्वृत्त अने मुक्त एवा नामो आपवामा आव्या छे घणा वखतना सम-यने अनुसरीने बन्नेना ग्रथोमां उपरना नामो अपायां परतु तेमां विशेष एटलुज के जिन अने श्रमण ए सिवाय ते सवथी केट-लाक नामो एकपथमाना लोकोए विशेष पसद कर्या अने केटलाक तेमना विरुद्ध बीजा पथमाना लोकोए विशेष अर्थनी दृष्टिथी पसद कर्या

उदाहरण तरीके—बुद्ध, तथागत, सुगन अने संबुद्ध एवा शाक्यमुनिना हमेशानाज नामो छे मह वीरनी साथे एवा नामोनो प्रसगविशेषज उपपद तरीके उपयोग करवामां आवतो

तेज प्रमाणे **वर्धमान**ना उपपदार्थक जे **वीर** अने **महावीर** एवा शब्दो तेज प्रमाणे उपपदना अर्थे उपयोगमा लीधेला जणाई आवशे

तीर्थंकर शब्दना ते एथी पण जुदा स्वरूपे उपयोग करता हता जैनोना मत प्रमाणे **तीर्थंकर** एटले धर्मसस्थापक अने तेज **तीर्थंकर** शब्द बौद्ध अनुयायीओना मतमा बुद्धधर्मविरुद्ध नास्तिक-पथ काम्नाराओना माटे वपराएलो छे **सुगत** अने **तथागत** विगेरे शब्दोमाथी हरएक पथानुयायी तेमना केटलाक विशेष शब्दो पसद करी पोताना ग्रथोमा वापरता हता ए उपरथी शु सिद्ध थाय छे ? ते शब्दो जैनोए बौद्धो पासेथी लीधा एम सिद्ध थई शके सर ? बिल्कुल नहींज कारण उपरना शब्दनो धात्वर्थी करतां काई जुदाज अर्थे एक वखत एनो नक्की उपयोग थई चुक्यो एटले पछी एक तरफ ते शब्दनो उपयोग तेज अर्थमा करवो जोइए अथवा तो ते शब्दनो कायमनो त्याग करवो जोईए *तथागत*, *सुगत*, विगेरे शब्दोना एक वखत अर्थ करी चुक्या पछी जैनोए तेओना पासेथी ते शब्दो लेईने तेज अर्थमा वापरेला होय एम सभवतु नथी ए विष विचार करता एम देखाय छे के सामान्य माणसो करता विशेष सद्गुणी पवित एवा पुरुषोने

लगाडवा जेवा केटलाक विशेषणो अने शब्दसमुदाय होय छे ते प्रमाणे ते वखते मोटा मोटा सद्गुणी महान् पुरुषोने लगाडवा जेवा केटलाक विशेषणो अने नामो होय छे ते शब्दोना मूळ अर्थने अनुसरीने ते वखते तेवा शब्दो अनेक महान् पुरुषोने लगाडता हता पछी तेवा शब्दो पोताना विरुद्ध पयोमा लोकोए पोताना धर्मसस्थापकोने लगाड्या ए कारणे अथवा पोताना महान् लोकोत्तर सद्गुणयुक्त धर्मसस्थापकोने लगाडवा तेवा शब्दो अयोग्य लागेला एटले पछी ते शब्दोनो धर्मसस्थापकोना उपपद अर्थे उपयोग थवा लाग्यो उदाहरण तरीके— तीर्थकर शब्दनो योगरूढार्थ देखीए तो धर्मसस्थापक एवो थाय छे जैनधर्मग्रथोमा तेवा अर्थे ते शब्द वापरेलो छे परतु बौद्ध लोको ते शब्द तेना मूळ अर्थे न वापरता नास्तिकपथप्रवर्तकोने लगाडता रह्या एज कारणथी बौद्ध लोको पोते जैनधर्मना द्वेषिओ छे एम स्पष्टपणे दर्शावे छे बुद्ध शब्दनो मुक्त एवा अर्थे उपयोग करे छे जैन—ग्रंथोमा एवा अर्थे ए शब्दनो घणा वखते उपयोग कर्यो छे. परतु बौद्धग्रथोमा बुद्धशब्दनो धर्मसस्थापक एवा अर्थेज उपयोग करेलो मळी आवे छे उपरनी हकीकतनो सार काढीए तो एटलोज देखाय छे के बौद्धलोकोए ज्यारे उपरना शब्दोनी

परिभाषा गोठवेली त्यारे तेमनु जैनोनी साथे सन्य तो नहोतुज पण तेमनो तेमनी साथे झगडो थाउनो हतो

जैनो करतां बौद्धो पूर्वेना एम नक्की करवाने माटे–प्रोफेसर लेसने एक प्रमाण आप्यु छे ते कहे छे के बने धर्मोमा तेमना धर्मसस्थापकोना मृत्यु थया पछी तेमनी मूर्तिओनी प्रतिमा विगेरेनी देवळोमा पूजा करे छे जगतमां आज सुधी जे अनेक धर्मसस्थापको थया के जेमणे बुद्ध प्रमाणे अमे सर्वज्ञ सर्वशक्तिमान् छीए एम लोकोने दर्शाव्यु ते पैकी जैन अथवा बुद्ध एमना अनुयायीओ शिवाय कोईए पण जैन अने बुद्ध प्रमाणे पोताना धर्मसस्थापकोना ईश्वरोने मान आपेलु नथी तेवाज कारणथी अर्थात् एक तो बौद्धो पासेथी जैनोए आ पद्धति लीधी होवी जोईए अथवा तो बौद्धोए जैनोनी पासेथी लीधी होवी जोईए ए शिवाय त्रीजी उत्पत्ति लागु थती नथी

आम छता पण ए मूर्तिपूजानो अने मूळना जैनधर्मनो अथवा बौद्धधर्मनो एक बीजानी साथे कोईपण प्रकारनो सबध नथी कारण साधुपूजा, प्रतिमापूजा अथवा चैत्यवदन विगेरेनी बाबतोनु मूळ जोतां तेनो आरभ मूळना यतिजनोनी साथ न होईने गृहस्थजनोनी साथे विशेष देखाय छे सामान्यजनोने

तेमना प्राचीन परंपरागत यक्ष, भूत, पिशाच देवताओ करतां काईपण विशेष पूज्यतम भाव होवो जोईए एम ज्यारे भास थवा लाग्यो, त्यारे उपरनो प्रकार (प्रतिमापूजा विगेरे) गृहस्थ-जनोना तरफथी हळवे हळवे प्रचारमा आवेलो होवो जोईए. प्रतिमापूजा चैत्यवंदन विगेरे विशेष प्रकारो उत्पन्न थवानु कारण ते वखते ८४ लक्ष योनिओना फेरीमाथी पार उतरवानो भक्ति-मार्ग एज एक रस्तो छे एवो भरतखंडमा ते समये प्रचलित थएलो मत होय त्यारे जैनोए तीर्थकरादिकोनी पूजा विगेरे विधिओ बौद्धो पासेथी लीधी अने बौद्धोनी ते विधिओ मात्र स्वयंभ हती एम मानवा करता ते वखते भरतखंडमां जे सामान्य धार्मिक उत्क्रांति चालेली हती ते मूळ कारणथीज बनेए पोतपोतानी विधिओ लीधी एम मानवु ए वधारे सयुक्तिक लागे छे. बन्ने धर्मोमा बीजु एक साम्य 'अहिंसा परमो धर्म.' ए पण छे ते विषे आगळ एकाद वखत विचार करीशु

उपरना सिद्धांतोनु समर्थन करवा माटे प्रोफेसर लेसने थोडुं एक प्रमाण आप्यु छे, ते ए छे के जैन अने बौद्ध ए बन्ने सृष्टिनी उत्पत्तिना काळनी कल्पनातीत अपरिमेय संख्याथी गणना करे छे. जैन शास्त्रोमा पल्ये, युगो विगेरे विषे जे तेओनो हिसाब छे तेमां

तेओ एवी कल्पनाओ बौद्धो उपरथी लेंची होय एम नथी तोपण ए कल्पना तओए ब्राह्मणो पासेथी लीधी होय एम विशेष संभवनीय लागे छे युगो विगेरनी कालगणना विषे जैनोए बौद्धो करता अने ब्राह्मणो करता पण मुख्य बाबतमा एक विचित्र नवीन योजना काढेली छे जैनोए उत्सर्पिणी, अवसर्पिणी अने आरा एवा नामथी कालगणनानी पद्धति काढेली छे तेनी उत्पत्ति बौद्धोना ४ मोटा अने ८० नहाना कल्पोमाथी पण काढी शकाय तेम नथी अने तेज प्रमाणे ब्राह्मणोना कल्पोमाथी अने युगोमाथी पण काढी शकाय तेम नथी तेमनी उत्सर्पिणी अने अवसर्पिणी ब्रह्मदेवनी रात्री दिवसथी नीकळी होवी जोईए एम लागे छ

अहिंसा विषे पछी विवेचन करीशु एम पाछळ कहेलुज हतु तेथी ते विषये हव थोडु विवेचन करीशु प्रोफेसर वेबेरे जनोना पांच मुख्य धर्मो अने बौद्धोना दश धर्मो एमा निकट साम्य छे एम बताव्यु छे ते नीचे प्रमाणे –

* बौद्ध यतिओना १० धर्मो त नीचे प्रमाणे—

१ प्राणिओनी हिंसा नहि करवानु व्रत

---

* आ मतोनी बाबतमा–डॉ हर्मन् जेकोबीना लेख साथे अक्षोनी गोठवणीमां फरक पड छ

१ चोरी नहि करवानु मत
१ अपवित्र कृत्य नहि करवानु मत
१ असत्य नहि बोलवानु मत
२ असत्य भाषण करवु नहि (अहिंसा)
३ अदत्त वस्तुनु ग्रहण करवु नहि (अस्तेय).
४ ब्रह्मचर्य धारण करवु (ब्रह्मचर्य)
५ अने ऐहिक वस्तु उपर ममत्व राखवो नहि
बौद्धो अने जैनोना ५ मतो बीलकुल सरखा छे

आ साम्य जोता ए पैकी कोईए पण बीजानी नकल करेली होवी जोईए एम मानवुज ठीक देखाय छे तो पण आ मतो जैनोए बौद्धो पासेथी लीधा के बौद्धोए जैनो पासेथी लीधा ए वाद तो हजु कायम छे ते छेज तेनो आ उपरना प्रमाणोथी कांई पण नीकाल थई शकतो नथी हवे ए विषे त्राहित दृष्टिथी विचार करीए तो एम जणाई आवशे के आ मतो मूळना जैनोना पण नथी परतु बनेए आ मतो त्रीजा पासथी (ब्राह्मण सन्यासीओ पासेथी लीधा छे) एवु सप्रमाण सिद्ध थाय छे (जुवो बौद्धायन स्मृति २–१०–१८ मुम्बु भाषातर Sacred Book in the East) भाग १४ पानु २७५

६ प्रगति अने सद्गुण नष्ट करनारा मादक द्रव्योनु सेवन नहि करवानु व्रत

२ निषिद्ध समये भक्षण नहि करवानु व्रत

७ गायन, नर्तन, वादन अने नाट्य इत्यादियी दूर रहेवानु व्रत

८ भूषण, अलंकार, हार, सुगंधी द्रव्यो विगेरेनु सेवन नहि करवानु व्रत

९ मोटी शय्या नहि स्वीकारवानु व्रत

१० सुवर्ण अने रौप्यनु ग्रहण न करवानु व्रत

ए शिवाय बौद्धोनी बीजी ८ विधिओ छे ते पैकी प्रत्येक बौद्धे पहेली ५ विधिओ पाळवीज जोईए अने छेवटनी गृहस्थोना माटे छे ते आठ धर्म नीचे प्रमाणे—

१ जीवहिंसा करवी नहि.
२ आप्या वगर लेवु नहि
३ असत्य भाषण करवु नहि
४ मादक द्रव्योनु सेवन करवु नहि.
५ व्यभिचार करवो नहि.

६ रात्रे निषिद्ध अन्न खावु नहि.

७ माळा, सुगंधी द्रव्यो विगेरेनु सेवन करवु नहि.

८ चटाई उपर उंघवु.

बौद्धोना ९ व्रतो जैनयतिओना ९ व्रतोनी साथे सारी रीते मळी जाय छे

१ हवे जैन अने बौद्ध एमना यतिओना आचार विचारोनो उद्भव क्याथी थयो हशे? ए विषे पण आपणे शोध करवाना छे संन्यासाश्रमनी अनेक विधिओ जैनोए अने बौद्धोए ब्राह्मण सन्यासीओना नियमो उपरथी लीधी छे एवो फक्त अमारोज मत नथी डॉक्टर ब्युलरे बौद्धायन सूत्रनु भाषातर कर्यु छे तेमा तेणे पोतानो मत एवोज दर्शाव्यो छे प्रोफेसर केर्ने ' भरतखड-माना बौद्धोनो इतिहास ' नामनो ग्रथ कर्यो छे तेमा पण पोतानो मत अमारा प्रमाणेज आप्यो छे. जैनोना यतिओना जे नियमो छे ते ब्राह्मणोना चतुर्थाश्रमना नियमोनी केटलीक आवेहुब नकल छे ए स्पष्ट रीते दर्शाववा माटे हवे अमे गौतम अने बौद्धायन स्मृतिमाना सन्यासीओना नियमोनी जैनयतिओना नियमोनी साथे तुलना करीने बतावीशु एटले घणा ठेकाणे बौद्धोना नियमो

पण स्मृतिमाना नियमोनी साथे मळे छे ते हव स्पष्ट रीते ध्यानमा आवशे

११ सन्यासीए धान्यनो सग्रह करवो नहीं बौद्ध अने जैनयतिओने पण सासारिक प्रमाणे सग्रहनो निषेध छे (जैनोनु ९ मु मत जुओ) जैन यतिओ पोतानी साथे भिक्षापात्र, * कुचलो, कपडा विगेरे जे काई राखे छे ते पण तेमनी माल्मत्ता होती नथी पण धार्मिक विधि माटे आवश्यक छे ए दृष्टियी ते राखे छे

१२ सन्यासिओए ब्रह्मचर्य पाल्वु, बौद्धायनस्मृति प्रमाणे अने जैनयतिओना नियमो प्रमाणे आ बन्नेनु चोथु मत छे बौद्धोना यतिओनु ए पाचमु मत छे

१३ पर्जन्यकालमा सन्यासिए एकज शहेरमा रहेवु ए उपरथी एम देखाय छे के, बौद्ध अने जैन एमनु वसो नामनु जे मत छे ते पण ब्राह्मणो पासेथीज लीधेलु होवु जोईए

१४ तेणे नाना गाममा फक्त भिक्षा माटे जनु जैनोनो नियम ए बाबतमा एटलो कडक नथी जैनयतिओने शहेरमा अगर गाममा सुवानी परवानगी छे, तोपण तेणे त्या वधारे दिवस

* रजोहरण

मुकाम करवो नहीं महावीर शहेरमा ५ दिवस करता वधारे अने गाममा १ रात्रि करता वधारे रहेता नहोता

१५ सन्यासिए मोडा भिक्षा माटे जवु (लोकाना घरनु जमण थया पछी) जैनयति सवारे अथवा बपोरे पोतानी भिक्षा आणे छे एनु कारण जमवाना वखते जता आवता भिक्षा "माटे" निकळता पोताना प्रतिस्पर्धिओनी मुलाकात थवानो सभव होय छे ते टाळवा माटे तेओ सवारे अथवा बपोरे जता हशे जैनयति घणा भागे दिवसमा एकज वखत भिक्षा माटे निकळे छे एक दिवस करता वधारे उपवास कर्या होय तो तेओ बे वखत पण भिक्षा माटे जई शके छे

१६ मिष्टान्न भक्षण विषे इच्छानो त्याग, जैनयतिओना पाच महाव्रतो पैकी चोथा व्रतमा एज कहेलु छे

१७ वाचा, नेत्र अने कृति एनु नियमन करवु जैनोनी त्रण गुप्तिओनी साथे अथवा काया वाचा अने मन एना सयमनी साथे ए घणा अश मळे छे

१८ गुप्तेंद्रियोनु आच्छादन करवा माटे तेमणे वस्त्र धारण करवु पोषाक विषे जैनयतिओना नियमो एटला सादा नथी. जैनोना शास्त्र प्रमाणे यतिओ नग्न फरी शके छे अथवा तेओ

केश अने हाथना नखोनु नियमन करवु (काढी नांखवां) एम कह्यु छे सन्यासना वखते जैनो पण केश विगेरे काढी नाखे छे

२३ तेणे बीज नाश करवो नहीं आचारांगसूत्रना बीजा अध्ययनमां जैनयतिए इंडा, जीवता प्राणिओ, बीज विगेरेने पीडा न आपवा विषे अने अतिक्षुद्र प्राणी अथवा वनस्पतिने पण पीडा न करवा विषे जैनयतिओनो घणो कटाक्ष छे

२४ कोई उपकार करो अथवा अपकार करो त सर्वेनी साथे उदासीन पणे वर्त्तवु

२५ ऐहिक अथवा पारत्रिक कल्याण * विष पण प्रयत्न करवो नहीं

छेवटना बे नियमो जैनग्रन्थोमा पण मळी आवे छे कारण जैनधर्मनु पण धोरण उपरला नियमोना धोरण प्रमाणेज छे महावीरे उपरना बन्ने नियमोने अनुसरिनेज पोतानु वर्त्तन राख्यु हतु चार महिना करता वधारे काळसुधी नानाप्रकारना जीव, जन्तुओ तेना शरीर उपर चरता अने फरता, तमने वेदना पण उत्पन्न करता, तेमणे घास, ठंडी, पवन, अग्नि अन मच्छरो

* इन्द्रियोना सुखन माटे

एमना सम्बन्धथी जुदा जुदा प्रकारना दु खो सहन कर्यां तेणे नाना-
प्रकारना दैवी अने मानवी प्राणिओथी उत्पन्न थनारा सर्व
प्रकारना सुखदायक अने दु खदायक प्रसगो पणी धीरजथी
सहन कर्या

सन्यासाश्रमनी छेल्ली स्थितिमा जीवन मरण विषे सन्यासी
बिल्कुल उदासीन हता बौद्धायनसूत्रमाना अनेक नियमो जैनोना
नियमोनी साथे बिल्कुल नजीकमा मळे छे यतिए कायिक,
वाचिक अने मानसिक रीतिथी कोई पण सूक्ष्मप्राणिने इजा करवी नहीं-

जेना विषे पहेली योजना करेली नथी अने जे अकस्मात्
प्राप्त थयु छे एवा प्रकारनु अयाचित अन्न सन्यासिए भक्षण करवु
तेनु पण प्रमाण शरीर धारणने जेटली जरूर होय तेटलुज ते होवु
जोईए ए विषे जैनयतिओना नियमो, बौद्धायनस्मृतिमा ब्राह्मण-
सन्यासी विषे जेवा नियमो छे तेज प्रमाणे छे एम जणाई आवशे-
ए विषे बौद्धभिक्षुनो काई विशेष कटाक्ष नथी तेनामा तेओना
भोजननी पहेली व्यवस्था करी मुकी होय तोपण चाले छे अने
भोजनना आमत्रणो आवे तोपण ते स्वीकारे छे ब्राह्मणसन्या-
सिओना अने जैनयतिओना नियमोनी आपणे उपर जे तुलना
करी ते उपरथी जैनोए ब्राह्मणोना नियमोनु अनुकरण करेलु होय

जोईए एम सिद्ध थाय छे कारण एटला नहाना प्रदेशमाना बौद्ध-यतिओनु सर्व भरतखंडमा प्रसरेला सन्यासिओए अनुकरण कर्यु होय एम मानवु ते असमान्य लागे छे सिवाय गौतमस्मृतिकार बौद्धधर्मस्थापनाना पहेला थइ गयो छे प्रोफेसर ब्यूलरना मत प्रमाणे आपस्तंबसूत्र इ स पहेला ४००–६०० वर्ष पूर्वे रचेलु होवु जोईए तेज प्रमाणे ब्युलरना मतथी बौद्धायन, आपस्तंब करता पुष्कळ प्राचीन छे १०३६ वर्ष नहीं पण कटलाक सैकाओ प्राचीन होवो जोइए एवो तेमनो मत छे बौद्धायनसूत्र करतां गौतम स्मृतिकार प्राचीन, अने गौतम अने बौद्ध ए बन्ने पण बौद्धधर्मस्थापनाना पूर्वेना हता अर्थात् तेवाज कारणथी ए बन्नेए बौद्धोनु अनुकरण कर्यु एम कहेवु असबद्ध छे ए स्पष्ट छे कदाच ब्युलर साहेबनी कालगणनामा भूल थई हशे एम गणिए अने बौद्धधर्म पछी ए बन्ने स्मृतिकार थया एम तुष्यदुर्जनन्यायथी उलाच मान्यु तोपण ब्राह्मणोए बौद्धो पासेथी पोताना सन्यासना नियमो लीधा होवा जोईए एम मानवु युक्तिविरुद्ध थाय कारण सर्वत्र प्रगट नास्तिक गणाएला बौद्धोना नियमोनु अनुकरण ब्राह्मणोए कर्यु होय ए कवी रीते सभवे ?, हवे ए उपर केटलाक एम कहेशे के, बौद्धोए ब्राह्मणोनु अनुकरण कर्यु एम तमो कहो

छो ते पण केवी रीते समज ?, कारण चोकखी रीते ढंपी गणाएला ;
ब्राह्मणोनु बौद्धो केवी रीते अनुकरण करशे ? तो तेनो उत्तर ए
छे के, बौद्धधर्मनी स्थापना वखते बौद्धो पण ब्राह्मणोने तेओनी
विद्वता बद्दल अने नीति माटे घणु मन्मान आपता माटे बौद्धोएज
ब्राह्मणोनु अनुकरण कयु तोपण जैनोए खुद ब्राह्मणोना नियमोनु
अनुकरण कर्युं के बौद्धोए ब्राह्मणोनु अनुकरण कर्युं अने बौद्धोनु
जैनोए अनुकरण कर्युं ? ए प्रश्न तो हजु रहे छेज ए शकानु
निराकरण बे प्रकारथी थई शके छे एक तो जैनोए अनुकरण
करवानु ते बौद्धो करता ब्राह्मणोनु अनुकरण करवु तेओने वधु
प्रशस्त लागशे कारण एक तो नास्तिक गणाएला बौद्ध मार्फत
अनुकरण करवा करता प्राचीन कालथी मन्मान पामला ब्राह्म-
णोनुज खुद अनुकरण करवु विशेष समजनीय लागे छे शिवाय
केटलेक ठेकाणे जैनोए जे ब्राह्मणोना नियमो लीधा ते बौद्ध-
ग्रन्थोमां मळी आवता नथी (बौद्धोए ते लीधा नथी). जो
बौद्धोए ब्राह्मणो पासेथी नियमो लीधा अने बौद्धो पासेथी जैनोए
लीधा एम मानीए तो उपरना बौद्धग्रन्थोमा नही होय एवा
परन्तु ब्राह्मणग्रन्थोमा अने जैनग्रन्थोमा मळी आवनारा निय-
मोनी उत्पत्ति शुं ? अर्थात् तेवाज कारणथी जैनोए बौद्धो मार्फत

अनुकरण न करता ब्राह्मणो पासेथी ते नियमो लीधा एज सिद्ध थाय छे *

हवे कदाच कोई एम कहे के, ब्राह्मणोए सन्यासिओना नियमो जैनो पासेथी अथवा बौद्धभिक्षुओ पासेथी लीधा एम केम न मानिए ? आ आक्षेपनो एक उत्तर छे, ते आ प्रमाणे—ब्राह्मणोना चारआश्रमो पैकी छेल्लो चोथो आ सन्यासाश्रम छे आ सन्यासाश्रम ब्राह्मणसस्था उत्पन्न थवाना पूर्वे पण हतो एम यद्यपि मानी शकाय नहीं तो पण ते आश्रम जैन अथवा बौद्ध करता घणो प्राचीन हतो ए निर्विवाद छे

बीजु—ब्राह्मणसन्यासिओ आखा हिंदुस्तानमा प्रसरेला हता अने बौद्धयतिजनोनो धर्म स्थापन थयाने बे सैकाओ थया तो पण तेनो प्रसार नियमित प्रदेशोमाज हतो, सन्माननीय अने

---

* पृ ८५ थी लइने अहिं सुधी जे जे विचारो करवामां आव्या छे ते प्राय जैनधर्मनी सामान्य कथाओने जोवा वाला लेखकोना विचारोने लईनेज करवामा आव्या छे, बारीक दृष्टिथी विचारीए तो बौद्ध तथा ब्राह्मणो करतां विशिष्ट—अनेक सूक्ष्मतत्त्वविचाररत्नोने [illegible] करनार जैनधर्मने—यमनियमादि जेवी सामान्य बाबतो बीजा पासेथी लेवानी जरुरी पडेज नहीं आगळ जतां लेखकना खुलासा पण एवाज रूपमां अनेक स्थळोनामा आवशे

विद्वान् एवा ब्राह्मणोनु अनुकरण करवामा बौद्धोने सरमाववानु बिल्कुल कारण नथी ए देखीतुज छे एटला माटेज जैन अने बौद्ध जाते ब्राह्मण नहीं होय छता पण बहुमानथी पोताना प्रयोमां ब्राह्मण शब्द लगाडे छे

हवे केटगाक कहेशे के, आ संन्यास कदाच जैनोए अने बौद्धोए ब्राह्मणो पासेथी लीधो होय तो पण तेनो उद्देश क्षत्रिओनी प्रीतिना माटेज हतो एम देखाय छे

बुद्धे प्रथम मोटा मोटा मडलोने उपदेश कर्या एम ऑल्डेन-बर्गे सिद्ध करीने बताव्यु छे कारण बुद्धे प्रथम बनारसमा जे व्याख्यान आप्यु हतुं तेनो भावार्थ एम छे के, "एमना माटे मोटा वशना मोटा मोटा पुरषो गृहस्थाश्रमनो त्याग करी यतिधर्मनी दिक्षा ले छे" जैनो पण ब्राह्मणो करता क्षत्रियोने विशेष पूज्य गणे छे एम तेमनो धर्मसस्थापक जे महावीर तेनी हकीकत लखता जैन चरित्रकारोए तेना जरायुगर्भने ब्राह्मणश्री देवानन्दाना गर्भाशयमाथी काढीने क्षत्रियाणीना गर्भाशयमा मुक्यो ए उपरथी स्पष्ट देखाय छे एम थवानु कारण जैनलोको एम कहे छे के, तीर्थंकर जेवा धर्मसस्थापकोनो जन्म ब्राह्मण जेवा हल्का कुलमा थतो नथी इतरजातिओना यतिओने ब्राह्मणसन्यासी.

जेवा गणता नहोता एम पण घणा अंशे समजनीय छे आ तरफ तो चारे आश्रमनो अधिकार फक्त ब्राह्मणोनेज छे एवो मन दृढ थयो छे अने तेने मनुस्मृतिनो अध्याय ६, श्लो ९७ नो आधार आपे छे ते उपरनी हकीकत जोता बधा टीकाकारोनो एम मत हतो ते देखातो नथी केवळ आ तरफ मात्र चार आश्रम ब्राह्मणोए ग्रहण करवा, त्रण क्षत्रिओए, ने बे वैश्योए, अने क्षुद्रोए फक्त एकज आश्रम ग्रहण करवो एवी समज थई छे

ए सर्व हकीकत उपरथी एम सिद्ध थाय छे के, अति प्राचीन वखत पण ब्राह्मणेतरयतिवर्ग ब्राह्मणयतिवर्गा करता बिलकुल जुदो गणाएलो होवो जोइए ए खरु नथी, कारण क्षत्रिओने चारे आश्रमनो अधिकार हतो खराजाति राजाओ पुत्रने राज्यकारभार सोंपीने जगल्मा जईने सन्यास लइने रह्या हता एवा वर्णनो छे तेनी उपपत्ति शु ? जनकादि तपस्विओ हता ए सिवाय अनेक क्षत्रिय तपस्विओना दृष्टांत आपी शकाशे

(वारु, त्यारे ब्राह्मण अने ब्राह्मणेतर एवा मार्गा करतां द्विज (ब्राह्मण, क्षत्रिय अने वैश्य) अने द्विजेतर एवा कदाच थई शकशे) ब्राह्मणेतरोना मोक्षना साधनभूत जे चतुर्थाश्रम एमा प्रवेश थतो नहोतो। एटला माटेज बौद्ध अने जैन विगेरे ब्राह्मणोथी

विरुद्ध पर्यो निर्माण थया अने एज कारणथी ब्राह्मणेतरयतिजनोने मोक्षपन्थ सर्वेने सुगम करवा माटे जुदा जुदा पन्थो काढवानी जरूर पडी ब्राह्मणधर्मप्रमाणे अनधिकारी यतिजनोने पोताना जुदा जुदा पन्थो काढवाने वधु शु साधन थयु ए वशिष्ठोक्ति उपरथी सारी रीते ध्यानमा आवशे वशिष्ठ कहे छे, सन्यासिए सर्वेनो त्याग कर्यो तोपण वेदाध्ययननो त्याग ते करी शकता नथी सन्यास लीधा पछी केटलाक पंडितोना मतथी वेदोक्तकर्मकांडनी कई पण जरूर नथी एटलु कारण मल्या पछी शु पूछवु ? केटलाकोए तो कर्मकांड बधज कर्यु, अने वेदपठन पण बध करी दीधु ए विषे वशिष्ठ कहे छे, सन्यासिए कर्मकांडनो त्याग कर्यो तो पण हरकत नथी पण वेदपठन करवुज जोईए. कारण वेदपठन न करे तो ते शूद्र थाय छे माटे तेणे वेदपठन बध करवु नहीं जोईए. वशिष्ठना एना स्पष्ट उपरथी केटलाकोए फावे तेम होय तोपण वेदपठन ते वखते बध कयु ए निर्विवाद छे हवे केटलाकोए वेदपठन बध कर्यु एनो अर्थ थता थता हळवे हळवे केटलाकोए तो वेदोमा कांई तात्पर्य नथी, ते निरुपयोगी भाग छे एम मानवानी शरुआत करी एवा प्रमाणे ब्राह्मणो तरफथी धिक्कार पामेला ब्राह्मणेतरयतिजनोने फावतु आव्यु केटलाक ब्राह्मणसन्यासिओए

भावार्थ—जूओ के जेर, कांटा, सर्पो अने कीडाओनो नेत्रथी के विचारथी पोतानो बचाव करीनेज आपणे आपणी प्रवृत्तिओ करीए छीए तो तेज प्रमाणे अनेकप्रकारथी सृष्टि उत्पत्तिनी कल्पनारूप कुज्ञानना, जीवोनी हिंसा करवाथी पण धर्म जणावनार कुश्रुतिओना, रागद्वेष मोह अज्ञानादिथी दूषितने पण देव तरीके मानवारूप कुदृष्टिना, अने एकान्तनित्यानित्य पक्षना कदाग्रहरूप कुमार्गना दोषोने वर्जिने पूर्वाऽपरविरोधरहित सत्यधर्मना मार्गने शोधिए तो तेमां कया प्रकारनी निन्दा गणाय ? तेनो जरा विचार करीने जुओ ॥ २१ ॥

प्रत्यक्षतो न भगवानृषभो न विष्णु-
रालोक्यते न च हरो न हिरण्यगर्भः ।
तेषां स्वरूपगुणमागमसंप्रभावा-
ज्ज्ञात्वा विचारयय कोऽत्र परापवादः ? ॥ २२ ॥

भावार्थ—हे सज्जनो ! जैनधर्मना प्रवर्त्तक ऋषभदेवने, तेमज विष्णु, महादेव अने ब्रह्माजीने पण आपणामांथी कोईए प्रत्यक्ष नजरे जोया नथी मात्र तेओनुं स्वरूप अने तेमना

गुणो—जैनसिद्धांतथी के वरस्मृतिपुराणादिकथी जाणीने तेमनी योग्यता के अयोग्यतानो विचार करीए, तेथी शु निन्दा करी गणाय ? नज गणाय ॥ २२ ॥

हवे ते देवोनु स्वरूप केवा प्रकारनु छे ते बतावे छे—

विष्णु समुद्धतगदायुधरौद्रपाणि
शम्भुर्ज्वलन्नरशिरोऽस्थिकपालपाली ।
अत्यन्तशान्तचरितातिशयस्तु वीर
क पूजयाम उपशान्तमशान्तरूपम् ॥ २३ ॥

भावार्थ—जुओ के विष्णु भगवान् गदानु शस्त्र हाथमा लई जाणे कोईने मारवाने तत्पर थया होय तेवा भयानकस्वरूप-वाळा देखाय छे तेमज महादेवजी पण मनुष्योना माथानी निन्द्य खोपरीओनी माळा गळामा धारण करवाथी भयानकस्वरूपवाळा जोवामा आवे छे अने जिनेश्वर वीर भगवान् तो अत्यन्तशान्ता-कृति परमयोगीना स्वरूपने धारण करी बेठेला जणाय छे माटे हे सज्जनो ! एक तो विकराळस्वरूपनी मूर्त्ति अने एक परमशान्त मूर्त्ति आ, बेमाथी आपणे कोनी सेवा करवी ? तेनो विचार करीने तमोज अमने कहो एटले बस छे ॥ २३ ॥

रागादिलोपजनकानि वचासि विष्णो-
रुन्मत्तचेष्टितकराणि च यानि शम्भो ।
नि शेषरोपशमनानि मुनेस्तु सम्यग्
वन्द्यत्वमर्हति तु को नु विचारयध्वम् ॥ २६ ॥

भावार्थ—कामी पुरुषोना जेवा राग उत्पन्न करवावाळा विष्णु भगवान्‌ना वचनो छे अने उन्मत्त पुरुषना जेवा महादेवना वचनो छे अने सर्वप्रकारना रोषनी शान्ति करवावाळा जिनेश्वरना वचनो छे, तो आ त्रणेमा क्यो देव वन्दन करवाने योग्य मानवो? तेनो विचार करीने जूओ ॥ २६ ॥

यश्चोद्यत परवधाय घृणा विहाय
त्राणाय यश्च जगत शरण प्रवृत्त ।
रागी च यो भवति यश्च विमुक्तराग
पूज्यस्तयो क इह ब्रूत चिर विचिन्त्य ॥ २७ ॥

भावार्थ—एक देव भक्तोनो रागी बनी हृदयमा दयाहीन थई शस्त्रो धारण करी जीवोनो नाश करवाने तैयार थाय छे अने एक देव रागद्वेषथी सर्वथा रहित आ लोक अने परलोकना दु खोथी बचाव करी प्राणिओने शरणरूपे थाय छे हे सज्जनो ! एक तो

छे रागी अने बीजो छे वीतरागी आ बेमाथी आपणे क्या देवने पून्य तरीके मानवो तेनो लावो विचार करीने कहो ? ॥२७॥

पक्षपातो न मे वीरे न द्वेष कपिलादिषु ।
युक्तिमद्वचन यस्य तस्य कार्य परिग्रह ॥ ३८ ॥

भावार्थ—प्रथम ब्रह्मा, विष्णु, महेश्वरादिक देवोनु स्वरूप यत्किञ्चित् जुदु जुदु कथन करीने हव ग्रन्थकार पोतानी मध्यस्थता प्रगट करीने कहे छे के— मने वीरप्रमुमा पक्षपात नथी, के ते जे कहे ते युक्तिशून्य होय तोपण मानी लउ तेम कपिलादिक देवोमा द्वेष पण नथी, के ते जे काई कहे ते मारे मानवु नहीं' तेवु कई छेज नही मात्र जेनु वचन मने युक्तिवाळु लागे ते ग्रहण करवु ए हु मारी फरज समजु छु ॥ ३८ ॥

अवश्यमषा कतमोऽपि सर्वविज्जगद्धितैकान्तविशाल्शासन ।
स एव मृग्यो मतिसूक्ष्मचक्षुषा विशेषमुक्त किमनर्थपण्डितै ॥३९॥

भावार्थ—आ बधाए मनवादिओना देवोमा कोईने कोई तो जरूर सर्वज्ञ होवोज जोईए अने एकान्तपणे जगतने हितकारी अने विस्तारवाळु जेनु शासन (सिद्धान्त) होय तेवा महापुरुषने आपणे मतिरूपसूक्ष्मचक्षु थी शोधीने मेळवी लेवो जोईए बाकी

अर्थ विनानु घणु कहीने केवळ अनर्थनेज करवावाळा पण्डितोथी आपणा आत्मानु शु हित थवानु छे ? अर्थात् कांईज नहीं ॥ ३९ ॥

हवे नीचेना श्लोकथी शोधवानो उपाय पण बतावे छे—

यस्य निखिलाश्च दोषा न सन्ति सर्वे गुणाश्च विद्यन्ते ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥ ४० ॥

भावार्थ—हवे आपणने जोवानु ए छे के जे देवोमा रागद्वेष मोहादि कोई पण प्रकारना दोषो जोवामा आवता न होय अने जेना चरित्रमा, जेना वचनमा, जेना शास्त्रोमा जे तरफ जोइए ते तरफ तेनामा ज्ञानादिक निर्मल गुणोज जोवामा आवता होय, ते चाहे तो नामथी ब्रह्मा होय, चाहे विष्णु होय, चाहे महादेवना नामथी ओळखाता होय के जिनदेवना नामथी प्रसिद्ध होय, तेवा महापुरुषने अमारो मन नमस्कार छे अने ते अमारो परम देव पण छे ॥ ४० ॥

हवे बधाए देवोना चरित्रो जोता जोता जे देवनु चरित्र निष्पाप लागवाथी जनो आश्रय लीधो छे ते पोताना देवनो नामथी पण बतावे छे—

बन्धुर्न न स भगवानरयोऽपि नान्ये साक्षान्न दृष्टतर एकतमोऽपि चैषां ।
श्रुत्वा वचः सुचरितं च पृथग् विशेषं वीर गुणातिशयलोलतया श्रिता
स्म ॥ ३२ ॥

भावार्थ—जुओ के वीरप्रभु ते कांई अमारो बाधव नथी-तेम ब्रह्मा, विष्णु अने महेश्वरादि देवो ते कांइ अमारा शत्रुओ नथी तेमज आ बधा देवोमांथी कोई पण देवने प्रत्यक्षपणे अमोए जोयो नथी मात्र ते बधाए देवोना जुदा जुदा स्वरूपवाळां, वेमनाज ग्रन्थोथी चरित्रो साभळ्या वीरप्रभुनु चरित्र सर्व प्रकारथी शुद्ध लाग्यु माटे तेमना गुणोना लोलुपी थइने अमोए तमनो आश्रय लीधो छे ॥ ३२ ॥

नास्माकं सुगत न पिता न रिपवस्तीर्थ्या धन नैव तै-
र्दत्त नैव तथा जिनेन न हृत किंचित् कणादादिभि ।
किन्त्वेकान्तजगद्धित स भगवान् वीरो यतश्चामल
वाक्य सर्वमलापहर्तृ च यतस्तद्भक्तिमन्तो वयम ॥ ३३ ॥

भावार्थ—सुगत (बुद्ध) अमारो पिता नथी बीजा (ब्रह्मादि देवो) काई अमारा शत्रुओ नथी तथा आ देवोमांथी कोईए अमोने धन आप्यु नथी तेम जिनेन्द्रे पण आप्यु नथी, अने

कणाद गौतमादि ऋषिओए अमारु धन लेंधी लीधु पण नथी विशेष–कारण एज छे के–एकातपणे जगत्नु हित करनारो तो भगवान् महावीरज छे अने तेनु निर्मल वचन सर्व पापने हरनारु छे माटेज अमो वीरप्रभुनी भक्ति करवावाळा थया छे ॥ ३३ ॥

(४) श्रीहेमचन्द्रसूरिः ।

अढारदेशोना राजाधिराज गूजरातपट्टनाधीश श्रीकुमारपाल महाराजाना गुरुवर्य्य जगत्प्रसिद्ध सर्वज्ञकल्प श्रीहेमचन्द्रसूरीश्वरजी श्रीमहावीरप्रभुना सत्यसिद्धातत्त्वोना स्वरूपथी आकर्षित थई प्रभुना गुणरूपनी स्तुति करता–एक अयोगव्यवच्छेदिका अने बीजी अन्ययोगव्यवच्छेदिका नामनी बे बत्रीशिओनी रचना करेली छे पहेलीमा महावीर प्रभुमा क्या क्या गुणोनी योग्यता छे तेनो, अने बीजीमा अन्यमतना देवोमा क्या क्या गुणोनी अयोग्यता छे तेनो, टुकमा साराश गुथन करीने बताव्यो छे आ बेमाथी बीजी अयोगव्यवच्छेदिका बत्रिशीनी–स्याद्वादमजरी नामनी टीका पूर्वाचार्य श्रीमल्लिसेनसूरिमहाराजा करी गएला छे पण प्रथम बत्रीशीनी टीका नहीं होवाथी तेनो अर्थ भाषामा अमारा गुरु महाराज (श्रीमद्विजयानन्दसूरीश्वरजी–अपरनाम

श्रीआत्मारामजी महाराजा) पोताना तत्त्वनिर्णयप्रसाद ग्रन्थमां विस्तारथी करीने बतावेलो छे, ते जोवानी भलामण करीने हुं अहि आ प्रसङ्ग अनुसरता वे चार श्लोको लखी बतावु छु—

प्रादेशिकेभ्य परशासनेभ्य पराजयो यत्तव शासनस्य ।
खद्योतपोतद्युतिडम्बरेभ्यो विडम्बनेय हरिमण्डलस्य ॥ ८ ॥

भावार्थ—वस्तुने एकान्तपणे नित्यादि अने एकातपणे अनित्यादिरूप एकप्रदेशने मानीने वाद करनारा परमतना वादीओ छे तेनाथी हे भगवन् ! अपेक्षाथी नित्यादि अने अनित्यादिरूप तारा स्याद्वादसिद्धान्तनो जे पराजय छे, ते खजुआना बचाना तेजथी सूर्यमण्डलना तेजनी विडम्बना करवा जेवो न्याय थाय छे ॥ ८ ॥

शरण्यपुण्ये तव शासनेऽपि सन्देग्धि यो विप्रतिपद्यते वा ।
स्वादौ स तथ्ये स्वहिते च पथ्ये सन्देग्धि वा विप्रतिपद्यते वा ॥९॥

भावार्थ—हे भगवन् ! शरण करवाने योग्य अने परम-पवित्ररूप तारा सिद्धान्तमा जे सन्देह करे छे अने फोगटनो विवाद करवा उभा थाय छे, ते पुरुषो खरेखरा स्वादिष्ट अने तथ्यरूप तथा पोताने हितकारक अने सर्वप्रकारथी पथ्यरूप वस्तुमा सन्देह

अने तक़रार करवा जेवोज यथो लई बेसे छे पण अधिकपणु काई करी शकता नथी

तेवा पण्डितो उपर दया उत्पन्न थवाथी ग्रन्थकारे आ काव्यमा पोतानी दिलगीरीज प्रगटपणे करी बतावी छे ॥ ९ ॥

हिंसाद्यसत्कर्मपथोपदेशादसर्वविन्मूलतया प्रवृत्तेः ।
नृशंसदुर्बुद्धिपरिग्रहाच्च ब्रूमस्त्वदन्यागममप्रमाणम् ॥ १० ॥

भावार्थ—हे भगवन् ! हे जिनेन्द्र ! तारा कथन करेला आगम विना बीजा वेदादि आगमो सत्पुरुषोने सर्वप्रकारथी मान्य थइ शके तेम नथी कारण के ते वेदादिआगमोमा हिंसादि असत्कर्मोना मार्गनो उपदेश होवाथी अने वरमूलथी असर्वज्ञ-पुरुषोथी प्रवृत्त थएला होवाथी अने निर्दय तथा स्वार्थसाधक दुष्टबुद्धिवाळा पुरुषोथी ग्रहण थएला होवाथी अमो तने अप्रमाण कहीए छीए ॥ १० ॥

हितोपदेशात् सकलज्ञकॢप्तेर्मुमुक्षुसत्साधुपरिग्रहाच्च ।
पूर्वापरार्थेऽप्यविरोधसिद्धेस्त्वदागमा एव सता प्रमाणम् ॥११॥

भावार्थ—हे जिनेन्द्र ! तारा कथन करेला आगमोमा सर्व जीवोना हितनो उपदेश होवाथी, तथा सर्वज्ञपुरुषोथी बधारण थएला

होवाथी, तेमज मोक्षाभिलाषी सत्साधु पुरुषोए ग्रहण करेला होवाथी अने पूर्वापरनो विचार करता विरोधरहित होवाथी, सत्पुरुषोने प्रमाणरूपे थएलां छे पण उपरना १० मा काव्यमा कहेला हेतुवाळां आगमो प्रमाणरूपे थएला नथी ॥ ११ ॥

क्षिप्येत वाऽन्यैः सदृशीक्रियेत वा, तवाङ्घ्रिपीठे लुठनं सुरेशितुः ।
इदं यथावस्थितवस्तुदेशनं परैः कथङ्कारमपाकरिष्यते ? ॥ १२ ॥

भावार्थ—हे वीतराग भगवन् ! इन्द्रे तमारा चरणपीठमां लुठन कर्युं एम जे मनाय छे ते वात बीजा अन्यमतवाळा चाहे तो उखेडी काढे के चाहे तो पोतानामा सरखापणु करीने बनावो पण आ तमारा तरफथी यथार्थ (पूर्वापरविरोधरहित) कथन थएलुं वस्तुनुं स्वरूप (पदार्थोनुं स्वरूप) छे तेनो इन्कार बीजामतवाळा केवी रीते करी शकवाना छे वारु ? अर्थात् कोई पण प्रकारथी हठावी शकवाने समर्थ थई शके तेम नथी ॥१२॥

यदार्जवादुक्तमयुक्तमन्यैस्तदन्यथाकारमकारि शिष्यैः ।
न विप्लवोऽयं तव शासनेऽभूदहो अधृष्या तव शासनश्रीः ॥१३॥

भावार्थ—अन्यमतना सरळपुरुषोथी मूळमा अयुक्तपणे कथन थएलुं पण ते तेमना शिष्योने गोठतुं न आवता श्रुतिओने

फेरवता गया स्मृतिओमा ऋषिओ पण भिन्न भिन्न विचारो गोठवता गया, अने पुराणोनी लीलानु तो कहेवु ज शु ? हे जिनेन्द्र ! तमारा शासनमा ए उपद्रव थइ शक्यो नथी तेनु कारण एज छे के तमारा शासननी ठकुराईज अधृष्य छे अर्थात् तमारा शासनमा कोईपी पण उपद्रव थई शके तेम छेज नहीं ॥ १६ ॥

यदीयसम्यक्त्वबलात् प्रतीमो भवादृशाना परमस्वभावम् ।
कुवासनापाशविनाशनाय नमोऽस्तु तस्मै तव शासनाय ॥ २१ ॥

भावार्थ—हे वीतराग ! जे यथार्थ सिद्धान्तना बळथी तमारा जेवा परमात्माओना स्वभावने अर्थात् सर्वज्ञपणाना स्वभावने अमो जाणी शक्या छे, अने जे यथार्थ ज्ञाने अमारी खोटी वासनाओना पाशनो नाश करी दीधो छे, तेवा तमारा अलौकिक सिद्धान्तने अमारो नमस्कार थाओ ॥ २१ ॥

अपक्षपातेन परीक्षमाणा द्वय द्वयस्याऽप्रतिमं प्रतीम ।
यथास्थितार्थप्रथनं तवैतदस्थाननिर्बन्धरसं परेषाम् ॥ २२ ॥

भावार्थ—हे वीतराग ! पक्षपातरहितपणे परीक्षा करता पदार्थोना स्वरूपने यथार्थपणे कहेवामा कोई पण प्रकारनी न्यूनता तमारा सिद्धान्तमा थएली अमो जोता नथी अने बीजा मतना ऋषिओनी जुदी जुदी कल्पनाओ ठेकाणे ठेकाणे विरुद्ध गरबड

गोटाळायी भरपूर तेमना सिद्धान्तोमा विपरीतपणानी खामिओ पण ओळी जोता नथी एम बन्नेमा बे प्रकारथी असादृश्यपणाना स्वरूपने अमो प्रत्यक्षपणाथी जोई रह्या छे ॥२२॥

सुनिश्चित मत्सरिणो जिनस्य न नाथ ! मुद्रामतिशेरते ते ।
माध्यस्थ्यमास्थाय परीक्षका ये मणौ च काचे च समानुबन्धा ॥२७॥

भावार्थ—हे परमदेव ! जे परीक्षको मध्यस्थपणु धारण करीने राग अने द्वेषथी सर्वथा मुक्त एवी तारी वीतरागी मुद्राने (मूर्त्तिने) अतिशयशाली न मानता–रागी द्वेषी एवा ब्रह्मा, विष्णु, महादेवादिक देवोनी मूर्त्तिनी साथ एकसरखी गणी ले छे ते जरूर मत्सरवाळा पत्थर मणि अने काच ए बन्नेनु सरखापणुज करी रह्या छे ॥ २७ ॥

इमा समक्ष प्रतिपक्षसाक्षिणामुदारघोषामवघोषणा ब्रुवे ।
न वीतरागात् परमस्ति दैवत नचाऽप्यनेकान्तमृते नयस्थिति ॥२८॥

भावार्थ—हवे छेवटमा हु (हेमचन्द्राचार्य) तमारा (बधाए प्रतिवादिओना) सन्मुख उभो रहीने खास विचार करवा जेवी मात्र बेज वातोनो विचार करवानु उच्च स्वरथी पोकारी पोकारीने कहु छु के— दुनियामा वीतराग जेवो बीजो कोई पण परमदेव

नथी, अने दुनियाना पदार्थोनु यथार्थस्वरूप समजवा माटे अने कान्त विचार विनानो बीजो कोई पण न्यायमार्ग नथी, एम हु तमोने (सर्व मतवाळाओने) निश्चयपणाथी ग्हो बतावु छु के– तमो सर्वे मळीने पण आन्तो विचार तो जरूर करो एम आ काव्यथी सूत्रवी आचार्य महाराज पोतानो करेलो निश्चय कही बतावे छे ॥२८॥

न श्रद्धयैव त्वयि पक्षपातो न द्वेषमात्रादरुचि परेषु ।
यथावदाप्तत्वपरीक्षया तु त्वामेव वीर ! प्रभुमाश्रिता स्म ॥२९॥

भावार्थ—हे वीर भगवान् ! अमोने श्रद्धामात्र थकीज तमाराभा पक्षपात थएलो छे एम नथी तेमज हरिहरादि देवोमां द्वेषमात्र थकीज अरुचि थएली छे एम पण नथी मात्र ते देवोमा यथार्थपणे आप्तपणु (सर्वज्ञपणु) न होईने ते यथार्थपणे आप्तत्वपणु (सर्वज्ञपणु) तमाराभा छे एम खात्रीपूर्वक परीक्षा करीनेज अमो तमने प्रभुपणे मानीनेज तमारा आश्रित थईने अर्थात् किङ्करो थईने रह्या छे बीजु काई पण कारण नथी ॥२९॥

संग्राहक

श्री ।

श्रीहेमचन्द्राचार्यजीना एक बे काव्यनो विशेपार्थ

प्रथम पृ १२४ मा हेमचद्राचार्यनी बत्रीशीमाना दशमा काव्यमा एम कह्यू हतु के—

हिंसाद्यऽसत्कर्मपथोपदेशात्—आ पदनो अर्थ एटलोज के वेदादिक शास्त्रमा हिंसादिकनु कथन होवाथी ते शास्त्रो सत्पुरुषोने सर्वप्रकारथी मान्य थयेलां नथी ते वात–वा० न० उपाध्येना पहलाज लेखथी सिद्ध थएली छे तोपण द्विवेदी मणिलाल नभुभाईना लेखथी स्पष्ट करीने बतावीए छीए जूवो सिद्धातसार पृ ४३ मां लख्यु छे के—

" यज्ञो सबधे एक बात बहु मुख्य रीते विचारवा जेवी छे. घणा खरा मोटा यज्ञोमां एक वेथी सो सो सुधी पशु मारवानो सप्रदाय पडेलो नजरे पडे छे बकरा, घोडा, इत्यादि पशुमाननो बलि अपातो एटलुज नहि पण आपणने आश्चर्य लागे छे के माणसोनो पण भोग आपवामा आवतो ! पुरुषमेध ए नामनो

यज्ञन वेदमा स्पष्ट कहेलो छे, अने शुन शेफादि वृत्तातो पण ए वातनी साक्षी आपे छे वळी आ रक्तश्रावमा आनंद मानवा उपरात सोमपानथी अन छेवटना वखतमा तो सुरापानथी पण आर्यलोको मत्त थता मालम पडे छे परमभावनाना अग्रणीपने पामेला ऋषिओमा आवो सप्रदाय जणाय ए अत्यत आश्चर्य पेदा करनारु छे ने यद्यपि थोडाक वखत सुधी ए रिवाज बध थता पछुने छेटी सुरवानो के पिष्टपशु करवानो रीवाज आपणी नजरे पडे छे "

पुन सिद्धातसार पृ ७३ मा—" विवाह सबधे मधुपर्कनी वात जरा कही लेवा जेवी छे एवो समाचार छ के आवला अतिथिने माटे मधुपर्क करवो जोईए वर पण अतिथिज छे असल जेम यज्ञने माटे गोवध विहित हतो तेम मधुपर्क माटे पण गाय के वल्दनो वध विहित हतो मांस विना मधुपर्क नहि एम अश्वलायन सूत्र कहे छे, ने नाटकादिकोथी जणाय छे के सारा महर्षिओ माटे पण मधुपर्कमा गोवध करेलो छे आश्चर्यनी वात छे के जे गाय आजे बहु पवित्र गणाय छे तेने प्राचीनसमयमा यज्ञ माटे तथा मधुपर्क माटे मारवानो रीवाज हतो ? हाल तो मधुपर्कमा फक्त दहीं मध अने घीज वपराय छे "

मणिलालभाई पोते द्विवेदी छे तेमने घणा दुःखनी साथे आ वे फकरा लखवा पड्या हशे बाकी चारे वेदोमा ठगले ठगले हिंसक श्रुतिओ भरेली छे वधारे जोवानी इच्छा होय तेमणे अमारा गुरुवर्य श्रीमद्विजयानंदसूरीश्वरजी (प्रसिद्धनाम, आत्मारामजी) महाराजाना रचेला अज्ञानतिमिरभास्कर अने तत्त्वनिर्णयप्रासाद आ वे ग्रंथो जोई लेवा वेदोमा केटलुं गहन ज्ञान (?) छे तेनी खात्री थशे

एज दशमा वाक्यनु बीजु पद—असर्वविन्मूलतया मद्दनैः— आ पदनो अर्थ एटलोज के—वेद, स्मृति, पुराणादिक शास्त्रो सर्वज्ञ पुरुष विनाज प्रवृत्तमान थएला छे ते पण तेमनाज सिद्धांतथी सिद्ध थाय छे जुओ—शिवपुराण धर्मसंहिता अध्याय ४७ मां पार्वतीजीने महादेवजी कहे छे के—

ब्रह्मा विष्णुरहं देवि ! बद्धा स्म कर्मणा सदा।
कामक्रोधादिभि र्दोषै—स्तस्मात्सर्वे ह्यऽनीश्वरा ॥७॥

भावार्थ—हे देवि ? (हे पार्वति ?) ब्रह्मा, विष्णु अने हुं एम त्रणे देवो कर्मथी अने काम विकारना दोषथी, तेमज—क्रोध, मान, माया, लोभादिक दोषोथी सदा बंधाएलाज छीए, तेथी अमो सर्वे ईश्वर स्वरूपे नथी

पुन द्विवेदी मणिलाल नभुभाई पण पोताना सिद्धांतसारना पृ ३१ थी लखे छे के—

" अत्रे एटलु निश्चयपूर्वक जणाय छे के–सर्वोपरि कोई सत्तानी भावनासहित अनेक देवता पूजा, एज मूळ धर्म विचारतु रूप होतु जोईए आ वात वेदमंत्रोथी पदे पदे स्पष्ट थाय छे यद्यपि मंत्रोमा अनेक देवतानी स्तुतिओ आव छे, अने जे वखते जे देवने स्तव्यो होय छे ते वखत ते देवने जेटला अपाय तेटला विशेषणादिक आपी परमेश्वररूपे ठराव्यो होय छे तथापि ऋषिओना मनमांथी ए वात खसती नथी के–कोई सर्वनियंता, सर्वोपरि, एक देव होवो जोइए आवा मुख्य ईश्वरनी शोधखाने शोधमा तेओ घडीमा आ देवने, घडीमा पला देवने, एम अनेक देव-देवताने ईश्वररूपे भजे छे पण एकथी सतोषपामी विरामता नथी ईश्वरपदने एक पण अमुक देव, चिरकाळ सुधी धारण करी रह्यो होय तेवु वेदमंत्रोमा जणातु नथी, एम कहीए तोपण मूत्र मेलु नथी के वदकालथी माडीने ते छेक आज पर्यंतमा पण, आर्यधर्ममा सर्वमान्य कोई अमुक तेज ईश्वर, एवो निर्णय थयोज नथी ने ते नथी थयो एमाज ए धर्मने खीलवानो अवकाश मल्यो छे जे जे देशमा ए भावना स्थिरताने पामी छे ते ते

देशमा धर्मवृद्धि अटकी छे पण आर्यदेशमा ईश्वरत्व भावनानी सादी आकृति मूल्थी उता, अमुक रगरूपथी भराई सर्वमान्यरीते ते कदापि स्थिर ठरी नथी, एटलामाज ए धर्मने खूब खिलावानो अवकाश मल्यो छे वेदमन्त्रोमा आ देव पेलो देव, एम घणा देवने ऋषिओ वारा फरती ईश्वररूपे पूजे छे पण अमुक एक ईश्वर नियत ठरावेलो जणातो नथी ”

अने ते दशमा काव्यना त्रिजा अने चोथा पदमा कह्यू छे के—

नृशसदुर्बुद्धिपरिग्रहाच्च ब्रूमस्त्वदऽन्यागममप्रमाण ॥ १० ॥

आ बे पदनो भावार्थ मणिलालभाईना आपेला लेख उपरथी जणातु छु तेमणे जणाव्यु छे के—“ मोटा यज्ञोमा एक बेथी सो सो सुधी पशु मारवानो सप्रदाय पडेलो नजरे पडे छे ” इत्यादि “ वली आ रक्तश्रावमा आनद मानवा उपरात सोमपानथी अने छेवटना वखतमा तो सुरापानथी पण आर्यलोको मत्त थता मालूम पडे छे परमभावनाना अग्रणीपदने पामेला ऋषिओमां एवो सप्रदाय जणाय ए अत्यत आश्चर्य पेदा करवावालु छे ”

पुनरपि “ नाटकादिकोथी जणाय छे के सारा महर्षिओ माटे पण—मधुपर्कमा गोवध करेलो छे आश्चर्यनी वात छे के जे

गाय आने बहु पवित्र गणाय छे तेने प्राचीन समयमा यज्ञ माटे तथा मधुपर्क माटे मारवानो रीवाज हतो

आ ये फतराथी विचार करवानो ए छे के—जे लोको आर्य नरोके प्रसिद्धिने पामेला—अने आमारा वडोने न माने ते—नास्तिक —नास्तिक कही जगत्ना अज्ञान वर्गमा, जुठी अफवा फेलावना-वाळा अने जे महर्षिओना नामथी पूज्य हरीने मनाएला तेओ पण—गाय, अश्व, जेवा उत्तम प्राणीओने मारीने तेनु मांस खावावाळा अने तेवा हिंसक शास्त्रो रचीने अघोर कर्त्तव्य करवावाळा, तेमने निर्दय कहवा के दयावान्? दुर्बुद्धिवाळा केहवा के सुबुद्धिवाळा? अने तेवा हिंसक शास्त्रोने प्रमाणभूत मानवा के अप्रमाणभूत? तेनो विचार वाचकवर्गज करी लेशे

वळी ई. स. १८६६ मा करसनदास मूळजीए बहार पाडेला 'वेदधर्म' नामना पुस्तकना पृ. २ मा—

"वैदथी लोकोने वाकेफ करवा माटे तेओ ना पाडे छे केम के—पुराणादिक ग्रंथोमा कह्यु छे के—कलियुगमा ब्राह्मण शिवाय कोइए वेद वाचवा अथवा सांभळवा नहि आटलुज नहीं पण वेदना वचन पण लोकोना कान पडवा देवा नहीं आवो अटकाव करवानु कारण तपासी जोता मालम पडशे के—पुराण

विगेरेना ग्रंथोमा आवेली घणीएक वातोनो वेदनी साथे मुद्दल संबंध नथी पुराणादिक ग्रंथोमा लखेला विष्णुना अवतार संबंधी वेदमा कांई लख्यु नथी तथा वेदमा मूर्त्तिपूजन विषे पण लख्युं नथी ते छता वेदनी सत्ता तो बधा ग्रंथोए कबूल राखी छे आ कारण माटे ज वेदथी लोकोने अज्ञान राखवा एवी ए पुराणिक ग्रंथ लखनाराओनी मतलब उघाडी मालम पडे छे "

आ सर्व पंडितो खास वेदमतना आग्रहवाळा छे छतां पण वेदोमा हिंसाना स्वरूपनी श्रुतिओ घणीज तेमना जोवामां आववाथी सेहज पोतानी अरुचि जाहेर करी छे वळी दयानंद-सरस्वतीजीए तो पूर्वना आचार्योए करेला वेदोना अर्थो उपर पाणी फेरवी आजकालनी पद्धत्तिने अनुसरीने पोताना मनमाना अर्थो करीने कांई जुदो ज प्रकार करी मुक्यो छे बवाए ब्राह्मणो वेदोने ईश्वरकृत कहीने अनादि कहे छे जेना हिंसा ए मुख्य धर्म तरीके वर्णवेलो छे अने हिंसानी ज सेंकडो श्रुतिओथी तेनु बंधारण थएलु छे अने तेनो अर्थ पण महीधर, मम्हट, सायन, कर्काडिक आचार्योए हिंसा वरवाना स्वरूपनो करीने बतावेलो छे अने ते लेखोथी एम पण जणाय छे के-ते पूर्वना आचार्योए अने तेवा मोटा गणाता महर्षिओए राज्याश्रयने

मेळ्नीने लाखो पशुओना उपर कतल चलावेली जग जाहेर थई चुकी छे अने वेदोमा तेवा हिंसक पाठो पण डगले डगले जोवामा आवी रह्या छे तेमा केटलीक श्रुतिओ तो एवा प्रकारनी छे के श्रवण गोचर थवानी साथे सज्जन पुरुषो लज्जित ज थई जाय विचार करी जोतां एम मालम पडे छे के आ वदो ईश्वरना करेला तो नथी ज तेम कोई धर्मात्माना रचेला होय तेवा प्रकारनु पण अनुमान करवामा आपणु हृदय प्रेरातु नथी पण मात्र एवाज अनुमान तरफ दोराय छे के– आ वेदनी हिंसक श्रुतिओ कोई विद्याभ्यासना धधावाळा मदिरा मासना भक्षको रचना करता गया होय, तेना गानमा मस्त बनता गया होय, साथे लोकोने पण सुनावता गया होय अने पोते महर्षिना नामोथी प्रसिद्ध थता गया होय, तेमज स्वार्थी लोको पण तेनो अमल करता गया होय तेवा अवसरमा यथार्थतत्त्वज्ञानिना अभावे अमारो वेदधर्म, अमारो वेदधर्म, एम अयोग्य महत्व आपता गया होय तेनु बधारण जोता आवाज अनुमानो उपर आवीने बेसवु पडे छे केमके तेमा श्रुतिओ पण तेवाज प्रकारनी छे जूवो के– हे इद्र ! अमारी गायनी रक्षा कर, चोराईने गई छे तेने पाछी लावीने आप हे इद्र ! अमारा बकरानी रक्षा कर, आ श्रुति उपर एक दक्षणी पडिते एवी तर्क करी हती के आजकाल कोई एवा

पडित हशे क पोताना बकरानी रक्षा करवाने माटे इद्रनी स्तवना करीने इद्रने बोलावे ? वळी आगळ बीजी श्रुतिओ जोईए छे तो तेमा पण कदी तो इद्र, अने कदी तो वरुण, धन दे, पुत्र दे, वर्षा कर, एनी ए कडाकुट ! आवा प्रकारना स्वार्थनी कडाकुट वाली श्रुतिओना सग्रहथीज वेदोनुं बधारण थएलु जोवामा आवे छे. मणिलालभाई पण एमज लखे छे के-" वदीमा त्रण देव अने पछीमां पेला देव एम घणा देवने ऋषिओ वारा फरती ईश्वररूपे पूजे छे पण अमुक ईश्वर नियत ठरावलो जणातो नथी " वळी पडित मैक्समूल्लर पण पोताना सस्कृतसाहित्यग्रन्थमा लखे छे के-' वेदोनो छन्दोभाग एवो छे के जाणे कोई अज्ञानिओना मुखथी अकस्मात् वचन निकळेला होय तेम जणाय छे '

वळी करसनदास मूळजी काई बीजोज अभिप्राय कही बतावे छे तेनो विचार तेज लेख उपरथी करी लेवो

वळी जगत्नी उत्पत्तिना विषयनो वेदोमा तपास करीए तो कोई अनेक प्रकारनी कल्पनावाळी श्रुतिओ जूदा जूदा ऋषिओना मुखथी प्रगट थएली आपणी नजरे पडे छे अने ते पृथ्वी कोणे पदा करी अने केवी रीते पेदा थई तेनो निर्णय पण आज सुधी कोई पडित करी शक्योज नथी तो पछी ते वेदनी कल्पित

श्रुतिओथी आपणे केवी रीते निर्णय करी शकवाना? आ जगत्नी उत्पत्तिना सबंधे वेदोमां केवा केवा प्रकारनी श्रुतिओनो संग्रह थएलो छे तेनो पण परिचय आपवानुं धारुं छुं

आ ठेकाणे विचार करवानो एटलोज के— जे वेदो ईश्वरकृत अनादि तरीके मनाएला छे तेना हाल शुं एक चीथरीया देव जेवा थएला जोवामां आवे खरा के? सज्जनो! स्वार्थी लोकोना कथन उपर भरोसो राखी केवल अंधारा कुवामां डुबी न मरतां कोई सत्पुरुषना वचनो तरफ लक्ष्य करी सत्याऽसत्यनो विचार करीने जुवो, अने सत्यमार्गे चलो। के जेथी आ मनुष्य जन्मनुं साफल्यपणुं थाय आटलुंज लखीने आ ठेकाणेथी विरमुं छुं॥

॥ श्री हेमचन्द्राचार्यनी बत्रीशीना–दशमा काव्यनुं स्वरूप किंचित् विशेष कह्यु

हवे पृ १२९ मांना बारमा काव्यनुं किंचित् विशेष कहीए छीए

क्षिप्येत वाऽन्यैः सदृशीक्रियेत वा तवाऽङ्घ्रिपीठे लुठनं सुरेशितुः।
इदं यथाऽवस्थितवस्तुदेशनं परैः कथंकारमपाकरिष्यते॥ १२॥

आ काव्यनो भावार्थ ए छे के—हे जिनेश्वर देव! बीजा मतना पंडितो, ऋषिओ, तमारा माटे जूठुं साचुं लखी सिद्धि बनवानो प्रयत्न गमे तेटलो करे पण आ यथार्थपणे प्रगट थएलुं तमारुं पदा-

योंनु सत्यस्वरूप छे तेनो इनकार केवी रीते करी शकवाना छे ? ज्यारे सत्य वस्तुने तपासवावाळा सज्जनपुरुषो प्रगट थशे त्यारे ते पदार्थोनु सत्य स्वरूप प्रगट थया वगर रहेशे नहीं. ॥ अने अमोए तेवा सज्जन पुरुषोना लेखोनो संग्रह करीने आ पुस्तकमा बताव्यो छे तोपण आ जगो उपरते लेखोमाथी किंचित् इसारो करी बतावु तो ते अस्थाने नहीं गणाय अने स्थान शुन्य पण नहीं रहे

जुवो–वा० न० उपाध्येनो लेख–तेओ पृ १२ मा लखे छे के–" घणा स्मृतिग्रन्थोमा शास्त्रीयग्रन्थोमा अने टीकाग्रन्थोमां जैन अने बौद्ध एओने वद गाय माने छे जैनग्रन्थोनु सुक्ष्मावलोकन करता जैनधर्म ए जूनो धर्म नथी पण उपनिषत्कालीन अने ज्ञानकांडकालीन, महान् महान् ऋपिओना जे उत्तमोत्तम मतो हता ते सर्वे एकत्र ग्रथित करीने बनावलो धर्म होय एम देखाई आवे छे, अर्थात् जैनधर्मनु प्रथमनु स्वरूप कहीए तो विशुद्ध छे. एटले जे वैदिक धर्म ते ज जैन धर्म छे एना अनेक प्रमाणो छे " इत्यादि

आ फकरायी विचार करवानो ए छे के–प्रथम वेदकाल अने ते पछी ज्ञानकांडकाल एम क्रमा पडिनो मानी बेठेला छे

आ ठेकाणे—पृ ११३ मा श्रीसिद्धसेनसूरिजीना तथा पृ ११४ मा जणावेल महाकवि धनपाल पंडितना काव्यनी सत्यतानो ख्याल करो तेमणे वह्यु हतु के " परमतना शास्त्रोमा जे जे प्रमाणभुत वचनो जोवामा आवे छे ते बधाए वचनो हे जिनदेव ! तमारा ज्ञान समुद्रमाथी उडी उडीने बहार पडेला वचन बिन्दुओज छे अने तेथीज ते शोभान पात्र थया छे " अहिया विशेष एज छे क—जैनोना प्रबल उदय-काल पेहला—वैदिकमार्गमा अने ब्राह्मणधर्ममा केवल जीवोना उपर कतल चालती होवाथी धर्ममार्गनो कहो के परम ब्रह्ममार्गनो कहो तेनो तो लोपज थईने रहेलो हतो एम आ बधा पंडितोना तरफथी निकळेला वचनोना उद्गारोज आपणने सुचवी आपे छे आ बधा वचनोना उद्गारो छे ते पण सामान्य पुरुषोना नथी पण महान् महान् पंडितोना छे अने पोते वद धर्मना पण पुरेपूरा आग्रही होवा छता पण सत्यने सत्यपणे कहनु पडयू हशे

सज्जनो ! विचार करो क—जैनोना तत्वज्ञानमा कटली बधी गहनता रही हशे

॥ ॐ नमः सिद्ध ॥

जगत्कर्त्ताविषे विविध मतो.

॥ अवधू सो जोगी गुरु मेरा–ए चाल ॥

सृष्टि कब किसीने बनाई, संतो ! कब किसीने बनाई;
वाकी खोज किसीने न पाई, सृष्टि कब० ए टेक

वेद पुराण कुरान जैनलर्म, भिन्न भिन्न कर गाई;
एक एक सब भिन्न कहत है, मिलत न मेली मिलाई ॥वा १॥

भावार्थ—कुरानवाला कहे छे के–"खुदाके हुकममे सब कुछ होता है" ए वात प्रसिद्धज छे

बायबलवाला कहे छे के–"इसु ख्रिस्तीए सात दिवसनी अंदर बधा जगत्नी रचना करी, आठमा दिवसे ते ध्यानमा लीन थईने बेठा" ए वात पण बायबलमा प्रसिद्धज छे मात्र वेद पुराणादिकमाज घणा मतभेदो थएला जोवामा आवे छे तेथी तेनो विचार थोडोक करी बतावीशु सृष्टिकर्त्ताना संबंधे बनाए

मतवालाओना विचारो जुदा जुदा थवाथी ए विषे यथार्थपणे कोई समजेला नथी ए वात सिद्धज छे तेथी तेमना तत्त्वविचारना संबंधे पण यथार्थ बधारण थयेलु नथी एज विचार उपर आवीने अटकवु पडे छे

ऋग्वेदमें ऐत्तरीय आरण्यमें, आतमसे उपजाई।
यजुर्वेदको खोलके देखा, विराट् पुरुषे पसराई॥ बाकी ७॥

भावार्थ—ऋग्वेदमा लख्यु छे के—"प्रथम एक आत्माज हतो चल अने अचल एमांनु काई पण न हतु ते वखत आत्माए विचार कर्यो के हु जगतनी रचना करु पछी तेणे जल ज्योतिप् आदि बनाव्यां, फरीथी विचार कर्यो के एनो रखवाळो पण बनावु विचारनी साथे जलमाथी एक पुरुष निकल्यो तेनु मुख खुल्लु थवाथी एक शब्द निकल्यो ते शब्दथी अग्नि पेदा थई पछी ते पुरुषनु नाक खुल्लु थयु तेथी श्वास आववा जवा लाग्यो तेथी

१ सहस्रशीर्षा पुरुष इत्यादि सृष्टिनी उत्पत्तिविषयक विचार ऋग्० अष्टक ८ अ ४ व० १७। १८। १९ मा पण छे जुवो—अमारा शुक्लयजु—तत्त्वनिर्णयप्रासाद पृ १५७ थी पुन—नासदासीन्नोसदासीत्तदानी इत्यादि सृष्टिनी उत्पत्ति विषय ऋ० अ ८ अ० ७ व० १७ म० १० मा पण सविस्तर छे जूवो तत्त्व० पृ १९१ थी॥

आकाशनी उत्पत्ति थई पछी आग्नो उपटी तेथी ज्योतिप् प्रगट थई ते ज्योतिथी सूर्य उत्पन्न थयो, इत्यादिक सर्व झाड वीढ मृत्यु विगेरे पेश पुरुषथीज उत्पन्न थयु " एम विस्तार साथे ऐतरीयआरण्यमा लखेलु छे हवे यजुर्वेदमा लख्यु छे के– विराट्पुरुषथी आ सृष्टि उत्पन्न थई तेनु स्वरूप नीचे प्रमाणे– " जे वखते ए विराट्ने बीजाने उत्पन्न करवानी इच्छा थई तेज वखते स्त्री अने पुरुष ए बन्न एकज स्वरूपथी उत्पन्न थई गया पछी जुदा पडीने स्त्री भर्त्ता रूपे बनी गया त्याथी मनुष्यनी वशावळी चालु थई एज प्रमाणे पेलो पुरुप अने पेली स्त्री ए बन्नेए जे जे जातिनु स्वरूप धारण कर्यु त ते जातिनो विस्तार थतो गयो जेमके–बन्द ने गाय घोडो ने घोडी गधेडो ने गधेडी " इत्यादि, ए प्रमाणे आ सृष्टि पेला विराट्पुरुषना सकल्पथी उत्पन्न थई ॥ २ ॥

मंडूक उपनिपद् कहत है, मकडीजारके न्याई;
कूर्मपुराणे विचारी जोता, नारायण मूल निपाई ॥ वा ३ ॥

भावार्थ—"जेम करोळीयो पोते पोतानी जाते जाळु उत्पन्न करे छे अने पछी पाछु पोतानामाज समावी दे छे तेज प्रमाणे

जे एक अविनाशी पुरुष छे तेमाथी आ सृष्टि उत्पन्न थाय छे अने पाछळथी ते अविनाशी पुरुषमा पाछी समाई जाय छे " ए प्रमाणे मङ्क्रु उपनिषद्‌मा कहेलु छे ॥

अने कुर्मपुराणमा एवु लख्यु छे के–"हु नारायणदेव छु, मारे माटे पहिला रहेवानु स्थान न हतु में शेषनागनी शय्या करी, पछी मारी दयाथी चतुर्मुख ब्रह्माजी अकस्मात् पेदा थया के जे जगत्‌ना पितामह छे पछी ब्रह्माए पोताना मनथी पोताना जेवा पाच पुरुषो बनाव्या तेना नाम–१ सनक, २ सनातन, ३ सनन्दन, ४ रुद्र, ५ सनत्कुमार । पोताना मनने ईश्वरमा आशक्त करीने आ सृष्टि रचवानी मनसा करी त्यारे ब्रह्मा मायाए करीने मोहने प्राप्त थया त्यारे जगतमाथी महामुनि विष्णुए पोताना पुत्र ब्रह्माने बोधित कर्या, पछी ब्रह्माए उग्र तप कर्यो, घणा काल सुधी करेलु तप फलीभूत न थवा लेथी खेद थयो, आखोमाथी पाणी निकल्यु तेथी पापणो वाळी गइ तमाथी महादेवजी उत्पन्न थया, ब्रह्माजीनी आज्ञाथी तेमणे भूतप्रेतादि गणो रच्या अने उत्पन्न थवानी साथेज ते भूतादिगण भक्षण करवाने लागी गया, आवु स्वरूप जोईने ब्रह्मा पण विस्मित बनी गया " इत्यादि कूर्म पुराणमा विस्तारपणे कहेलु छे ॥ ३ ॥

मनुस्मृति के पहिले अध्याये, तममात्र बतलाई;
उहासे प्रगटे स्वयंभू स्वामी, ताते तिमिर मिटाई ॥वा० ४॥

भावार्थ—मनुस्मृतिना पेहला अध्यायमा लख्यु छे के—"प्रथम आ जगत्मा अंधकारमात्रज हतो, ते एवो हतो के जाणी शकाय नही अने तेमा तर्क पण चाले नहीं निद्रावशनी अवस्थानी तेरे पडेलो हतो, मात्र कोई अतींद्रिय प्रत्ययीन ग्रहण करवाने योग्य हतो, तेमा अव्यक्त महाभूतादिवन्तवालो स्वयंभू भगवान् ते अंधकारने हटाववावालो उत्पन्न थयो ते भगवान सृष्टि उत्पन्न करवानो विचार कर्या प्रथम तेणे पाणी बनाव्यु पछी तेमा बीज नाख्यु ते बीजथी सोनानु इंडु उत्पन्न थयु ते इंडामा सर्वलोकनो पितामह एवो ब्रह्मा उत्पन्न थयो तेमा ब्रह्मना एक वर्ष अर्थात् मनुष्यना—३१,१०,४०,००,००,०००, वर्ष तक रह्या पछी ध्यान करीने ते इंडाना बे भाग कर्या एकथी आकाश

---

१ अध्याय पेल्लाना श्लोक पांचमाथी ते ४१ सुधीमा सृष्टीउत्पत्ति वर्णव छे जम के—" आसीदिदं तमोभूत-मप्रज्ञातमलक्षण । अप्रतर्क्यमविज्ञेयं, प्रसुप्तमिव सर्वत ॥ ५ ॥ ततः स्वयंभू भगवानव्यक्तो व्यञ्जयन्निदं । महाभूतादिवृत्तौजाः प्रादुरासीत्तमोनुद ॥ ६ ॥ " इत्यादि

अने बीजा टुकडाथी पृथ्वी उत्पन्न थई दिशा विगेरेना पण जुदा जुदा नाम पडया पछी १ अग्नि, २ वायु अने ३ सूर्य पण उत्पन्न थया ए त्रणथी- ऋग्वेद, यजुर्वेद, अने सामवेद, पण यज्ञनी सिद्धिने माटे उत्पन्न थया पछी–तप, वाणी, रति, काम, क्रोधादिकने उत्पन्न कर्या पछी सुख, दुःखादिकनी योजना करी पछी पोताना–मुख, हाथ, जंघा अने पगथी चारो वर्ण उत्पन्न कर्या पछी पोताना शरीरना बे भाग करीने स्त्री अने पुरुषरूपे बनीने विराट्रूपने धारण कर्यु पछी–दश मुनियो, सात मुनियो, देवताओ, कीटपतंगादिकनी उत्पत्ति करी दीधी " ए वर्णन मनुस्मृतिमा ऋग्वेदना मतथी प्राये मळतु कहेलु छे ॥ ४ ॥

कोइ कहे कालीकी शक्ति, वाकी न्यारी न्यारी चतुराई; लिंगपुराणे शिवजीके वदनसें, विष्णु ब्रह्मादिक थाई ॥ रा ५॥

भावार्थ–"कालीदेवीए कह्यु के हु आदिशक्ति थईने बीजरूपे थइ छु अने पहिले शिव अने शिवनी शक्ति रूपे उत्पन्न थई पछी विष्णु अने विष्णुनी शक्ति रूप उत्पन्न थइ तेथी आ बधा सृष्टिनी उत्पत्तिना कारण रूप हुज थयेली छु " ए कालीदेवीना माटे बीजा ग्रथमा एम पण लख्यु छे के–"कालीदेवी छे ते आदि शक्ति छे अने ए देवीए त्रण इडा उत्पन्न कर्यां,

तेमाथी ब्रह्मा, विष्णु, अने महेश, ए त्रण देवो बहार आव्या. तेमणे आ जगतनी रचना करी " इत्यादि हवे शिवपुराणमां लखेलु तेनो विचार करीए छीए जेमके-"आ ब्रह्माण्डमाथी प्रथम शिवजी उत्पन्न थया पछी शिवजीनी डाबी बांहथी विष्णु अने लक्ष्मीजी ए बे उत्पन्न थया अने तेमनी जमणी बाहथी ब्रह्मा अने सरस्वतीजी उत्पन्न थयां पछी शिवजीए गुणमयुरपणे रहेली प्रकृतिने सूक्ष्मपणाथी देखी ते वखत प्रकृतिए शिवजीनुं सामर्थ्य धारण करी महत्तत्वादिकने उत्पन्न कर्या पछी तेमाथी त्रण अहंकार उत्पन्न थया प्रथम सात्विक अहंकारथी देवताओ उत्पन्न थया अने बीजा राजस अहंकारथी इद्रो उत्पन्न थया अने त्रीजा तामस अहंकारथी पाच तत्वो उत्पन्न थया, अने ते पाच तत्वो-थीज आ बधा ब्रह्माण्डनी उत्पत्ति थती जाणी " इत्यादि शिव-पुराणमा विस्तारथी जोई लेवु ॥ ५ ॥

ब्रह्मवैवर्त्तपुराण यु बोल्य, यतो कृष्णकी चतुराई;
भितर भेदका पार न पावे, क्या विलुणी करे फिलुणाई ॥ ६॥

भावार्थ—ब्रह्मवैवर्त्तपुराणमा एवु कह्यु छे के-"आ बधा जगत्नी रचना कृष्णजीथी थई कारके-कृष्णजीना जमणा हाथथी विष्णुजी अने डाबा हाथथी शिवजी. आ कृष्णजीनी नाभिथी

ब्रह्माजी उत्पन्न थया ए त्रणे देवोए प्रथम कृष्णजीने पूज्या तेमनी आज्ञा मेळवीने आ सृष्टिनी रचना करी इत्यादि सविस्तर ते पुराणथी जोई लेवु ॥ ६ ॥

वेदनो पण कोइ भेद न पावे, क्या करे गडमथ्थाई,
मारग छोड उन्मारग जाके, फेगल धूम मचाई ॥ वा ॥७॥
मतममताको छोडके देखो, कोई पुरुष अतिसाई,
पुछ पाछ कर भितर खोजो, पीछे आतम काज सवाई ॥वा ॥८॥
गुरुकृपासे सृष्टिसबधका, किंचित् भेदको पाई,
अमर कहे हम अमर भये हे, अतर भरम गमाई ॥वा ॥९॥

॥ इति सृष्टिसमुत्पत्तिसबधे भिन्नभिन्नविचारदर्शक गीत ॥

॥ सृष्टिनी उत्पत्तिना सबधे—बीजी पण घणा प्रकारनी कल्पनाओ थयेली छे ते पण प्रसगना वशथी थोडीक लखीने बतावीए छीए—

१ जवो के—य० वा० म० अ० १७ म० ३० नी श्रुति—
तमिद्गर्भं प्रथम दध्र आपो यत्र देवा' समगच्छन्त विश्वे
अजस्य नाभावध्येकमर्पितं यस्मिन् विश्वानि भुवनानि तस्थुः॥

भावार्थ—ब्रह्मकुशल उदासीकृत–ऋग्वादिभाष्यभूमिके नाम पुस्तकना भापार्थनो तात्पर्य—

" सपूर्ण सृष्टिनी आदिमा जे जल हतु तेणे गर्भ धारण कर्यो ते एवो के–सपूर्ण जगत्‌ना कारण जे ब्रह्मा जेनामा देवताओ उत्पन्न थई गयेला छे जन्मादिकथी रहित परमात्मा पोते छे तेनी नाभिमा जे कमल छे तमा सपूर्ण जगत्‌ना बीजरूप ब्रमा छे जेनामा सपूर्ण चतुर्दश भुवन रहेला छे "

आ उपरनी श्रुतिनो दयानन्दसरस्वतीजीए भापामा करेला अर्थनो तात्पर्य नीचे मुजब—

" मनुष्योने एवु करवु जोईए के जे जगत्‌नो आधार योगीओने प्राप्त थवा योग्य अन्तर्यामी पोतपोतानो आधार सर्वमा व्याप्त छे तेनी सेवा सर्व लोको करे "

आ एकज वदनी श्रुतिनो अर्थ बे पंडितोए करेलो छे तेना तात्पर्यमा केटलो तफावत छे ? प्रथमना अर्थमा ब्रह्मान जगत्‌ना बीज रूप ठराव्या छे सरस्वतीजी एक अंतर्यामी कहीने तेमनी सेवा करवानु पूर्वाचार्योथी विरुद्ध कहे छे तो आमा भरोशो कोनो करवो ? इतो व्याघ्र इतस्तटी

२ पुन—य० वा० स० अ० २३ म० ६३ मा—

सुभू स्वयंभू प्रथमोऽन्तं महत्यर्णवे ।
दधे ह गर्भमृत्वियं यतो जातः प्रजापतिः ॥ ६३ ॥

तात्पर्य—सुंदर भुवन ते सुभु, इच्छाथी शरीर धारे ते स्वयंभू, एवो परमात्मा महाजलसमूहमां प्राप्तकाले ह–प्रसिद्ध तेणे गर्भ धारण कर्यो ते केवो छे के जेमाथी ब्रह्माजी उत्पन्न थया ॥ ६३ ॥

३ पुन —शत० का० ७ अ० ५ ब्रा० १ क ५ मा—

स यत्कूर्मो नाम। एतद्वै रूप कृत्वा प्रजापति प्रजा असृजत यत्सृजताऽकरोत् तद्यदकरोत्तस्मात्कूर्मः कश्यपो वै कूर्मस्तस्मादाहु सर्वाः प्रजा काश्यप्य इति ॥

तात्पर्य—वेदोमां प्रसिद्ध जे कूर्म अर्थात् प्रजापति जे परमेश्वर तेमणे कूर्मनु रूप धारण करीने था बधा जगत्नी रचना करी करवानु हतु ते करवाथी कूर्म कहेवाया, निश्चयथी तो कूर्मज कश्यप नामथी प्रसिद्ध थया तेथी बधा ऋषिओ संपूर्ण प्रजाने काश्यपनी कहे छे

अहिंया जुवो पहेलो यजुर्वेदनो अने बीजो शतपथब्राह्मणनो पाठ केटलो बधो तफावतमा छे ? आवा प्रकारना बीजा विरोधी पाठो घणा छे अने मोटा मोटा छे तेथी आ नानकडा पुस्तकमा लखी शकाय नहीं जिज्ञासा होय तेमणे अमारा गुरुत्रयकृत–तत्त्वनिर्णयप्रासाद जोई लेवो

४ पुन —अथर्व स० काड० १० । प्र० २३ । अ० ४ । म० २० मा—

यस्मादृचो अपातक्षन् यजुर्यस्मादपाकषन् । सामानि यस्य लोमानि अथर्वाङ्गिरसो मुख । स्कम्भन्तम् ब्रूहि कतमः स्विदेव सः ॥

भावार्थ—जे परमात्माथी ऋग्वेद उत्पन्न थयो अने जे परमात्माथी–यजुर्वेद उत्पन्न थयो अने सामवद जे परमात्माना रोम (केश) छे अने अथर्ववेद जे परमात्मानु मुख छे एवो जे सर्वनो आश्रयभूत छे ते कोण छे ? कहो तो ते परम-ब्रह्म परमात्माज छे, बीजो कोइ नथी

५ पुन —ऋग्० अष्टक ८ । अ० ४ । व० १८ । म० १० मा—

तस्माद्यज्ञात् सर्वहुत ऋचः सामानि जज्ञिरे ।
छन्दांसि जज्ञिरे तस्माद्यजुस्तस्मादजायत ॥ ९ ॥

भावार्थ —सर्वहुत –पूर्वोक्तयज्ञथी ऋच सामानि–सामवेद उत्पन्न थयो ते यज्ञथी छन्दांसि–गायत्री आदि उत्पन्न थया अने तेन यज्ञथी यजुर्वेद पण उत्पन्न थयो ॥ ९ ॥

आ अथर्ववेदनी अने ऋग्वेदनी ऋचामा केटलो फरक छे तेनो विचार वाचक वर्गे करी लेवो

६ पुन —शतपथ का० १४ । अ । ब्रा० ४ क १० मा—

एव वा अरेऽस्य महतो भूतस्य नि॰श्वसितमेतत् ।
यदृग्वेदो यजुर्वेद सामवेदोऽथर्वाङ्गिरस ॥ इत्यादि ॥

भावार्थ —आ जे परमात्मा छे तेमनो नि श्वास छे ते ज ऋग्वेद यजुर्वेद सामवेद अने अथर्ववेद छे ॥

७ पुन —तैत्तिरीयब्राह्मणे अष्टक २ अध्या० ३ अनु० १० मा—

प्रजापति सोम राजानमसृजत । त त्रयो वेदा अन्व-सृज्यन्त । तान् हस्तेऽकुरुत

भावार्थ —प्रजापति–ब्रह्मा तेणे प्रथम सोमराजाने उत्पन्न करीने पछी त्रण वेदोने उत्पन्न कर्या ते त्रणे वदोने सोमराजाए पोताना हाथमा लेई लीवा

८ पुन शतपथका० ११। अ० ५ ब्रा० ३ क० १।२।३ मा—

प्रजापतिर्वै इदमग्र आसीत्। एक एव। सोऽकामयत। साप्रजायेयेति। सोऽश्राम्यत्। स तपोऽतप्यत। तस्माच्छ्रान्ता-त्तेपानात् त्रयो लोका असृज्यन्त। पृथिव्यतरिक्षद्यौः॥ १॥ स इमा स्त्रींल्लोकानऽभितताप। तेभ्यस्तेभ्यस्त्रीणि ज्योतिः-ष्यऽजायताऽग्निर्योय पवते सूर्यः॥ २॥ तेभ्यस्तेभ्यस्त्रयो वेदा अजायन्ताऽग्ने ऋग्वेदो वायोर्यजुर्वेदः सूर्यात् साम-वेदः॥ ३॥

भावार्थ—प्रथम निश्चयथी एक प्रजापति ज हतो ते प्रजा-पतिने इच्छा थई के हु अनेकरूपवालो थई जाउ पछी तेणे शातपणाथी तप करवा माड्यो तपना प्रभावथी त्रण लोकनी रचना करी–१ पृथ्वीलोक २ आकाशलोक अने ३ स्वर्गलोक पछी ते प्रजापतिए आ त्रणे लोकनी पासे तप कराव्यो तेमना

तपना प्रभावथी त्रण ज्योति एटले प्रकाशस्वरूपवाला त्रण देवता उत्पन्न थया १ अग्नि २ सर्वजगत्ने पवित्र करवावालो वायु अने ३ सूर्य पछी ए त्रणेना तपथी त्रण वद उत्पन्न थया जेमक अग्निथी १ ऋग्वद २ वायुथी यजुर्वेद, अने ३ सूर्यथी सामवेद ॥ ३ ॥

९ पुन —तैत्तिरीयसहिता का० ७ प्र० १ अनु० ९ मा—

आपो वा इदमग्रे सलिलम् आसीत् तस्मिन् प्रजापतिर्वायुर्भूत्वाऽचरत् । स इमामपश्यत् तां वराहो भूत्वाऽऽहरत् । इति ॥

भावार्थ —अग्रे अर्थात् सृष्टिनी उत्पत्तिना पहला जल ने जल हतु ते जल्मा प्रजापति वायुनु स्वरूप धारण करीने फरवा लाग्यो तेमा फरतां फरता आ पृथ्वीने देखी पछी तेणे वराहनु (शूकरनु) रूप धारण करीने जलना उपर खेंची लाव्या

१० पुन —गोपथ० पू० प्र० १ ब्रा० ६ मा यथा—

स भूयोऽश्राम्यद्‌ भूयोऽतप्यत । भूय आत्मान समतपत् । स आत्मत एव त्रींल्लोकान्निरमिमत । पृथिवीमतरिक्ष दिवमिति । स खलु पादाभ्यामेव पृथिवीं निरमिमतोदरा

दन्तरिक्ष मूर्ध्नो दिव । स तांस्त्री * लोकानऽभ्यश्राम्यदऽभ्यतपत । तेभ्यः श्रातेभ्यस्तप्तेभ्यः संतप्तेभ्यस्त्रीन् देवान्निरमिमताऽग्नि वायुमादित्यमिति । स खलु पृथिव्या एवाऽग्नि निरमिमताऽन्तरिक्षाद्वायु दिव आदित्यम् । स तांस्त्रीन् देवानऽभ्यश्राम्यदऽभ्यतपत । समनपत् । तेभ्यः श्रातेभ्यस्तप्तेभ्यः संतप्तेभ्यस्त्रान् वेदान्निरमिमत । ऋग्वेद यजुर्वेदं सामवेदमिति ॥

भावार्थ—ते प्रजापति फरीथी शात थयो फरीथी पाछो तप कर्यो फरीथी आकरो तप करी पोताना आत्माने खूब तपाव्यो पछी पोताना आत्माथीज त्रणे लोकनी रचना करी एटले पोताना व'पगथी १ पृथ्वीलोक, २ उदरथी (पेटथी) आकाशलोक अने पोताना मस्तकथी ३ स्वर्गलोक ए प्रमाणे त्रणे लोकनी रचना करी पछी ए त्रणे लोक शात थये तेमनी पासे तप कराव्यो पछी ए त्रण लोक तप करी शात थये तेमनी पासेथी त्रण देवोनी उत्पत्ति करावी जेम के—१ पृथ्वीलोकथी अग्निदवनी, २ आकाशलोकथी वायुदेवनी अने ३ स्वर्गलोकथी सूर्यदेवनी उत्पत्ति करावी फरीथी ए त्रणे देवोनी पासेथी तप कराव्यो, तपथी शात थये, अग्निथी ऋग्वेदनी, वायुथी यजुर्वेदनी अने सूर्यथी सामवेदनी उत्पत्ति करावी इत्यादि

अहीया अमोए वंदन लगना ज मात्र दश पाठो नमुना रूपेज आप्या छे

१ तेमा पहेला पाठनो अर्थ एक उदासीनो करेलो अने बीजो अर्थ दयानन्दीनो करेलो ते कटला बधा फेरफारथी थयेलो छे ते बताव्यो छे

२ बीजा पाठमा—जे परमात्मा सुदर भुवनाविवाने छे तेणे जलमा गर्भ धारण कर्यो तमाथी प्रजानी उत्पन्न थया एवो अर्थ सूचवेलो छे

३ त्रीजा पाठमा—परमात्माए कूर्मनु रूप धारण करी आ सृष्टिनी रचना करी तेथी ते काश्यपी कहेवाइ

४ चोथा पाठमा—परमात्माथी व वद उत्पन्न थया त्रीजो तेमना रोमथी (केशथी) अने चोथो गुनथी एम चार वद जेमनाथी उत्पन्न थया छे तेज बधानो आधारभूत छे

५ पाचमा पाठमा—जे यज्ञ कर्या हतो तमाथी सामवद, गायत्री आदि, अने यजुर्वेद, उत्पन्न थया अहींया परमात्मानु नाम छोडी दीधु छे

६ छठा पाठमा—परमात्माए नि श्वास छोड्यो तेमाथी चारे वेदोनी उत्पत्ति थइ

७ सातमा पाठमा—प्रजापतिए प्रथम सोमराजाने उत्पन्न कर्यो अने पछी त्रण वेदोने उत्पन्न कर्या ने त्रणे वेदोने सोमराजाए पोतानी मुठीमा लेई लीधा

८ आठमा पाठमा—प्रथम प्रजापति एकलोज हता तेने घणा रूप थवानी इच्छा थवाथी तप करवा माड्यो तेमना प्रभावथी त्रण लोक उत्पन्न थया ते त्रण लोकने पाछो तप कराव्यो तथी त्रण ज्योतिरूप त्रण देवो उत्पन्न थया पाछो तमने पण तप कराव्या तेथी त्रण वेद उत्पन्न थया जेमके—अग्निदेवथी ऋग्वेद, बीजा वायुदेवथी यजुर्वेद, अने त्रीजा सूर्यदेवथी सामवेद

९ नवमा पाठमा—प्रजापति पोते वायुनु रूप धारण करीने पाणीमा फर्या त्या तमणे आ पृथ्वी जोई पछी पोते वराहनु रूप धारण करी ने पृथ्वीने बहार लेती लाव्या

१० दशमानो पाठ आठमा पाठनी साथे घणो मळतो छे विशेष ए छे के—दशमा पाठमा प्रजापतिना—पगथी—पटथी अने मस्तकथी त्रणे लोकनी उत्पत्ति थइ, आठमा पाठमा मात्र प्रजापतिनातपना प्रभावथी पोतानी मेळे उत्पन्न थइ गइ

आ उपरना लेखोनो किंचित् विचार करी बताबु तो अजाण वर्गने सुगम पडे

मान्य एवी मनुस्मृतिमा जणावेलामा आव्यु हतु के—"स्वयमू

भगवाने पाणी बनावी बीज नाख्यु ने सोनानु इडु थयु तेमा ब्रह्माजी मनुष्यना सर्व निखव वधा सुधी रह्या पछी ध्यान धरीने वे भाग कर्या तेथी आकाश अने पृथ्वी ने बनी गया." प्रथम आकाश अने पृथ्वी वेमाथी एक न हतु तो पाणी शेमा राख्यु ? अने बीज क्या नाख्यु ?

हवे जूवो अमोए जे दश पाठ मुक्या छे तेमानो पेहलो यजुर्वेदनो पाठ—परमात्मानी नाभिना कमलमा ब्रह्माजी चउद भुवनने लेईने रहेला हता ते शा कारणथी अने केटला वर्ष सुधी रह्या तेनो खुलासो काइ करेलो नथी पण विचार करवानी जरूर छे केम के प्रजापतिने अनादि मानेलो छे

बीजो पाठ पण यजुर्वेदनोज छे तमा एम जणाव्यु छे के परमात्माए पोते जलमा रहीने गर्भ धारण कर्या तेमाथी ब्रह्माजी उत्पन्न थया तो जाणवानु ए छे के जल क्या रहेलु हशे वारु ?

हवे त्रीजा शतपथब्राह्मणना पाठमा—"परमात्माए कूर्मनु रूप धारण करीने आ सृष्टिनी रचना करी तेथी आ सृष्टि काश्यपी कहेवाई" प्रथम आ सृष्टिज न हती तो ते परमात्मा क्या रह्या हशे ? अने कूर्मनु रूप कये ठेकाणे रहीने धारण कर्यु हशे वारु ? बीजू कोइ पण रूप न धारण करता कूर्मरूपज धारण करवामा शु विशेष हशे वारु ? अमोने तो आ लेखोज काई विचित्र जेवा लागे छे

इय जूओ आठमो पाठ शतपथब्राह्मणनो

अने दशमो-गोपथब्राह्मणनो तेमा एवु जणाववामा आव्यु छे के-" प्रथम प्रजापति एकलोज हतो तणा रूप थवानी इच्छा करीने तप कर्या " एवो कयो तप कर्या हश ? क जे तपना प्रभाववी त्रण लोकनी रचना करवानी शक्ति उत्पन्न थइ ? खैर, फरीथी त्रणे लोकनी पासे तप कराव्यो तेमा बीजो लोक तो आकाश छे ते तो शून्यरूप (पोलार रूप) छे तेनी पासे तप केवी रीते कराव्यो ? केम के ते आकाश तो रूप अने रंग विनानो छे वली दशमा पाठमा तो-निरंजन निराकार परमात्माना पग पेट अने मस्तक सुद्धा बनावी देई तेमाथी त्रण लोकनी उत्पत्ति बतावी दीधी ? अने कहे छे के-चारे वेदो तो परमात्माना तरफथीज बक्षीश रूपे मळेला छे तेनी उत्पत्ति पण विचित्र प्रकारथीज अमारा महापुरुषोए (?) बतावी छे तेनो पण विचार ते दश पाठोमाथीज थोडोक करीने बतावु छु ॥

जुवो-(४) चोथो पाठ-अथर्व सं० का० १० मानो-ऋग्वेद अने यजुर्वेद ए बे तो खास परमात्माथी उत्पन्न थया पण ते क्या अगथी अने केवी रीते उत्पन्न थया अने ते कई चीजमा राखवामा आव्या ते बातनो खुलासो काई पण कर्यो नथी था

विचार एटला मात्र उत्पन्न थयो के त्रीजो वेद परमात्माना कशरूप अने चोथो वेद मुखरूप उत्पन्ने छे तथीज था विचार करवानी जरूर पडी छे ॥

५ पाचमो पाठ—ऋग्वेद अष्टक ८ मानो छे तेमा एवु छे के—यज्ञ करवा मांड्यो हतो—तेमाथी—सामवेद, गायत्री आदि अने यजुर्वेद उत्पन्न थया आमा ऋग्वेद बताव्यो नथी यज्ञमाथी तो ज्वालाओ निकले पण वेदो केवा स्वरूपथी निकल्या हशे अने ते शेनामा झीली लीधा हशे ! वळी विना यज्ञनी विधि शेनाथी करी हशे ?

६ छठो पाठ—शतपथ का० १४ मानो छे तेमा ता-परमात्मानो निःश्वासथीज चारे वेदोनी उत्पत्ति थाती तो विचार ए थाय छे के—अनादि स्वरूपना परमात्माए शु ते निःश्वास एकत्र वखत लीधो हशे ? शु हवे फरीथी निःश्वास लेतो नहीं होय ? अने लेतो हशे तो हवे शी वस्तुनी उत्पत्ति थती हशे ? परमात्मा तो शरीर विनानो कहेलो छे तो तेणे निःश्वास नाक विना कवी रीते अने क्याथी मुक्या हशे ? आ बधी कल्पनाओ योग्य थइ होय एम अमोने काइ लागतु नथी बाकी तो वाचक वर्गनी ध्यानमा आवे ते खरु ॥

७ सातमो पाठ—तत्तिरीय ब्राह्मण भा अष्टकीनानो छे तेमा तो प्रजापति जे परमात्मा तमणे प्रथम सोमराजान उत्पन्न कर्या अन पछीथी त्रण वर्णन उत्पन्न कर्या अन ते वेदोन सोमराजाए पोतानी मुठीमा लेई लीधा सोमराजाने प्रथम उत्पन्न कर्या ता प्रजा विना राजा नेनो थयो हशे ! अने मुठीमा वेदोन श्री रीते पकडीने राख्या हश थाए ? ॥

८ हुव आठमो पाठ—शतपथ ब्राह्मण काड ११ मा आपेलो ८ त अन (१०) दशमो पाठ—गोपथब्राह्मण रूम उठानो छ ामा तो—प्रजापतिए पोता तप करीन त्रणलोकनी उत्पत्ति करी, नाए त्रणलोकनी पासे तप करावीने त्रण देवोनी उत्पत्ति कराती, त्यार बाद ते त्रणे देवोए तप कर्या तेना पछी त्रण वदोनी उत्पत्ति थई आ वदोत्पत्तिनी बात ८ मा अने १० मा पाठमा मळ्ता आवनी छे

सज्जनो ? आ सृष्टिनी उत्पत्तिना सबधे तेमज वदोनी उत्पत्तिना सबध जो पुराणोमा सत्य प्रमाण मळशा जईए तो कोई पुराण बनावनार—ब्रह्माजी, तो कोई शिवजी, कोई विष्णु तो कोई कालिकेवी, तथी तन ना पहिनो प्रमाणमा मुकता देता नथी पण अमोए जे जे प्रमाण आपला छे तेमा केटलाक तो खास

वदनाज छे अने बीजा पण वदनुरय ग्रथोनात छे ज्यारे एवा ग्रथोमायी पण मुख्य वातोनु सत्य न मली शके तो पछी बीजे क्ये ठेकाणेथी सत्य शोधी लाववु ? माटे अमोने निश्चय थयो छे क जैनोना तीर्थंकरोनी बरोबरी करवाने बीजो कोई पण पुरुप आज सुधी थएलो नथी अने तेमना कथन करेला तत्त्वग्रथोने जोड-पणा एक तत्त्ववक्ताओ स्तुति करवाने प्रेराएला छे अने तेवा लेखोज आ पुस्तकमा अपाया छे वली जुलै-जून १८९९ ना सुदर्शनमा आवला-प्रो० आनदशकर बापु भाइ ध्रुवना उद्गारो-×
" २ बौद्ध अन जैनधर्मनो पण विशाळहृत्ययी आ योजनामा समावश करवो घटे छे कारण के-ए धर्मानो उपदेश मूलमा ब्रह्मधर्मने अगेज थयो हतो अने ते ते समयमा प्रवर्त्तमान अनेक प्रकारना कचरान ब्राह्मधर्मना प्रवाहमाथी दूर करवाने ए धर्मो शक्तिमान थया छे " विचार एटलोज के-ते तीर्थंकरो केवा उच्च गुणोने धारण करवावाला हशे ! हवे मात्र तमना टुक गुणोना परिचयवाली एक महा कविए करेली स्तुतिने आ पुस्तकमा दाखल करी आ प्रथम भागनी समाप्ति करवानु धारीये छे

× सन्ट्रल हिंदु कॉलेज-बनारसना मथालाना लेखथी ॥

॥ परमपरमात्माना स्वरूपनु अवतरण ॥

आ दुनियामा अनादिकाल्थी रहेला अनत जीव पदार्थो छे तेमज अनादि काल्थी रहेला परमाणु आदि अजीव पदार्थो पण छे ते पदार्थोना यथार्थ स्वरूपनो प्रकाशक पुरुष कयो थाय अन त कवी रीतथी उत्पन्न थाय तेनु किंचित्मात्र स्वरूप जणाववाने आ अवतरण करी वतानु छु

ते अनत जीवोमाथी गम ते जीव, पोताना विशुद्ध चारित्रवडे अनक भवोथी (अनक जन्मोथी) पोताना आत्मानी शुद्धी मळवतो मेळवता, उत्तमोत्तमताना स्वरूपन प्राप्त थतो, छेवट पोताना मोक्षनी प्राप्तिना भवमा पण—राज्य, स्त्री, पुत्र, वनादिक जे जे बाह्यपदार्थो आत्माने विकार करना वाला छे तनाथी सर्वथा दूर रहीने अर्थात् प्रव्रज्या ग्रहण करीने, रागद्वेष मोह अज्ञानादिक ज जे आत्मगुणोना घातक अतरगना महादूषणो छे तमनो सर्वथा नाश करीने, प्राप्त कर्यु छे—रूपी अरूपी सर्वचराऽचर पदार्थोनो प्रकाश करवावाळु कवळज्ञान, तेनीज साथे प्रगट थयु छे—जगतना जीवोने उपदेश करवाना स्वरूपनु तीर्थंकर नाम कर्म जेमने, ते परमात्मा पोते आ

दुनियामा अनादिकालथी रहेला अनंतजीव पदार्थो अने अनंत परमाणुओ आदि अजीव पदार्थो वस्तोवखत कोइ एक विरारन प्राप्त थवाथी उत्पन्न थता अने तेवाज कारणथी रूपांतरने प्राप्त थता जाणीने, अज्ञानाधकूपमा पडेला भव्यप्राणीओने इन्द्रियाऽगोचर सूक्ष्ममा सूक्ष्म पदार्थोनो बोध आपी सुवर्ण जेवा प्रकाशमा जेणे, तेवो परम परमात्मा शु एकज थयो हशे ? ना, ते एकतो नहीन पण–जैनसिद्धांतमा प्रसिद्ध–वीस कोडाकोडी सागरोपमनु जे एक कालचक्र छे–तेमा एक उत्सर्पिणी काल छे, तेमा ते धर्मना प्रवर्तको चोवीसज थाय अने तेज प्रमाणे बीजा अव सर्पिणीकालमा. पण धर्मनी प्रवृत्ति करावनारा अधिकारवाला ते चोवीशज थाय बाकी अधिकार विनाना पोताना कर्मोनो सर्वथा नाश करीने घणे तेला मोक्षे जाय तो तो नियम जैन सिद्धांतमा नथी पण ते मोक्षे गयेला फरीथी पाछा आ दुनियामां आवे नहीं ए नियम तो जरूर छेज आवा प्रकारना नियमथी अतीतकालमा अनंती चोवीशी थई गई अने भविष्यकालमा पण अनंती चोवीशीओ थया करवानीज, तेथी तेवा अनंत परमात्मा एकज प्रकारथी उपदेशनो अधिकार भोगवी भोगवीने पोताना उद्धारनी साथे सत्य तत्त्वोनो प्रकाश करीने आ दुनियानो पण

उद्धारज करता गया छे तथी ते परमात्मा अनतज छे परतु अनादिकालनो एकज नियता आ दुनियानो उद्धार कर्याज करे छे एवा प्रकारनी गुजरन जेनतत्त्वोना त्ताने रहेतीन नथी अने आवा प्रकारनी मान्यता छे ते सयुक्तिकज छे पण युक्ति विनानी नथीन ते पग्म परमात्मामा कया कया दूषणोनो नाश थई केवा केवा प्रकारना अलौकिक गुणो प्रगट थता हशे, तेवा गुणोनेज टुकमा जणावनाना हेतुथी महर्षि श्रीसिद्धसेनसूरीश्वरजी मात्र बत्रीश काव्यमा ते पम परम त्मानी स्तुति करता पोते कहे छे के–तेवा गुणवाला परमात्मानु शरणथीज मारु कल्याण थाओ, एम कहेता थका पोते बीजा भव्य प्राणिओने पण तेमनुज शरण लेवानु सूचवी रह्या छे तेज स्तुति अमो पण बीजा जीवोना उपकारना माटे आ ग्रन्थो पर दाखल करीने बतावीए छीए—

श्री ।

॥ श्रीसिद्धसेनसूरिविरचिता ॥

परमपरमात्मस्तुतिद्वात्रिंशिका.

सदा योगसात्म्यात् समुद्भूतसाम्य
प्रभोत्पादितमाणिपुण्यप्रकाश ।
त्रिलोकीशवन्द्यस्त्रिकालज्ञनेता
स एक परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ १ ॥

भावार्थ—पूर्णज्ञानादिकना योगथी उत्पन्न थयु छे सदा समतापणु जेमने अने तेज ज्ञानादिकनी प्रभाथी कर्यो छे धर्मनो प्रकाश जेमणे, तथा जे इन्द्र १ नागेन्द्र २ अने राजेन्द्रथी वन्द्य, त्रिकालज्ञानिओना पण ईश छे ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ १ ॥

शिवोऽथादिसङ्ख्योऽथ बुद्धः पुराणः
पुमानप्यलक्ष्योऽप्यनेकोऽप्यथैकः ।
प्रकृत्यात्मवृत्त्याऽप्युपाधिस्वभावः
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ २ ॥

भावार्थ—जे निरुपद्रव, तीर्थस्थापवामां आद्य, ज्ञानवान्, सर्वमां वृद्धरूप पुरुष, इन्द्रियोथी अगम्य, ज्ञानथी अनकल्पवाळो पण निश्चयथी तो एकज कर्मनी उपाधिथी मुक्त थई आत्मलीन-स्वभावमय छे ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ २ ॥

जुगुप्साभयाऽज्ञाननिद्राऽविरत्य—
ऽङ्गभूहास्यशुग्द्वेषमिथ्यात्वरागैः ।
न यो रत्यरत्यन्तरायैः सिषेवे
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ ३ ॥

भावार्थ—१ दुगन्छा, २ भय, ३ अज्ञान, ४ निद्रा, ५ अविरति, ६ कामाभिलाप, ७ हास्य, ८ शोक, ९ द्वेष, १० मिथ्यात्व, ११ राग, १२ रति, १३ अरति, अने दानादि पांच अन्तराय एव मळी १८ दोषोथी जे सेवाएलो नथी (सर्वथा मुक्त) ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ ३ ॥

न यो बाह्यसत्वेन मैत्रीं प्रपन्न-
स्तमोभिर्न नो वा रजोभिः प्रणुन्नः ।

त्रिलोकीपरित्राणनिस्तन्द्रयुक्त
स एक परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ ४ ॥

भावार्थ—जे लौकीकवाह्यसरखी मेत्री (पुद्गलरागदशा) ने प्राप्त थएलो नथी अने रजोगुणथी तथा तमोगुणथी पण प्रेराएलो नथी त्रणे लोकनी रक्षा माटे अप्रमत्तपणे वृत्ति छे जेमनी एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ ४ ॥

हृषीकेश ! विष्णो ! जगन्नाथ ! जिष्णो !
मुकुन्दाच्युत ! श्रीपते ! विश्वरूप !
अनन्तेति सम्बोधितो यो निराशैः,
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ ५ ॥

आ ४ ५ अने ७ मा काव्यमा-कृष्णस्वामिना नामो नामाथी स्तुति करवामा आवी छे ते ते शब्दोना अर्थ प्रमाण करता गुणोना तो एज परमपरमात्मा छे बाकी पौराणिकवालाओए तो नाममात्रथीज कल्पी लावेला छे कारण के तो तेवा अलौकिक गुणोवाली त द ना कल्पेली मूर्तिमा के ता तो तेवा गुणोवाला ते देवोना चरित्रो लखाएला जोवामा आवे छे मात्र तमोए कल्पना ते देवो नामथीज ना खरा परंतु गुणोथी नहीं एवो आ स्तुतिकारनो आशय छे

भावार्थ—हे हृषीकेश– अतीन्द्रियज्ञानिन् ! (१) हे विष्णो– ज्ञानथी सर्वव्यात ! (२) हे जगन्नाथ– जगत्ना जीवोना नाथ ! (३) हे जिष्णो– रागादिकने जितनार ! (४) हे मुकुन्द– पापथी छोडावनार (५) हे अच्युत– निजपदथी अच्युत ! (६) हे श्रीपत– केवलादि लक्ष्मीना पति ! (७) हे विश्वरूप– असंख्य प्रदेशथी आवृत ! (८) हे अनन्त– अन्तविनाना सिद्ध ! (९) एवी रीते जे आशा विनाना लोकोथी सबोधाएलो छे ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ ५ ॥

पुराऽनङ्गकालोऽरिरकाशकेशः
कपाली महेशो महाव्रत्युमेशः ।
मतो योऽष्टमूर्त्तिः शिवो भूतनाथः
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ ६ ॥

भावार्थ—(१) जे क्षपकश्रेणीसमये मलीन कामदेवनो शत्रु, (२) अन्तना आकाशनो ईश, (३) ब्रह्मचर्यने पालनार, (४) ऐश्वर्यने भोगनार, (५) महाव्रती, (६) केवलज्ञानरूप पार्वतीनो ईश, (७) सर्वजीवोने सुख करनार, (८) सर्वप्राणिओनो नाथ ए आठ मूर्तिरूपथी मनाएलो छे ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ ६ ॥

विधिर्ब्रह्मलोकेशशम्भूस्वयम्भू-
चतुर्वक्त्रमुख्याभिधाना विधानम् ।
ध्रुवोऽथो य ऊचे जगत्सर्गहेतुः
स एक परात्मा गतिर्मे जिनेन्द्र ॥ ७ ॥

भावार्थ—ब्रह्मा (१) लोकेश (२) शम्भू (३) स्वयंभू (४) चतुर्मुख (५) आदि नामोने धारण करनार अने जगत्ना भव्यप्राणिओने मोक्षमार्गनी रचना करवामां हेतुरूप ध्रुवपणे थतो एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ ७ ॥

न शूलं न चापं न चक्रादि हस्ते
न हास्यं न लास्यं न गीतादि यस्य ।
न नेत्रे न गात्रे न वक्त्रे विकारः
स एक. परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ ८ ॥

भावार्थ—जेमना हाथमां नथी तो त्रिशूल, धनुष, चक्रादिक अने जे नथी करतो हास्य नाट्य गीतादिक, तेमज नथी तो जेमना नेत्र, शरीर अने मुख उपर विकार एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याण माटे थाओ ॥ ८ ॥

न पक्षी न सिंहो वृषो नापि चाप
न रोषप्रसादादिजन्मा विकारः ।
न निन्द्यैश्चरित्रैर्जने यस्य कम्पः
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ ९ ॥

भावार्थ—तथा नथी तो जेमने पक्षी, सिंह अने बलदादि-वस्तु वाहन तेमज धनुष् विनानो अने रागद्वेषजन्य विकारथी मुक्त, अने जेमना निन्द्यचरित्रोथी, लोकोने पण भय नथी, एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ ९ ॥

न गौरी न गङ्गा न लक्ष्मीर्यदीय
वपुर्वा शिरो वाऽप्युरो वा जगाहे ।
यमिच्छाविमुक्तं शिवश्रीस्तु भेजे
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ १० ॥

भावार्थ—नथी तो जेमना शरीर साथे पार्वती अने नथी जेमना मस्तके गङ्गा, तेमज नथी जेमना वक्षःस्थल उपर लक्ष्मी उता पण जे इच्छारहित प्रभुने मोक्षलक्ष्मी वरी छे, एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥१०॥

जगत्सम्भवस्थेमविनाशहेतुं
रुलीस्थितालैर्यो जीवलोकम् ।
महामोहकूपे निचिक्षेप नाथ
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ ११ ॥

भावार्थ—जगतनी उत्पत्ति करवारूप, नाश करवारूप अने धारणरूपी भोग इन्द्रजालना स्वरूपथी जेमणे लोकोने महामोहरूपी कूवमां पण नाख्या नथी एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ ११ ॥

समुत्पत्तिविध्वंसनित्यस्वरूपा
यदुत्था त्रिपथ्येव लोके विचित्रम् ।
हरस्य हरिव्रं मतेर्बा स्वभावैः
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ १२ ॥

भावार्थ—तथा उत्पत्ति १ नाश २ अने नित्यरूप ३ जे त्रिपदी जेमनाथी प्रगट थएली तेज पोतपोताना स्वभावथी आ

१ अनादि अनन्तगाथा रहला-जीव अजीवादि पर्यायो कारणथी उत्पन्न थने भ्रम थई ने पण पाछा पोतपोताना स्वभावने प्राप्त थवाना एवो ज निश्चय थाता उपज्या छे तेने त्रिपदी कहवामां आवे छे

लोकमा ब्रह्मा १ विष्णु २ अने महेश ३ पणाना स्वरूपने धारण करीने रही छे एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ १२ ॥

त्रिकालत्रिलोकत्रिशक्तित्रिसन्ध्य-
त्रिवर्गत्रिदेवत्रिरत्नादिभावैः ।
यदुक्ता त्रिपदेव विश्वानि वव्रे
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ १३ ॥

भावार्थ—जेमनी कहेली उत्पाद १ व्यय २ ध्रौव्य ३ रूपी त्रिपदी– भूत १ भविष्य २ अने ३ वर्त्तमान काळथी । स्वर्ग १ मृत्यु २ अने ३ पातालना लोकथी । प्रभुत्व १ उत्साह २ अने ३ मन्त्रनी शक्तिथी । प्रात १ मध्यान्ह २ अने ३ सन्ध्याना रूपथी। धर्म १ अर्थ २ अने ३ काम ए त्रण वर्गथी ।ब्रह्मा १ विष्णु २ अने शिव ३ ए त्रण देवथी । ज्ञान १ दर्शन २ अने चारित्र ३ ए त्रण रत्नथी । ए आदि अनेक भावोथी सारा जगत्मा व्यापी रहेली छे एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ १३ ॥

यदाज्ञा त्रिपद्येव मान्या ततोऽसौ
तदस्त्येव नो वस्तु यन्नाधितष्ठौ ।

अतो ब्रूमहे वस्तु यत्तद् यदीय
स एकः परात्मा गतिर्मे जिनेन्द्र ॥१४॥

भावार्थ—जेनी त्रिपदी छे ते ज मान्य छे दुनीयामा कोई तेवी वस्तु पण नथी के जे त्रिपदीने धारण न करती होय एटलाज माटे कहिये छे के जेनी ए त्रिपदी छे ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ १४ ॥

न शब्दो न रूप रसो नाऽपि गन्धो
न वा स्पर्शलेशो न वर्णो न लिङ्गम् ।
न पूर्वापरत्व न यस्यास्ति सञ्ज्ञा
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ १५ ॥

भावार्थ—जेमने शब्द, रूप, रस, गन्ध, अने स्पर्श ५ ए पाचे विषयो नथी। श्वेतादिवर्ण, पुरुषादिलिंग, अने आ पहेलो आ बीजो एवी सञ्ज्ञा पण नथी एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याण माटे थाओ ॥ १५ ॥

छिदा नो भिदा नो न क्लेदो न खेदो
न शोषो न दाहो न तापादिरापत् ।
न सौख्य न दुःख न यस्यास्ति वाञ्छा
स एक परात्मा गतिर्मे जिनेन्द्र ॥ १६ ॥

भावार्थ—जेमनो शस्त्रादिथी छेद, करवतादिथी भेद, जला-दिथी आर्द्रपणु, खेद, शोप, दाह, ताप, आपत्ति, सुख, दु:ख, घाछादि पण नथी एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ १६ ॥

न योगा न रोगा न चोद्वेगवेगाः
स्थितिर्नो गतिर्नो न मृत्युर्न जन्म ।
न पुण्यं न पापं न यस्याऽस्ति बन्धः
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ १७ ॥

भावार्थ—मन, वचन अने कायाना योगो, अने रोगो, चित्तोद्वेग, आयु स्थिति, भवान्तरगति, मरण अने जन्म, पुण्य, पाप, तेमज कर्मनो बन्ध, ए सर्व प्रकार पण जेमने रहेलो नथी-एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याण माटे थाओ ॥ १७ ॥

तपः संयमः सूनृतं ब्रह्म शौचं
मृदुत्वार्जिवाऽकिञ्चनत्वानि मुक्तिः ।
क्षमैवं यदुक्तो जयत्येव धर्मः
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ १८ ॥

भावार्थ—तप १ संयम २ सत्य ३ ब्रह्मचर्य ४ अचौर्यता ५ निरभिमानता ६ सरलता ७ अपरिग्रहता ८ निर्ममता ९ अने क्षमा १० ए दश प्रकारनो यतिधर्म जेमनो कहेलो जयवतो वर्त्ते छे एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ १८ ॥

अहो निष्पाधारभूता धरित्री
निरालम्बनाधारमुक्ता यदास्ते ।
अचिन्त्यैव यद्धर्मशक्तिः परा सा
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ १९ ॥

भावार्थ—अहो इति आश्चर्ये जगत्‌ने आधारभूत आ पृथ्वी आलम्बन अने आधार विना रही छे ते पण जेमना कहेला दश प्रकारना यति धर्मनीज अचिन्त्य शक्ति छे एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ १९ ॥

न चाऽम्भोधिराप्लावयेद्‌ भूतधात्रीं
समाश्वासयत्येव कालेऽम्बुवाहः ।
यदुद्भूतसद्धर्मसाम्राज्यवश्यः
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ २० ॥

भावार्थ—जे प्रभुथी उत्पन्न थयेला दश प्रकार सद्धर्मना साम्राज्यने वश थएलो आ समुद्र पृथ्वीने डुबावतो नथी तेमज वर्षा पण वखतो वखत वर्षीने लोकोने धीरज आप्या करे छे एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥२०॥

न तिर्यग् ज्वलत्येव यज्ज्वालजिव्हो-
यदूर्ध्वं न वाति प्रचण्डो नभस्वान् ।
स जागर्त्ति यद्धर्मराजप्रभावः
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ २१ ॥

भावार्थ—जे भगवतना कहेला दश प्रकार धर्मराजाना जाग्रत प्रतापथी अग्नि तिरछो ज्वलित थतो नथी अने प्रचण्ड वायु पण उचो वातो नथी एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ २१ ॥

इमौ पुष्पदन्तौ जगत्यत्र विश्वो-
पकाराय दिष्टचोदयेते वहन्तौ ।
उरीकृत्य यत्तुर्यलोकोत्तमाज्ञा
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ २२ ॥

भावार्थ—जे चारे लोकमा उत्तम एवा लोकोत्तर भगवान्नी (परम परमात्मानी) आज्ञाने अगीकार करीने आ चन्द्र अने सूर्य पण आ दुनीयाने उपकार करवा माटे खुशीथी उदय थया करे छे एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ २२ ॥

अवत्येव पातालजम्बालपाताद्
विधायाऽपि सर्वज्ञलक्ष्मीनिवासान्।
यदाज्ञाविधित्साश्रितानङ्गभाजः
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ २३ ॥

भावार्थ—जे भगवन्तनी आज्ञा करवानी इच्छाने आश्रित थएला भव्य प्राणिओ छे तेमने सर्वज्ञलक्ष्मीना घररूप बनावी, नरक निगोदादिक कादवमा पडताथी बचाव करे छे एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याण माटे थाओ ॥ २३ ॥

सुपर्वद्रुचिन्तामणीकामधेनु-
प्रभावा नृणां नैव दूरे भवन्ति।
चतुर्थे यदुत्थे शिवे भक्तिभाजां
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ २४ ॥

भावार्थ—जे प्रभुथी प्रकट थएला चोथा लोकोत्तर मोक्ष-मार्गमा जे पुरुषो भक्तिवाळा थया छे तेमनाथी कल्पवृक्ष, चिन्तामणिरत्न अने कामधेनुना प्रभावो पण वेगळा रहेता नथी एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ २४॥

कलिव्यालवन्हिग्रहव्याधिचौर-
व्यथावारणव्याघ्रवीव्यादिविघ्नाः ।
यदाज्ञाजुपा युग्मिनां जातु न स्युः
स एकः परात्मा गतिर्मे जिनेन्द्र ॥ २५ ॥

भावार्थ—जे परम प्रभुनी आज्ञाने सेवन करनारा स्त्री पुरुषो छे तेमने क्लेश, सर्पभय, अग्निभय, ग्रहपीडा, रोग, चोरभय, हस्ति वाघनी श्रेणीनो भय इत्यादि दुष्ट विघ्नो कदी पण थता नथी एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ २५ ॥

अबन्धस्तथैकः स्थितो वा क्षयीवा
ऽप्यसद्वा मतो यैर्जडैः सर्वथाऽऽत्मा ।
न तेषां त्रिमूढात्मना गोचरो यः
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ २६ ॥

भावार्थ—जे अज्ञानिओए आत्माने एकान्तपणे कर्मना बन्धथी रहित, वडातिओनी पेठे। एकान्तपणे एकज, स्थिर, अने बौद्धनी पेठे विनाशी—स्वप्नवत् असत् माने छे ते जड पुरुषो विशपीतो ए सर्वे गुणोवालो आत्मा छे पण एकांतपणाथी नहीं एम कथन करवावाला जे सत्य प्रभुने नथी ओळखी शक्या एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥२६॥

न वा दुःखगर्भे न वा मोहगर्भे
स्थिता ज्ञानगर्भे तु वैराग्यगर्भे ।
यदाज्ञानिलीना ययुजन्मपारं
स एक. परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ २७ ॥

भावार्थ—जे प्रख्यो सत्य प्रभुनी आज्ञाने वश थया छे ते ससार—समुद्रथी पारने पण प्राप्त थया छे ते प्रभुनी आज्ञा दुःखगर्भवैराग्यमा के मोहगर्भवैराग्यमा रहेली नथी पण ते ज्ञान-गर्भवैराग्यतत्त्वमा रहेली छे एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ २७ ॥

विहायाऽऽश्रवं संवरं संश्रयैव
यदाज्ञा पराऽभाजि यैर्निर्निमेषैः ।

स्वकर्मैरकार्येव मोक्षो भवो वा
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ २८ ॥

भावार्थ—रे जीव ! आश्रवने त्यागी संवरनो आश्रय ले, एवा सामान्य वैराग्यवाळा पुरुषो होवा छता पण जे परम प्रभुनी आज्ञाना सेवनथी पोतानो भव (जन्म) मोक्षरूप बनाव्यो छे अर्थात् जीवनमुक्तरूप थया छे एवो ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ २८ ॥

शुभध्याननीरैरुरीकृत्य शौच
सदाचारदिव्यांशुकैर्भूषिताङ्गाः ।
बुधाः केचिदर्हन्ति य देहगेहे
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ २९ ॥

भावार्थ—केटलाक महापुरुषो धर्मध्यानरूप जलथी शौच अंगीकार करीने अने सदाचाररूप दिव्य वस्त्रोथी भूषित थइने, पोताना शरीररूप मन्दिरमा जे परमात्माना स्वरूपनी पूजा करे छे ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ २९ ॥

दयासूनृतोऽस्तेयनिःसङ्गमुद्रा–
तपोज्ञानशीलैर्गुरूपास्तिमुख्यैः ।
सुमैरष्टभिर्योऽर्च्यते धाम्नि धन्यैः
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ ३० ॥

भावार्थ—दया १ सत्यवचन २ पारका धनथी दूर रहेवु ३ परिग्रहथी मुक्त ४ इच्छानो रोध ५ तत्त्वनो बोध ६ महाव्रत ७ गुरुनी सेवा ८ ए आठ गुणनी प्राप्तिरूप पुष्पोथी पोतानी ज्ञान-ज्योतिमां पुण्यवत पुरुषो जे परमात्माने पूजी आठ कर्मनो क्षय करी रह्या छे ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ ३० ॥

महार्चिर्धनेशो महाज्ञामहेन्द्रो
महाशान्तिभर्ता महासिद्धसेन. ।
महाज्ञानवान् पावनीमूर्त्तिरर्हन्
स एक. परात्मा गतिर्मे जिनेन्द्र ॥ ३१ ॥

भावार्थ—जे अर्हन् भगवान् महाज्योतिरूप ऋद्धिना स्वामी छे, महाज्ञा करवामा महेन्द्र छे, महाशान्तरसथी भरेला छे, परम सिद्धोनी सेनावाळा छे, आ ठेकाणे सिद्धसेन एवु कविए

पोतानु नाम पण सुचन्यु छे, महाज्ञानवान् छे, अने जेमनी मूर्त्ति जगतने पवित्र करवावाळी छे ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ ३१ ॥

महाब्रह्मयोनिर्महासत्त्वमूर्त्ति-
महाहंसराजो महादेवदेवः ।
महामोहजेता महावीरनेता
स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥ ३२ ॥

भावार्थ—जे महानसज्ञाननी उत्पत्तिना कारणरूप, जे महाधैर्यनी मूर्त्तिरूप, सर्व जीवोनो पण जे महात्मा, महादेवोनो पण जे देव, जे महामोहने जीतनावाळो अने जे महावीरोनो पण अग्रेसर छे ते एकज जिनेन्द्र परमात्मा अमारा कल्याणने माटे थाओ ॥ ३२ ॥

इतिश्री सिद्धसेनसूरिविरचिता परमात्मस्तुति-
द्वात्रिंशिका समाप्ता ।

आ उपर लखेली बत्रीशीमा सर्वज्ञनी स्तुतिद्वारा परमात्माना स्वरूपनु वर्णन करी बतावेल छे तेवा योग्य परमात्माना कथन करेला यथार्थ तत्त्वोने ग्रहण करवा विचारी पुरुषो प्रेराय ते स्वभाविक छे पण यद्वातद्वा पुरुषोना कहेला यद्वातद्वा तत्त्वोने विचार कर्या वगर केवी रीते मानी शकाय ? कह्यू छे के—

श्रुतिर्विभिन्ना स्मृतयो विभिन्ना नैको मुनिर्यस्य वचः प्रमाणम्।
धर्मस्य तत्त्वं निहितं गुहायां महाजनो येन गतः स पन्था ॥

भावार्थ—वेदनी श्रुतिओ भिन्न भिन्न कथन थएली छे, तेम स्मृतिओना मत पण मळता नथी, न तो कोइ तेवो ऋषि थएलो छे के जेनु वचन प्रमाणिक थएलु छे, धर्मनो तत्त्व न जाणे कई गुफामा मुकी गया छे, छेवटनो रस्तो एज छे के महापुरुषो गया होय ते मार्गे चाल्या जवु ।

सज्जनो ! जैनधर्मवाळाओने आ श्लोकमा करेली उदासीनता रहेती नथी, केमके—सूक्ष्ममा सूक्ष्म तत्त्वोनो परस्पर विरोधरहित विचार एकज सर्वज्ञ पुरुषना मुखथी प्रकट थएलो अने सर्व विचारी पुरुषोने अक्षरे अक्षर मान्य थएलो छे आम होवा छता पण जणाववामा आव्यु छे के—

पुराण मानवो धर्मः साङ्गो वेदश्चिकित्सितः ।
आज्ञासिद्धानि चत्वारि न हन्तव्यानि हेतुभिः ।

भावार्थ—१८ पुराण, मनुनो कहेलो धर्म, अंगोनी साथे वेदो, अने वैद्यक आ च्यार शास्त्रोमा जे प्रमाणे कहेलु होय ते प्रमाणे मानी लेवु पण कोईए तर्क करीने तेनु खंडन करवु नहीं

विचार करो के प्रत्यक्ष विरुद्ध बाबतमा पंडितो तर्क कर्यां वगर रहे खरा के ? पुराणोमा केटली पोल छे ते तो दयानन्द-सरस्वतीना मंडले (आर्यसमाजे) जगत्मा प्रसिद्ध करीने मुकी छे वदोनी मान्यताने लईने थती हिंसानो अणगमो जैन अने बौद्धोने तो प्रथमथीज थएलो जगजाहेर छे, ते सिवाय भागवत धर्मवाला, कबीरदास, तुकाराम, विगेरे अनेक महापुरुषोए पण वदोथी थती हिंसानो अणगमो जाहेर करेलो छे तेमज दयानन्द-सरस्वतीजीने पण हिंसक श्रुतिओनी अरुचितो पुरेपुरी थएली हती पण सत्य क्या छे तेनु शोधन न करता केवल बापदादाना कुवामां पडीने डूबी मरवु कबूल राखी चवा वदोनो अर्थ चालती रूढि-प्रमाणे फेरवी जूदोज प्रकार करीने बताव्यो, तो ते आजकालना अल्पज्ञ पुरुषोनो करेलो वेदोनो अर्थ सत्यतत्त्वोना जिज्ञासुओने

आ उपर रखेली बनीशीमा सर्वज्ञनी स्तुतिद्वारा परमात्माना स्वरूपनु वर्णन करी बतावल छे तेवा योग्य परमात्माना कथन करेला यथार्थ तत्त्वोने ग्रहण करवा विचारी पुरषो प्रेराय ते स्वभाविक छे पण यद्वातद्वा पुरुषोना कहेला यद्वातद्वा तत्त्वोने विचार कर्या वगर कवी रीते मानी शकाय ? कह्यू छे के—

श्रुतिर्विभिन्ना स्मृतयो विभिन्ना नैको मुनिर्यस्य वच. प्रमाणम्।
धर्मस्य तत्त्व निहितं गुहाया महाजनो येन गत. स पन्था. ॥

भावार्थ—वेदनी श्रुतिओ भिन्न भिन्न कथन थएली छे, तेम स्मृतिओना मत पण मळता नथी, न तो कोई तेवो ऋषि थएलो छे क जेनु वचन प्रमाणिक थएलु छे, धर्मनो तत्त्व न जाणे कई गुफामा मुकी गया छे, छेवटनो रस्तो एज छे के महापुरुषो गया होय ते मार्गे चाल्या जवु।

सज्जनो ! जैनधर्मवाळाओने आ श्लोकमा करेली उदासीनता रहेती नथी, केमके—सूक्ष्ममा सूक्ष्म तत्त्वोनो परस्पर विरोधरहित विचार एकज सर्वज्ञ पुरुषना मुखथी प्रकट थएलो अने सर्व विचारी पुरुषोने अन्तरे असर मान्य थएलो छे आम होवा छता पण जणाववामा आव्यु छे के—

पुराण मानवो धर्मः साङ्गो वेदश्चिकित्सितः ।
आज्ञासिद्धानि चत्वारि न हन्तव्यानि हेतुभिः ।

भावार्थ—१८ पुराण, मनुनो कहेलो धर्म, अंगोनी साथे
वेदो, अने वैद्यक आ च्यार शास्त्रोमा जे प्रमाणे कहेलु होय ते
प्रमाणे मानी लेवु पण कोईए तर्क करीने तेनु खंडन करवु नहीं

विचार करो के प्रत्यक्ष विरुद्ध बाबतमा पंडितो तर्क कर्या
वगर रहे खरा के ? पुराणोमा केटली पोल छे ते तो दयानन्द
सरस्वतीना मंडले (आर्यसमाजे) जगत्मा प्रसिद्ध करीने मुक
छे वेदोनी मान्यताने लईने थती हिंसानो अणगमो जैन अ
बौद्धोने तो प्रथमथीज थएलो जगजाहेर छे, ते सिवाय भागव
धर्मवाला, कबीरदास, तुकाराम, विगेरे अनेक महापुरुषोए प
वेदोथी थती हिंसानो अणगमो जाहेर करेलो छे तेमज दयानन्द
सरस्वतीजीने पण हिंसक श्रुतिओनी अरुचितो पूरेपुरी थएली ह
पण सत्य क्यां छे तेनु शोधन न करता केवल बापदादाना कुवा
पडीने डूबी मरवु कबूल राखी बधा वेदोनो अर्थ पोतानी रु
प्रमाणे फेरवी नूतन प्रकार करीने बताव्यो, तो ते आजकाल
अल्पज्ञ पुरुषोनो करेलो वेदोनो अर्थ सत्यतत्त्वोना जिज्ञासुओ

मान्य थाय खरो के ? तथा 'न हन्तव्यानि हेतुभिः' ए वाक्यथी तो हिंसाथी थतो अत्याचार तेमज ब्रह्मा विष्णु अने शिवजीना नामथी लखी मुकेला अनाचार अने परस्परविरुद्ध लखाएला असत्य विचारोनेज मनाववा कोशीस करेली होय एम प्रत्यक्षपणे सिद्ध थाय छे, एटलाज माटे कोई महात्मा कही गया छे के—

अस्ति वक्तव्यता काचित् तेनेद न विचार्यते ।
निर्दोष काञ्चन चेत् स्यात् परीक्षायां बिभेति कः ? ॥

भावार्थ—वेद पुराणादिकमा घणी गरबड थएली छे तेथीज विचार करवानी ना पाडी रह्या छे, ए पण एक जातनो हठज छे जेनु सोनु निर्दोष छे ते शु परीक्षा कराववाथी कदी डरे खरो के ? सत्य होय ते तो न्यायी पुरुषोना आगळ सत्यज प्रगट थाय उदाहरण तरीके अमोए आ चोपडीमा दाखल करेला जैनधर्मविषयक लेखोना लेखक्रमदाशयोज बस छे बीजा उदाहरणोनी जरूरज शी छे ? वदपुराणोमा लखेला बधाए सृष्टिना कर्त्ता साचाज छे तो अमारा करेला आ नव प्रश्नोना खुलाशा न्यायपूर्वक युक्तियुक्त कोइ प्रकट करशे तो घणा लोकोने विचार करवानी तक मळशे

१ अनादिना एकज परमात्माए आ जगत्नी रचना करी त्यारे तो जगत्नी आदि अने परमात्मानी अनादि थाय के नहीं?

२ परमात्मा अनादिनो छे तो ते पहेला केटला कालसुधी बेशी रह्या पछी रचना करवानी उपाधिमा पड्या हशे ?

३ आ पृथ्वी अने आकाश बनता पहेला परमात्मा पोते कया ठेकाणे रहेला हशे वारु ?

४ वळी कहो छो के– परमात्मा तो निरञ्जन निराकार छे, तो तेने पग, पेट, माथु होय खरु के ?

५ कहेशो न होय, तो पछी वेदनीज श्रुतिओमा परमात्माना पेट, पग अने माथाना क्रमथी नरक, मर्त्य अने स्वर्ग ए त्रण जगत्नी उत्पत्ति केम लखी हशे ?

६ अने ते त्रणे लोकनी उत्पत्तिनी श्रुतिओ झूठी लखी हशे के साची ?

७ जीवो अने परमाणुओ तो लोकोमा अनादि मनाय छे तो ते सृष्टिनी रचना पहेला हता के नहीं ?

८ कदाच कहेशो के जीवो अने परमाणुओ सृष्टिनी रचना पूर्वे हता तो पछी परमात्माए कई वस्तुनी रचना करी ?

९ जो जीवो अने परमाणुओ प्रथम न हता तो निरंजन निराकार परमात्मा आ प्रत्यक्ष देखाता जीवो अने परमाणुओ क्या स्थानमांथी लावीने आपणा प्रत्यक्षमां मुक्या हशे ? जो कहेशो के बनाव्या वगर कोई चीज बननी जोइ ?, हा, वर्षाऋतुमां करोडो चीजो थाय छे त्यां कयो ईश्वर बनाववा आवतो जोयो ? तथा पहेल्पेलो कोई बनावनार जोइए एम जो कहेशो तो परमात्मानो पण कोई बनावनार केम न जोइए ?

अमारा समजवा प्रमाणे आ सृष्टि अनादिकाळना प्रवाहथी चालती आवेली छे छतां जो कोई कर्त्ता मानवामां आवे तो ते कर्त्तांना सबबे असंख्य दूषणोनी गाठ उभी थाय छे ते घणुज अनिष्ट थाय छे, अने ते अनेक दूषणो बतावनारां अनेक पुस्तको जैनधर्मविजिओना तरफथी प्रगट थई गएला छे, तेथी आ विषयने वधारे न लंबावता मात्र वाचकोने विचार करवानी खातर आ नव प्रश्नोनो उल्लेख करी फॉर्मने पूर्ण करुं छुं सुज्ञेषु किं बहुना ।

जैनेतरदृष्टिए जैन.

द्वितीय भाग

यूरोपियन विद्वानो ना अभिप्रायो

डॉ. हर्मनजेकोबीनी जैनसूत्रोनी प्रस्तावना.

(प्रथम भाग.)

[अनुवादक-शाह अंबालाल चतुरभाई, बी ए]

'[1] × × × × × अत्यार सुधीनी आपणी सघळी चर्चा जैनोना पवित्रग्रंथोमांथी उपलब्ध थती परंपरागत कथाओनी प्रमाणिकता उपर ज चालेली छे परन्तु एक अतिशयविशाल-ज्ञानवाला अने कुशलविचारक विद्वाने ए प्रमाणिकताना सम-ग्रमाज शंका करेली छे ए विद्वान् ते मी बार्थ (Barth) छे

---

१ उपरना भागमां जैनोना अन्तिमतीर्थंकर श्री महावीर थया छे तेमनी उत्पत्तिनो सबन्ध बौद्धोथी भिन्न ठराववा प्रयत्न करेलो छे ते प्राय वसुदेव नरहर उपाध्यना लेखनी साथे मळता जेवा होवाथी छोडी दई मात्र जैनोना पवित्रग्रंथोनी कथानो पाछलो भाग अक्षरश अमोए लीधलो छे, माटे जेओने पूर्वनो भाग जोवानी इच्छा थाय तेमणे जैनसाहित्य-संशोधक त्रिमासिकना भाग १ नो अंक बीजो जोइ लेवो ....

ते पोताना Revue de ll' Histoire des Religions Vol III P 90 मा नातपुत्त नामनी एक ऐतिहासिक व्यक्तिनो स्वीकार करे छे खरो, परन्तु जैनोना पवित्रग्रन्थो, छेक ई० स० नी पाचमी सदीमा–एटले केए सप्रदायनी स्थापना थया पछी लगभग एक हजार जेटला वर्षो व्यतीत थया बाद, लखाएला होवाथी तेना आधारे कोई पण सबळ अनुमान करी शकवाना सबधमा ते मोटी शका धरावे छे जैनधर्मना सबधमा तेनो एवो अभिप्राय छे क ए सप्रदायना ते प्राचीन काळथी लई पुस्तको लखाता सुधीना समय सुधीना, स्वमवदित अने सतत एवा अस्तित्वनो–अर्थात् तेना खास खास सिद्धातो अने नोंधोनी निरतर परपरानो–हजी सुधी निर्णयात्मक रीते निकाल थयो नथी वली ते जणावे छे के ' घणी शदियो सुधी तो जैनो, तेमना जेवा बीजा अनेकसन्यासीवर्गो क जे फक्त अप्रसिद्ध अने अस्थिररूपे पोतानो जीवन गाळता हता तेओथी भिन्नरूपे ओळखायाज नहोता ' तेथी मि बार्थना अभिप्राय मुजब जैनोनी साम्प्रदायिकपरपराओ त मात्र बौद्धपरपराओना अनुकरणरूपे, तेमणे पोताना अस्पष्ट अने अनिश्चित स्मरणोमाथी उपजावी काढेली छे

मी बार्थेनो आ मत एवा अनुमान उपर स्थिर थएलो मालुम पडे छे के, जैनो पोतानु पवित्र ज्ञान एक पेढीथी बीजी पेढीने आपवामा अगाउ वडरकार रह्या हता, अने तेम रहेवामां कारण ए छे के, ते बधी शदीओ सुधी मात्र एक नानो अने अनुपयोगी सम्प्रदाय हतो मि बार्थनी आ दलीलमा हु काई प्रकारनु वजन जोई शकतो नथी हु अहीं ए प्रश्न पूछु छु के— जे धर्म पोताना थोडाक अनुयायिओ वडे एक मोटा प्रदेश उपर पथराएलो होय ते धर्म पोताना मौलिकसिद्धातो अने परपराओने वधारे सुरक्षित राखी शके छे, के जे धर्मने एक मोटा जनसमूहनी धार्मिक जरुरीआतो पूरी पाडवानी होय छे ते ? ए बेमानी कई बाबत वधारे सभवित छे ? जो के एकदरगीते आ प्रकारनी हेत्वाभासात्मक तर्कपद्धतिथी आवा प्रश्नो निर्णय थवो तो अशक्यज छे उपर्युक्त बे पक्षोना प्रथम पक्षमा याहुदी तथा पारसीओनु उदाहरण रजु करी शकाय छे अने बीजा पक्षमा रोमन कॅथोलिक धर्मनो दाखलो आपी शकाय छे परन्तु जैनो सबधी प्रस्तुत प्रश्नना वादविवादनो निर्णय करवामा आवी जातना सामान्य सिद्धातो उपर आधार राखवानी काई आवश्यकता नथी कारण के तेओने (जैनोने) पोताना सिद्धातोनु एटलु बधु स्पष्ट ज्ञान हतु के तेओए अगीज बनीवी बाबतमा मतभेद धरावनार

पुरुषोने पण निन्हवरूप जाहेर करी, पोताना श्रद्धाळुओना विशाळ समुदायमांथी तेमने जुदा करी दीधा हता आ कथननी सत्यताना प्रमाण तरीके डॉ ल्यूमने (Dr Leumonn) प्रकट करेली श्वेताम्बरसम्प्रदायनी सात निन्हवो विषेनी परंपरा छे तथा दिगम्बरो जे श्वेताम्बरोथी महावीरनिर्वाण पछी प्राय बीजी अथवा त्रीजी शताब्दिमा जुदा पड्या हता, तेओ कांई तेमना प्रतिस्पर्द्धिओ (श्वेताम्बरो) थी तात्त्विक सिद्धांतोमा मोटो मतभेद धरावता नथी छता पण आचारविषयक तेमना केटलाक भिन्न नियमोने लीधे, श्वेताम्बरोए तेमने पाखंडियोना नामे वगोव्या छे

आ सघळी हकीकतो उपरथी आ बाबत स्पष्ट रीते सिद्ध थाय छे के जैनागमो (नु हाल्नु स्वरूप) नक्की थया पहेलां पण जैनधर्म एवा अव्यवस्थित अथवा अनिर्दिष्ट स्वरूपमा विद्यमान न हतो, के जेथी, तेनाथी अन्यतभिन्न एवा अन्यधर्मो (दर्शनो)-ना सिद्धांतो द्वारा तेनु अमल स्वरूप परिवर्त्तित अगर कलुषित थयु हतु, एम माननाने आपणने कारण मळे परन्तु आथी विरुद्ध उपर्युक्त प्रमाणो एम तो सिद्ध करी आपे छे खरा के तेमनी सूक्ष्ममा सूक्ष्म मान्यता पण सुनिश्चित स्वरूपवाळी हती

---

१ See Indische Studien, XVI

जेवी रीते जैनोना धार्मिक सिद्धान्तोनी वातनो आ
ले सिद्ध थई शके छे तेवीज रीते तेमनी ऐतिहासिक-
परंपराविषयक वातनो पण सिद्ध थई शके तेवी छे
वंशपरम्परायी चालती आवती जे विविधगच्छोनी निम्ना-
रयुक्त गुर्वावलिओ मळी आवे छे तथा जैन आगमग्रंथोमा जे
स्थविरावलिओ उपलब्ध थाय छे ते स्पष्ट बतावी आपे छे के
जैनो पोताना धर्मनो इतिहास राखवामा केटलो बधो रस धरावता
हता हु एम काई चोक्कस नथी कहेतो के आवी गुर्वावलिओ
पाछळथी पण जोडी कढाती नथी के अपूर्ण पट्टावलिओने पूर्ण,
एटले हिंदुओना शब्दमा कहिये तो 'पकी' बनावी शकाती
नथी, कारण के दरेक सम्प्रदायने, पोतानो सम्प्रदाय एक प्रतिष्ठित
आप्तपुरुषथी प्रमाणीक रीते उतरी आवेलो छे, एम बताववा
खातर पोतानी गुरु परपराना नामो उपजावी काढवानी स्वाभा-
विक रीतेज जरूर पडे छे परन्तु कल्पसूत्रमा जे एक, स्थविरो,
गणो अने शाखाओनी विस्तृत नामावली आपेली छे तेने कल्पी
काढवामा जैनोने कोई पण प्रकारनु प्रयोजन होय तेम हु मानी
शकतो नथी कल्पसूत्रमा जेटली विगतो आपेली छे—तेटली पण

१ See Dr Klatt, Ind Ant. Vol XI

विगतोनु ज्ञान त्यारे पछीना जैनोने रह्यु न हतु तेम तेथी अधिक जाणवानो तओए क्यारे डोळ पण कर्यो न हतो गुरुपरपरानो नोंधयोग्य बधो व्यवहार चलाववा माटे कल्पसूत्रमा आपेली सक्षिप्त स्थविरावलि पर्याप्त हती तेम छता पण तेमा आवेली विस्तृत स्थविरावलि के जेमा पण केटलाक तो एकला नामोज जोवामा आवे छे–ते ए बाबत स्पष्ट रीते जणावे छे के जैनो पोताना प्राचीन धर्माचार्यो—स्थविरोनी यादगिरी राखवामा केटलो बधो रस धरावता हता ते स्थविरावलीमा आलेखेला युगो तथा बनावोनी यथार्थ माहिती तेना पछी थोडीकज सदीओमा नष्ट थई गई हती परन्तु मात्र आटलु सिद्ध करी बतावववापी के जैनो तेमना आगमोनु स्वरूप नक्की थया पहेला पण पोताना धर्म तथा सप्रदायने सतत चालु राखवा माटे, तेमज अन्यदर्शनीयसिद्धातोना समिश्रणयोगे उत्पन्न थती भ्रष्टताथी तेने बचावी सुरक्षित राखवा माटे योग्य गुणसपन्न हता, आपणे आ विषयमा कृतकार्य थई शकता नथी आपणे ए पण बतावी देवु जरूरनु छे के तेओमा जे जे बाबत करी शकवानु सामर्थ्य हतु त सघळु तेमणे सपूर्ण रीते कर्यु हतु आ चर्चा उपरथी आपणे स्वाभाविक रीतेज वर्तमान जैनसाहित्यना काळनी चर्चा उपर आवी जइए छीए आ

विषयमा जो आपणे आटलु सिद्ध करी शकीए के जैनसाहित्य अथवा तो छेवटे ते पैकी जे केटलाक सौथी प्राचीन ग्रथो छे, ते जैनपुस्तकारोहणना समयथी घणी सदीओ पहेला रचाएला हता तो ते द्वारा आपणे जैनोना अतिमतीर्थंकर अने प्राचीनमां प्राचीन ग्रथो ए बन्ने वचेना गाळान, जो क सर्वथा दूर नहीं करी शकीए तो पण घणे अशे अल्प करी आपवा समर्थ थई शकीशु सर्वसम्मत सप्रदायनी अनुसार जैनसिद्धात वलभिनी सभामा देवर्द्धिगणिना अध्यक्षपणा नीचे निश्चित करवामा आव्यो हतो आ बनाव वीरनिर्वाण पछी ९८० (अथवा ९९३) मा वर्षे एटले इ० स० ४५४ (अगर ४६७) मां[१] बन्यो हतो एम कल्पसूत्र [§ १४८] उपरथी जणाय छे सप्रदाय एवो छे के ज्यारे देवर्द्धिगणिए सिद्धातने नष्ट थई जवाना जोखममा जोयो त्यारे तमणे तेने पुस्तकाधिरूढ कराव्यो तेनी पहेला आचार्यो क्षुल्लकोने सिद्धात शिखवती वखते लिखितग्रथोनो बिल्कुल उपयोग करता न होता देवर्धिगणिना समय पछी ज लिखितपुस्तकोना उपयोग शरू थयो आ हकीकत तद्दन साची छे कारण

---

१ समकित न लागतु होवा छतां ए शक्य छ क सिद्धातनिर्णयनो समय था वर्ता ६० वष पछी एटले इ स ५१४ (अथवा ५२७) होवो जोइए जुओ कल्पसूत्र, उपोद्घात पृ १७

के प्राचीन समयमा पुस्तकोनो बिलकुल उपयोग थतो नहतो एम आपणने बीजी हकीकतो उपरथी पण जणाई आव छे ब्राह्मणो तो लिखितपुस्तक करता पोतानी स्मरणशक्ति उपरज विशेष आधार राखता हता अने निसन्देहरीते जैनोए तेमज बौद्धोए तेमनीज आ प्रथानु अनुकरण कर्यु हतु परन्तु अत्यारे जैनयतिओ पोताना शिष्योने शास्त्र शीखववी वखते लिखित पुस्तकोनो उपयोग अवश्य करे छे आ उपरथी आपणे मानवु पडे छे के शिक्षणपद्धतिमा थएलो आ फेरफार देवर्द्धिगणिने आभारी छे, एम बतावनारो वृद्धसंप्रदाय तद्दन साचो छे कारण के आ बनाव बहुज महत्वनो होवाथी भुली शकाय तेम नथी प्रत्येक आचार्यने अथवा तो छेवटे प्रत्येक उपाश्रयने आ पवित्र आगमोनी नकलो पूरी पाडवा माटे देवर्द्धिगणिने सिद्धांतना पुस्तकोनी खरेखर घणी मोटी संख्या तैयार करावबी पडी हशे हवे देवर्द्धिगणिए सिद्धांतने पुस्तकारूढ कराव्यो एवो जे लेखी संप्रदाय मळे छे तेनो भावार्थ प्राय उपर प्रमाणेनो ज होवो जोईए कारण के एतो भाग्येज मानी शकाय तेवु छे के तनी पहेला जैनसाधुओ जे काई कण्ठस्थ करता हशे तेने सर्वथा नज लखता होय ब्राह्मणो वेदनु अध्ययन करावबामां लिखित

पुस्तकोनो उपयोग करता नथी छता पण तेमनी पासे तेवा पुस्त-
को तो जरूर जोवामा आवे छे तेओ (ब्राह्मणो) आ पुस्त-
कोने खानगी उपयोग माटे एटले के गुरुनी स्मरणशक्तिने मदत
करवा माटे राखे छे मारू दृढ मानवु छे के जेनो पण आज पद्धतिने
अनुसरता हशे वरके तेओ (जेनो) ब्राह्मणोथी पण वधारे आ पद्धतिनु
अनुसरण करता हशे, केमके ब्राह्मणोनी माफक तेओनु एवु मानवु
तो हतु ज नही के लिखितपुस्तको अविश्वस्य छे तेओ तो
मात्र जे एक प्रचलित रिवाज हतो, के आगमनु ज्ञान मोखिक-
रीते ज एक पेढी द्वारा बीजी पढीने अपावु जोईए तेने लईने
जेन लिखितग्रन्थोनो विशेष उपयोग करवामा सकोचाता हता.
हु अहीं एम प्रतिपादन करवा इच्छतो नथी के जेनोना पवित्र
आगमो असल्थी ज छुटा छवाया पण आवी रीते पुस्तकोमां
लखेलाज हता अने एम न कहेवानु खास कारण बीजू काई
नहीं परन्तु बौद्धभिक्षुओ पासे लिखितपुस्तको न हता एम जे
कहेवाय छे तेज छे बौद्धभिक्षुओ पासे आवा पुस्तको नहता तेना
प्रमाण तरीके एवु कहेवामा आवे छे के तेमना सूत्रोमां, ज्यारे
प्रत्येक जगमवस्तुथी लईने नानामा नानी अने क्षुद्रमा क्षुद्र
एवी घरमा वापरवा लायक वासणो जेवी चीजोनो पण कोईने

कोई रीतिए उल्लेख थएलो अवश्य जडे छे ' त्यारे लिखितग्रन्थ-कोनो क्याए पण बिल्कुल उल्लेख थएलो जोवामा आवतो नथी आ कथन, मारा मानवा प्रमाणे, ज्यासुधी जैनयतिओ भ्रमणशील जीवन गुजारता हता त्यां सुधी तेमने पण लागु पडे तेवु छे परन्तु ज्यारथी तेओ पोताना तावाना अथवा पोताना माटे बनावेला उपाश्रयोमा रहेवा लाग्या त्यारथी तेओ पोताना हस्तलिखित पुस्तको पण अन्यारनी माफक राखवा लाग्या हता आ दृष्टिए जोता, देवर्द्धिगणिनो जैनआगमसाहित्य साथेनो सबध साधारण रीते जेम मनाय छे, तेनाथी कोई विलक्षण प्रकारनो होय तेम जणाय छे तेमणे वस्तुत तेमनी पहेला अस्तित्व धरावता हस्तलिखित ग्रन्थोने सिद्धातना आकारमा गोठवी दीधा हता अने तेम करती वखते जे जे सूत्रो—आगमोना हस्तलिखितग्रन्थो उपलब्ध थया नहोता ते सघळा तमणे विद्वान् आचार्योना मुखेथी लखी लीधा हता

वळी, आवी रीते धार्मिकशिक्षणपद्धतिमा दाखल थएला आ नवा फरफारने लीधे पुस्तको एक अत्यावश्यक साधनरूप

---

1 Sacred Books of the East, Vol XIII, Introduction P XXXIII

थई पडेला होवाथी प्रत्येक उपाश्रयने ए आगमग्रन्थोनी नकलो पूरी पाडवा माटे तेनी घणी नकलो करावबामा आवी हशे आ रीते जोता देवर्द्धिगणीनी सिद्धान्तनी आवृत्ति ते तेमनी पहेला अस्तित्व धरावता पवित्र सिद्धान्तग्रंथोनो लगभग प्राचीनज आकारमा निर्णीत करेलो एक नवो पाठ मात्र छे आ आवृत्तिकारे, संभव छे के, प्राचीन सिद्धातमा कोईक कोईक उमेरा कर्या हशे. परन्तु आटला उपरथी सपूर्ण सिद्धात नवो बनाववामा आव्यो छे एम तो खरे खर नज कही शकाय आ अन्तिमआवृत्तिमा निर्णीत थएला पाठनी पूर्वेनो सिद्धातपाठ पण केवळ यतिओनी स्मरणशक्तिना आधारे ज रखवामा आवता पाठ जेवो अव्यवस्थित नहोतो परंतु ते पाठ हस्तलिखितप्रतिओ साथे मेळवेलो हतो.

आटलु विवेचन कर्या बाद हवे आपणे जैनोना पवित्र आगमोनी रचनानो समयविषयक विचार करीए सपूर्ण आगमशास्त्र प्रथम तीर्थंकरनु ज प्ररूपेलु छे ए जातना जैनोना विचारनु तो निराकरण करवा खातरज हु अहीं सूचन करूछु सिद्धातना मुख्यग्रन्थोनो समय नक्की करवा माटे आपणे आना करता वधारे सारा प्रमाणो—पुरावाओ एकत्र करवा जोईए छूटक अने असबद्ध सत्रालापको गमे त्यारे आगमग्रन्थोमा दाखल थई गया होय] तथा

देवर्द्धिगणीए पण भले तेने पोतानी आवृत्तिमा स्वीकारी लीधा होयें पण तेटला उपरथी आपणे कोइ प्रकारनु मक्कम अनुमान करी शकीए नहीं हु म्लेन्छ अथवा अनार्य जातिओनी[1] जे यादिओ ए सूत्रोमा मळी आवे छे ते उपर वधारे वजन मुकी शक्तो नथी तेमज साते निन्हवो के जेमानो छेल्लो वीरनिर्वाण पछी ५८४ वर्षे थयो[2] हतो तेना उल्लेख उपरथी पण काई अनुमान करी शकाय नहीं आवा प्रकारनी विगतोना सबन्धमा जो एम मानवामा आवे के जे आचार्यो पोतानी शिष्यपरंपराने पेढी दरपेढीए लिखित या कथितरूपे सिद्धान्तपाठ सोंपता गया हता, तेओए ते (विगतो) ने सिद्धातनी टीका टिप्पणीरूपे अगर तो मूल मुद्दामा पण दाखल करी दीधी हती तो तेमा काई अस्वाभाविकता जेवु नथी परन्तु सिद्धान्तमा एक महत्त्ववाळी बाबत ए जणाय छे के तेमा कोई पण स्थळे ग्रीकलोकोना खगोळशास्त्रनी गन्ध सरखी

---

१ अनार्यजातिओमानो 'आरव' शब्द त वेवरना धारवा प्रमाणे कदाच 'आरब' वाचक बने, परंतु मारा मानवा प्रमाण ते शब्द तामिलो ' ना वाचक छे, कारण के तामिलोनी भाषाने द्रविडीयन लोको अरवमु कह छे

२ See Weber Indische Studien XVI, P 237.

जोवामा आवती नथी कारण के जैनज्योतिषशास्त्र ते, वास्तविकमां एक अर्थरहित अने अश्रद्धेय कल्पनामात्र छे तेथी आपणे एम अनुमान करी शकीए छीए छे के जैनज्योतिषशास्त्रकारोने ग्रीकजातिना खगोळशास्त्रनी सहेज पण माहिती होत तो तेवु अर्थबद्ध तेओ जरूर न रचत हिंदुस्थानमा ग्रीकनु आ शास्त्र ई स नी त्रीजी अगर चोथी शताब्दिमा दाखल थयुं हतु एम मनाय छे, आ उपरथी आपणे ए रहस्य काढी शकीए छीए के जैनोना पवित्र आगमो ते समयनी पहेला रचाया हता

जैन आगमोनी रचनाना समयनिर्णय माटे बीजु प्रमाण ते तेनी भाषाविषयक छे परन्तु, कमनसीबे हजी सुधी ए प्रश्नतु स्पष्ट निराकरण थयु नथी के जैनागमो जे भाषामा अत्यारे आपणने उपलब्ध थाय छे तेज तेनी मूळभाषा छे अर्थात् जे भाषामा सौथी प्रथम तेनी संकलना थई हती तेज भाषामां अत्यारे आपणने उपलब्ध थाय छे, के पाछळथी पढी दरपेढीए तें ते काळनी रूढ (प्रचलित) भाषानुसार तेमा उच्चारणपरिवर्तन थता थता छेक देवर्द्धिगणिना नवीन संस्करणवखतनी चालु भाषाना उच्चारण पर्यन्तनी भाषाथी मिश्रित थएल आजे मळे छे? - आ बे विकल्पोमानो मने तो बीजोज विकल्प स्वीकरणीय लागे-

छे कारण क ए आगमोनी प्राचीन भाषाने चालु भाषानी रूढिमा फेरववानो वहिवट ठेठ देवर्द्धिगणि सुधी चालु रह्यो हतो अने अन्ते देवर्द्धिगणीना संस्करणेज ते वहिवटनो अन्त आण्यो हतो, एम मानवाने आपणने कारणो मळे छे जैनप्राकृतभाषामा स्वरूपसगत वर्णविन्यासनो जे अभाव दृष्टिगोचर थाय छे तेनु कारण जे लोकभाषामा (Varnacular Language) ते पवित्र आगमो हमेशा उच्चाराई रह्या हता, ते भाषामा निरन्तर थतु रहेलु क्रमिक परिवर्त्तनज छे जैनसूत्रोनी सघळी प्रतिओमा एक शब्द एकज रीते लखेलो जोवामा आवतो नथी आ वर्णविन्यासविषयक विभिन्नताना मुख्य कारणोमानु एक कारण तो बे स्वरो वच्चे आवता असयुक्तव्यजननो प्रकृतिभाव (तदवस्थ राखवा रूप), लोप क मृदुकरण थवा रूप छे, अने बीजु कारण बे सयुक्तव्यजनोनी पूर्वेना ए अने ओने तदवस्थ एटले कायम राखवा रूप अथवा तेने क्रमथी इ अने उ ना रूपमा परिवर्तित करवा (लघूकरण) रूप छे, ए तो अशक्यज छे के एकज शब्दना एकज समयमा एकथी वधारे शुद्ध गणवा लायक उच्चारो होई शके उदाहरण तरीके—भूत, भूय, उदग, उदय अने उअय, लोभ, लोह, इत्यादि आपणे आ प्रकारनी

१ हु एम नथी कहतो के कोई पण शब्दना एक काळमा बे प्रयोज

जुदी जुदी लेखनपद्धतिओने ऐतिहासिक लेखनपद्धतिओ मानवी जोईए एटले के देवर्द्धिगणीवाळा सिद्धान्तसम्स्करणमा साहायभूत बनेली बधी हस्तलिखितप्रतिओमा जे जे भिन्न भिन्न लेखनपद्धतिओ मळी आवती हती ते बधी प्रमाणिक मानवामा आवी हती अने तेथी ज सघळी पद्धतिओने ए सूत्रनी नकलोमा सचवी राखवामां आवी हती आ विचार जो युक्तियुक्त जणातो होय तो आपणे सहुथी प्राचीन अने रूढिबहिष्कृतलेखनपद्धतिने आगमरचनाना आदिसमयनी अथवा तो तेना निकटसमयनी उच्चारसूचक मानी शकीए अने सहुथी अर्वाचीन लेखनशैलिने सिद्धान्तना अन्तिम-सम्स्करणना समयनी अगर तेनी नजीकना समयनी उच्चारदर्शक मानी शकिये वळी सहुथी प्राचीनरूपमा उपलब्ध थती जैन-

---

न होइ शक बन्ने रुपो थाड्रा घणाज शब्दो थया हशे परन्तु प्राय प्रत्यय शब्दना बन्ने त्रण त्रण रुपो एक साथे प्रचलित रहेवानी बाबतमा मने जरुर शका रहे छे

१ काइ कहीं एवी दलाल कया करे छे के आवी जाप एटले रूढि-बहिष्कृतलखपद्धतिना अस्तित्वनु कारण मात्र सस्कृतभाषानी असर छे परन्तु जैनोनु प्राकृतभाषानु ज्ञान हमेशा एटल बधु सगीन रह्यु हतु के एथी तमन पोताना आगमाने समजवा माटे सस्कृतनी सहायता लेवीज पडती नहोती के जथी तनी तेना उपर असर पडे, परन्तु आथी उल्टु

प्राकृतभाषाने, पाली तथा हाल मेतुबंध विगेरेनी (पाछला समयनी) प्राकृत साथ जो आपणे सरखावीशु तो आपणने स्पष्ट जणाशे के जैनप्राकृत ए पाछलनी प्राकृत करता पालीने वधारे मळती आवे छे आ उपरथी आपणे एवा निर्णय उपर आवी शकीए छीए के कालगणनानी दृष्टिए पण जैनोना आगमो त्यार पछीना समयमा थएला प्राकृतग्रथकारोना ग्रथो करता दक्षिणना बौद्धसूत्रो [ना रचनासमय] साथे वधारे समीपता धरावे छे

परन्तु आपणे जैन आगमोनी रचनाना समयनी मर्यादा, तेमा प्रयोजाएला छदोनी मददथी, आथी पण वधारे निश्चित रीते आंकी शकीए तेम छीए हु आचाराग अने सूत्रकृतागसूत्रना प्रथम-स्कधोने सिद्धातना सहुथी प्राचीन भाग तरीके मानु छु अने मारा आ अनुमानना प्रमाण तरीके हु आ बे ग्रन्थोनी (स्कन्धोनी) शैली बतावीश सूत्रकृतागसूत्रनु आखु प्रथम अध्ययन, वैतालीयवृत्तमा रचाएलु छे, आ वृत्त धम्मपद आदि दक्षिणना अन्य बौद्ध ग्रथोमा

जैनोना सस्कृतप्रधानी प्रतिओमा प्राकृतशब्दो जेना रचेला घणा शब्दो मळी आवे छे उपर प्रमाणे मानता पण केटलीक जोडणीओ तो एवी मळी आवे छे के जने सस्कृतीकरणनी दृष्टिए पण समजावी शकाय तेम नथी च त दारयन बदल मळतु दारा एवु रूप स्वदए आ शब्दनु सस्कृत-प्रतिरूप ' दारक ' थाय छे परन्तु ' दारग ' एवु थतु नथी

पण वपराएलो जोवामा आवे छे परन्तु पालीसूत्रोना पद्योमा प्रयो-
जाएलो वैतालीयवृत्त त सूत्रकृतागसूत्रना पद्योमा मळी आवना
वैतालीयवृत्तनी दृष्टिए जोता, वृत्त ना विकासक्रमना प्राचीन स्वरू-
पनो द्योतक छे आ बाबतमां हु अहीं वधारे न लखता थोडा ज
समयमा जर्मन ओरिअन्टल सोसाइटीना जर्नलमा 'वेदनी पछीना
काळना छन्दो' ('Post Vedic Metres') ए मथाळा नीचे
प्रकट थनारा मारा लेखमा विस्तृतरीते चर्चवा इच्छु छु सस्कृत-
साहित्यना सामान्य वैतालीय (वृत्तना) श्लोको, के जेमाना
केटलाक ललितविस्तरामा पण मळी आवे छे, तनी साथे सुका
बलो करी जोता, सूत्रकृतागना वैतालीयवृत्त तथी वधारे
प्राचीन रूपनो जणाय छे वळी ए बाबत पण अहीं लक्ष्यमा लेवा
लायक छे के प्राचीनपालीसाहित्यमा आर्यावृत्तमा गुथेला पद्यो
मळी आवता नथी धम्मपदमा तो ते सर्वथा नवीन तेम अन्य
बौद्धग्रन्थोमां पण तेवां पद्यो मारा जोवामा आव्या नथी परन्तु
आचारांग अने सूत्रकृताग सूत्रोमा तो एक एक सपूर्ण अध्ययन
आर्यावृत्तमा लखेलु मळी आवे छे आ आर्यावृत्त, सामान्य
[रीते ओळखाता] आर्यावृत्तथी स्पष्ट रीते प्राचीन तथा तेनो
जनकस्वरूप देखाय छे सामान्यआर्यावृत्त तो, सिद्धातना वधारे
अर्वाचीनभागोमा तथा प्राकृत अने सस्कृत भाषाना ब्राह्मण-

ग्रन्थोमां अने ललितविस्तरादि जेवा उत्तरना बौद्धग्रन्थोमा पण नजरे पडे छे प्राचीनजैनग्रन्थोमां प्रयोजाएलो त्रिष्टुम् छद पण पालीग्रन्थोमां मळी आवता ते छद करता अर्वाचीनरूपनो अने ललितविस्तरामाना करता प्राचीनरूपनो छे अन्ते, ललितविस्तरादि ग्रन्थोमां जोवामां आवता आ सिवायना बीजा अनेकप्रकारना कृत्रिमवृत्तो—जेमानो एक पण वृत्त जैनसिद्धान्तमां जडी आवतो नथी ते उपरथी एम सिद्ध थतु होय तेम जणाय छे के आ प्रकारना अर्वाचीनग्रन्थोनी रचनाना समयपूर्वे जैनोनी साहित्यविषयक अभिरुचि निश्चित थएली हती आ सघळी बाबतो उपरथी आपणे एवो निर्णय करी शकीए जीए के, जैनोना सहुथी प्राचीन साहित्यनी समयमर्यादा पालीसाहित्य अने ललितविस्तरा ए उभयना रचनाकाळनी वच्चे निश्चित थाय छे पालीपिटकोनु पुस्तकाधिरोहण (अर्थात् पुस्तकरूप लखाण) वट्टगामणि जेणे ई स पूर्वे ८८ वर्षे पोतानु राज्यशासन शरु कर्यु हतु तेना समयमां थयु हतु जो क आ समयथी केटलीक सदीओ पूर्वे पण ते पिटको अस्तित्व तो धरावता हताज आ विषयनी चर्चा करता छेवटे प्रो मेक्समूलरे नीचे प्रमाणेना विचारो जणाव्या छे ' तेटला माटे, मारा विचार प्रमाणे, अत्यारे तो आपणे बौद्धसूत्रोना अर्वाचीनमा अर्वाचीन रचना-समय तरीके ई स

पूर्वे ३७७ मा वर्षने निर्णीत करी, संतोष मानवो जोईए–के जे समये द्वितीय संगति मळी हती[1] ' त्यार बाद पण ए पालीसूत्रोमां उमेरा तथा फेरफारो थया होय ए असंभवित नथी परन्तु आपणी प्रस्तुत दलील धम्मपदना कोई एकाद फकरा के भागने आधारे उभी थएली न होई, तेमा तथा अन्य पालीग्रन्थोमा मळी आवता विविध छन्दो उपरथी तारवी कहाडता छन्द शास्त्रना नियमोना पाया उपर स्थापित करवामा आवेली छे तेथी ए ग्रन्थोमा दाखल थएला उमेरा या फेरफारोथी अमारा ए निर्णयने–के समस्तजैनसिद्धांतसाहित्य ई स पूर्वे चोथी शताब्दि बाद रचाएलुं छे, तेने कोई पण प्रकारनी हानि पहोंची शकती नथी

आपणे उपर जोई गया के जैनसिद्धांतनो सौथी प्राचीन विभाग ललितविस्तरानी गाथाओथी अधिक जूनो छे आ ग्रंथ (ललितविस्तरा) ना विषयमा एवु कहेवाय छे के तेनो ई स ६९ मा चीनीभाषामा अनुवाद थयो हतो आ उपरथी वर्तमान जैनसाहित्यनी उत्पत्तिनो समय ई स नी शरुआत पहेला मानवो जोईए वळी दक्षिण अने उत्तरना पद्यात्मक बौद्ध-

१ Sacred Books of the East, Vol X, P. XXXII

ग्रन्थोनी ढब अने भाषाशैली विषयक विशिष्टताओना प्राचीनतम पद्यात्मक जैनसिद्धांतोमा मळी आवता अल्प या अधिकांश साम्यद्वारा, आपणे जो आ बे सीमाओ वच्चे भावला प्रस्तुत विवादास्पद समयना कालविषयक अंतरनो विचार करीए तो जैनसाहित्यनी शरुआतनो समय उत्तरना बौद्धसाहित्यना समय करता पालीसाहित्यना समयनी अधिक समीप ठरे छे

वळी आ प्रकारना अनुमानने श्वेताम्बरसंप्रदायनी एक परंपरागत कथाद्वारा समर्थन पण मळे छे परंपरा एवी छे के जे वखते भद्रबाहु युगप्रधान हता ते वखते बार वर्षनो एक दीर्घ दुष्काळ पड्यो हतो ते दुष्काळना अन्ते पाटलीपुत्रमा संघ भेगो थयो हतो अने तेणे सघळा अंगो एकत्र कर्यां हता

आ भद्रबाहुना अवसाननी तारीख श्वेताम्बरोना कथन प्रमाणे वीर पछी १७० वर्षे छे, अने दिगम्बरोना कथन प्रमाणे ते १६२ वर्षे छे आ उपरथी तओ चंद्रगुप्त, के जे श्वेताम्बरोना उल्लेखानुसार वी नि पछी १५५ मा वर्षे गादीए आव्यो हतो, तेना समयमा थया हता प्रो मेक्समूलरे चंद्रगुप्तनो समय ई स

---

१ परिशिष्ट ९७५

पूर्वे ३१९–२९१ जणावेलो छे, तथा वस्टरगार्ड (Westergaard) अने केर्न (Kern) वधारे संभवित रीते ते समय ई स पूर्वे ३२० जणावे छे आ बन्ने वच्चे जे अल्प तफावत छे ते महत्वनो नथी लगभग आ हिसाबे जैनसिद्धान्तनो रचनासमय ई स पूर्वे चोथी सदीना अन्तमा अगर तो त्रीजी शतीनी शरुआतमा आवे छे साथे साथे ए पण लक्ष्यमा राखवानु छे, के उपरोक्त संप्रदाय–परपरानो भावार्थ ए छे के पाटलिपुत्रना संघे भद्रबाहुनी साहाय्य सिवायज अगिआर अगो एकठा कर्या हता. भद्रबाहुने दिगम्बरो अने श्वेताम्बरो बन्ने सरखी रीते पोताना आचार्य माने छे, तेम छता श्वेताम्बरो पोताना स्थविरोनी यादिने भद्रबाहुना नामथी आगळ नही चलावता, तेमना समकालीन स्थविर संभूतिविजयना नामथी आगळ लावे छे ए उपरथी एम फलित थाय छे के पाटलिपुत्रना संघे एकत्र करेला अगो मात्र श्वेताम्बरोनाज सिद्धांतो मनाया हशे पण आखी जैनसमाजना नही आवी वस्तुस्थिति होवाथी, आपणे सिद्धातरचनाना काळने जो युगप्रधान श्रीस्थूरभद्रना समयमा एटले ई स पूर्वे त्रीजी शताब्दिना प्रथमभागमा स्थिर करीए तो ते खोटु नहीं गणाय

[1] Geschiedenis van het Buddhisme in Indie, II, p 266 note

आपणी उपरोक्त तपासनु परिणाम जो प्रमाणिकताने पात्र बनतु होय,--अने ते बनवुज जोईए कारण के तेना बाधक प्रमाणोनो अभाव छे--तो वर्त्तमान जैनसाहित्यनी उत्पत्तिनो समय ई स पूर्वे लगभग ३०० वर्ष पहेला अथवा ए धर्मनी उत्पत्ति पछी लगभग बे शताब्दी पहेला मूकी शकाय नहीं परन्तु आ उपरथी एम तो खास कांई मानी लेवानी जरूर नथीज के जैनो पासे पोताना अन्तिमतीर्थंकर अने सिद्धांतरचनाना आ समय बचेना अन्तराळमा, एक अनिश्चित अने असकलित धार्मिक तथा पौराणिक परंपरा उपरांत खास आधार राखवा योग्य वधारे सुदृढ धर्मसाहित्य हतुज नहीं कारण के एम जो मानवामा आवे तो पछी जैनपरंपरानी विश्वसनीयताना विषयमा जे विरोधदर्शक प्रमाणो मी बार्थे रजु करेला छे ते वास्तविकमा पायाविनाना छे एम कही शकाय नही

तथापि एक बाबत अहीं ध्यानमा लेवा लायक छे, अने ते ए छे के श्वेताम्बरो अने दिगम्बरो ए बन्नेनु एम कहेवु छे के अंगो सिवाय पहेलाना कालमा तेनाथी पण वधारे प्राचीन एवा चौद पूर्वो हता अने ते पूर्वोनु ज्ञान क्रमथी नष्ट थतु थतु अंते सर्वथा नष्ट थई गयु हतु चौद पूर्वोना विषयमा श्वेताम्बरोनी मान्यता आ

प्रमाणे छे– चौद पूर्वो ए दृष्टिवादनामना बारमा अगमा समाएला हता अने ते महावीरनिर्वाण पछी १००० वर्ष व्यतीत थया पहेला नष्ट थया हता जो के आ कथन प्रमाणे चौद पूर्वो तो सर्वथा नष्ट थई गया छे तोपण दृष्टिवाद अने तेमा अन्तर्गत थएला चौद पूर्वोना विषयोनी विस्तृतसूचि अद्यावधि समवायागनामना चोथा अगमा तथा नन्दीसूत्रमा आपेली जोवामा आवे छे [1] आ दृष्टिवादमा आवला पूर्वो ते खास मल पूर्वो ज हता क जेम हु मानु छु तेना साररूप हता तेनो आपणे निश्चय करी शकता ,नथी गमे तेम हो परन्तु तेमा समाएला विषयोना सबधमा एक घणी विस्तृतपरपरा तो अवश्य जोवामा आवे छे खरेखर आपणे कोई पण नष्ट थई गएला एवा अतिप्राचीन ग्रन्थ या ग्रन्थसमूहना विषयमा मळी आवती परपराने साची मानी लेवामा घणीज सावधानी राखवानी जरूर छे कारणके आवा प्रकारनी प्राचीन परपरा, घणीक वखने केटलाक ग्रन्थकारोद्वारा पोताना सिद्धातोनी प्रमाणीकताना पूरावा रूपे कल्पी काढवामा आवी होय छे परन्तु प्रस्तुत बाबतमा, पूर्वोना विषयमा मळी आवती आटली बधी सामान्य अने प्राचीन परपरानी सत्यताना विषयमा शका करवाने आप

---

[1] See Weber, Indische Studien, XVI p 341.

णने कोई कारण जणातु नथी कारण के अंगोनी प्रमाणिकता ते काई पूर्वोने लइन मानवामा आवती नथी अगो तो जगतना निर्माणना समकालीन (एटले अनादीज) मनाय छे तेथी जो पूर्वो सबधी आ परपराने मात्र एक छूटलेख रूपेज मानीए तो तेनो काई पण अर्थ थई शके नहीं परन्तु तेन जो सत्यरूपे मानी लईए तो जैनसाहित्यना विकासविषयक आपणा विचारो साथे ते बराबर बध बेसती आवी जाय छे ' पूर्व ' ए नामज ए वातनी पूरेपूरी साक्षी आपे छे के तेनु स्थान पाछळथी बीजा एक नवा सिद्धाते लीधु हतु अर्थात् पूर्वनो अर्थ पहेलानु एवो थाय छे[१] अने आ दृष्टिए ज्यारे आपणे विचारीए छीए त्यारे नि सदेहरीते प्रतीत थाय छे के जे समये पाटलीपुत्रना सघ अगसाहित्य एकत्र कर्यु हतु, तेज समयथी पूर्वोनु ज्ञान व्युच्छिन्न थतु चाल्यु हतु, एवी जे हकीकत कहेवाय छे ते तद्दन वास्तविक छे उदाहरण तरीके भद्रबाहु पछी चौदमाथी दशज पूर्वोनु ज्ञान अव-

१ ' पूर्व ' शब्दनो अर्थ जैनाचार्योए नीचे मुजब समजावेलो छे—तीर्थकरे पोतन प्रथम पोताना गणधरनाम प्रसिद्ध शिष्योने पूर्वोनु ज्ञान आप्यु हतु, त्यार पछी गणधरोए अगोनी रचना करी आ कथा, पहेलाज तीर्थकर अगो 'रचेला' छे एवा आग्रह साथ जन्मेले अर्थ एकदम घटावातु नथी तटस्थ अर्थ ते खरेखर सत्यगर्भित लेखावा योग्य छे

शिष्ट रह्यु हतु एवु जे कथन छे ते आपी शकाय छे आ उपरथी खात्री थशे के चौदपूर्वविषयक प्रचलितपरपरानो अर्थ जे एवो खुलासो करेलो छे के पूर्वो ते मौथी प्राचीन सिद्धातग्रन्थो हता, अने तेना पछी तेनु स्थान एक नवा सिद्धाते लीधु हतु, ते युक्तिसगत छे परन्तु आटलो खुलासो आप्या बाद आ प्रश्न उभो थाय छे के–आवी रीते प्राचीनसिद्धातनो त्याग करवामा तथा नवा सिद्धान्तनु निरूपण करवामा शु प्रयोजन उपस्थित थयु हशे ? आ विषयमा मात्र कल्पना शिवाय अन्य कोई गतिनथी अने तदनुसार मारो स्वतत्र अभिप्राय आ प्रमाणे छे– आपणे जाणीए छीए क दृष्टिवाद नामना बारमा अगमा चौद पूर्वो आवेला हता तथा ते पूर्वोमा मुख्यत्वे करीने दृष्टिओनु एटले जैन अने जैनेतर दर्शनोना तात्त्विकविचारो–अभिप्रायोनु वर्णन करेलु हतु आ उपरथी आपणे एम कल्पी शकीए छीए के तेमा महावीर अने तेमना प्रतिस्पर्द्धिधर्मसस्थापकोनी वच्चे थएला वादोनु वर्णन आवेलु हशे मारा आ अनुमानना समर्थनमा प्रत्येक पूर्वना नामना अन्त जे 'प्रवाद' ए शब्द मुकवामा आव्यो छे ते आपी शकाय छे आ उपरात ए पण एक वात ध्यानमा राखवानी छे, क महावीर कोई एक नवा धर्मना सस्थापक न हता, परन्तु जेम मे सिद्ध करेलु छे, तेओ एक प्राचीनधर्मना सुधारक मात्र ज

हता तथी पण ए घणुन समवित छे के महावीरने पोताना प्रतिपक्षिओना अभिप्रायोनु मजबुत रीते खडन करवु पडयु हशे, अने जाते स्वीकारेला अगर सुधारेला एवा पोताना सिद्धातोनु घणुन समर्थन करवु पटयु हशे आम कहेवानु कारण ए छे के प्रत्येक धर्मसस्थापकने यथार्थमा पोताना नवा सिद्धातोनु प्रतिपादन करवा पूरतो ज प्रयत्न करवानी आवश्यकता रह छे तने एक सुधारकना जेटलो प्रवादी बनी जवाना जोखमने उपाडवानी आवश्यकता रहती नथी हवे वखत जतां ज्यारे महावीरना ते प्रतिस्पर्धिओ आ जगतमाथी अदृश्य थई गया हता, तथा तेओद्वारा स्थापित थएला सप्रदायो पण नामशेष थई गया हता त्यारे महावीरना ए प्रवादो, के जे तेमना गणधरोए स्मरणमा राख्या हता तथा तेओद्वारा पाछळनी शिष्यपरपराने पण जे सोंपवामा आव्या हता, ते पाछळना लोकोमा महत्ववाळा न मनाया होय ए स्वाभाविक छ ए कोण कही शके एम छे क जे एक जमानामा आ प्रकारना दार्शनिकोना तत्त्वज्ञानविषयक विविध प्रवादो अन कलहो व्यावहारिक उपयोगितावाळा जणाया होय तेज प्रवादो अने कलहो, सर्वथा परिवर्त्तित थएला एवा अन्यजमानामा पण तेवा ज उपयोगी सिद्धातो तरीके मनाई शके ? आज विचारानुसार नवा जमानाना जैनसमाजने पोतानी सामयिकपरिस्थितिने अनुकूल आवे तेवा एक नवा

सिद्धातनी जरूर जणाई हशे अने तेने परिणामे, मारु मानवु छे के, नवा सिद्धातनी रचना अने जूना सिद्धातनी (पूर्वोना ज्ञाननी) उपेक्षा थवा पामी हशे

प्रो वेबरे दृष्टिवाद अगने नष्ट थवामा एवु कारण जणावे छे के श्वेताम्बरसमाज ज्यारे एक समये एवी अवस्थाए आवी पहोंच्यो हतो क जे वखते तेने पोताना (प्रचलित) विचारो अने ते ग्रन्थमा (दृष्टिवादमा) आलेखित विचारोनी वच्चे अत्यत अनुपक्षणीय अतर स्पष्ट देखावा लाग्यु, त्यारे ए चौद पूर्वोवाळु दृष्टिवाद अग उपेक्षाने पात्र थयु हतु परन्तु प्रो वेबरनी आ कल्पनानी विरुद्ध श्वेताम्बरोनी माफक दिगम्बरो पण पोताना पूर्वो अने ते उपरात अगो सुद्धाने व्युच्छिन्न थएलां जणावता होवाथी, हु तेमना मतने मळतो थई शकतो नथी तेमज निर्वाणनी तुरतज पछीनी बे शताब्दीमा जैनसमाजे एटली बधी झडपथी प्रगति करी लीधी होय के जेथी ते समाजना बन्ने मुख्य सप्रदायोने पोताना पूर्वसिद्धातनो त्याग करवा जेटली आवश्यकता जणाई होय, एम पण मानी बेसवु तद्दन असमवित लागे छे, बीजी ए पण बाबत लक्षमा राखवा योग्य छे, के जैनधर्ममां

---

१ Indische Studien, XVI p 248.

बे सप्रदायो थया पछी तेना तत्त्वज्ञानमा बिल्कुल फरफार थयो नहोतो—अर्थात् ते तद्दन स्थिरज रह्यु हतु आनु प्रमाण मात्र एज छे के आ बन्ने सप्रदायोना तत्त्वज्ञानमा कोइ विशेष उल्लेख योग्य भेद नजरे पडतो नथी आचारशास्त्रना विषयमा अलबत आ बन्ने सप्रदायोमा केटलाक भिन्न भिन्न विचारो जोवामा आवे छे, परतु अत्यारे पण ज्यारे श्वेताम्बरोमा लाबा समयथी, तेमना वर्तमानसिद्धातसमूहमा विहित थएला घणाक आचारोनु पालन बध थएलु होवा छता पण तेओ तेना तरफ उपेक्षा धरावता नथी त्यारे तेवाज कारणने लईने ते वखते अस्तित्व भोगवता एवा तेमना पूर्वात्मकसिद्धातसमूहना विषयमा श्वेताम्बरोए तेटला बधा आवशमा आवी जई पोताना पूर्वसाहित्यनो सर्वथा त्याग सुधा करी नाख्यो हतो एम मानवु युक्तिसगत जणातु नथी आ उपरात नवासिद्धातनो जे समय आपणे उपर निर्णीत कर्यो छे, ते समय पछी पण लाबा वखत सुधी पूर्वो विद्यमान हता एम मानवामा आवे छे परतु आखरे ज्यारे पूर्वोना प्रवादमय साहित्य करता नवा सिद्धान्त द्वारा जैनतत्त्वो वधारे स्पष्टरीते प्रकाशित थता देखावा लाग्या अने वधारे व्यवस्थासर लोको समक्ष मूकावा लाग्या त्यारे पूर्वो स्वाभाविक रीतेज, नहीं के तेमनी बुद्धिपूर्वक कराएली उपेक्षाने लीधे अदृष्ट थया हता

आपणी प्रस्तुत चर्चा जे आ स्थले समाप्त थाय छे ते उप-रथी हु धारु छु के आटली बाबतो प्रकट रीते सिद्ध थएली छे— जैनधर्मनी उत्क्राति (प्रगति कोई पण समये कोई पण) अत्यत असाधारण एवा बनावोथी जबरदस्त अटकाव पामेली नथी बीजु ए के आपणे आ उत्क्रातिनी शरुआतनी अवस्था उपरात तेनी सघळी विविध अवस्थाओनो पत्तो मेळवी शकीए छीए, अने त्रीजु ए क जैनधर्म ए निर्विवादरीते स्वतत्र मनाता एवा कोई पण धर्मनी माफक स्वतत्ररीते उत्पन्न थएलो छे—परन्तु कोई अन्यधर्म अने खास करीने बौद्धधर्मनी शाखारूपे बिलकुल प्रवर्तलो नथी आ विषयनी विशेष विगतोना सशोधननु कार्य भावि शोधखोळ उपर निर्भर छे तेम छता मने आशा छे, के हु जैनधर्मनी स्वतत्रताना सबधमा तथा तेना पवित्रग्रन्थो (आगमो) ने, ते धर्मना प्राचीन इतिहासने प्रकट करवामा केटलाक लेखी साधनोरूप स्वीकारवाना विषयमा, अत्यार सुधी जे केटलाक विद्वानोना मनमा अमुक सन्देहो स्थान पामी रह्या छे, तेने दूर करवा सफळ थयो छु

(द्वितीय भाग)

जैनसूत्रोना मारा भाषातरना प्रथम भागने प्रकट थए दश वर्ष थया ते दरम्यान केटलाक उत्तमविद्वानोद्वारा जैनधर्म अने तेना इतिहास विषयक आपणा ज्ञानमा घणो अने महत्वनो वधारो थयो छे हिंदुस्थानना विद्वानोए संस्कृत अने गुजरातीमा लखेली सारी टीकाओ साथे सूत्रग्रन्थोनी साधारण आवृतिओ बहार पाडी छे प्रो ल्यूमर्न[1] अने प्रो होर्नले[2] आ सूत्रग्रथोमाना बे सूत्रोनी गुण–दोषना विवेचनवाली आवृत्तिओ पण प्रकट करी छे, अने तेमाए प्रो होर्नले तो पोतानी आवृत्ति साथे मूळनु काळजीपूर्वक करेलु भाषातर अने पुरता उदाहरणो पण आप्या छे प्रो वेबरे पोते तैयार करेला वर्लिनना हस्तलेखोना विस्तृत

---

१ दम् औपपातिक सूत्र –Abhandlungen fur die kunde des Morgenlondes नामनी ग्रन्थमाला पुस्तक ८ दशवैकालिक सूत्र अने निर्युक्ति, जर्नल आफ धी ओरिएन्टल सोसायटी पु ४५

२ उवासगदसाओ (बिब्लिओथिका इन्डिका) भाग १ मूळ अने टीका, कलकत्ता १८९०, भाग २ इग्रेजी भाषान्तर, १८८८.

सुचिपत्रमाँ संपूर्ण जैनसाहित्यनु साधारण अवलोकन कर्युं छे तेमज तेमणे जैनसूत्रो उपर एक अतिविद्वत्तापूर्ण मोटो निबंध पण प्रकट कर्यो छे[४] प्रो ल्युमने वळी जैनवाङ्मय अने शास्त्रना विकाशनु सारु अध्ययन कर्युं छे, तथा केटलीक जैनकथाओ अने तेना ब्राह्मण अने बौद्धकथाओ साथेना सबन्धनी तपासणी पण करी छे[५] श्वेताम्बरसंप्रदायना जुना इतिहासनी माहिती आपनारो एक महत्वनो ग्रन्थ मैं पण संपादित कर्यो छे[६], तथा तेमना केटलाक गच्छोनो इतिहास होर्नेल अने क्लाटद्वारा जाहिरमा आव्यो छे आमानो छेल्लो विद्वान् (क्लाट) जे अत्यारे आपणी वच्चे मौजुद नथी, तेणे सघळा जैनलेखको अने ऐतिहासिक

३ बर्लिन १८८८ अने १८९२

४ Indische Studien पु १६, पृ २११ आदि इ ए मा अनुवाद तथा जुदा पुस्तकरूप, मुंबई १८९३

५ Actes du VI Congres International des Orientalistes, section Arienne पृ ४५९ तथा Wienerzeitschrift fur die Kunde des Morgenlandes पु ५ अने ६, वळी जर्नल आफ धी जर्मन ओरिएन्टल सोसायटी पु ४८

६ हेमचन्द्राचार्यरचित परिशिष्टपर्व, कलकत्ता

ष्ठल्योनो एक जीवनचरित्रात्मक महान् नामकोप (Onomosticon) तैयार कर्या छ अने जेना कत्लाक नमुना प्रकट पण थया छे होफ्रेट बुल्हरे सर्वविद्याविशारद एवा प्रसिद्धविद्वान् हेमचंद्रनु विस्तृत जीवनचरित्र लख्यु छे' वली तेमणे घणाक जुना शिलालेखोना अर्थो पण प्रसिद्ध कर्या छे डॉ फुहररे मथुरामाथी खोदी काढेला कोतरकामोनु विवरन कर्यु छे' अने मि लेवीस राइसे श्रवण बेल्गोल्माना घणाक महत्वना शिलालेखो बहार पाड्या छे ' एम् ए बार्थे जैनधर्मविषयक आपणा ज्ञाननी समालोचना करी छे ' बुल्हरे पण एक नानो निबन्ध लख्यो तेवी

---

७ Denkschriften der philos-histor Classe der Kaiserl Akademie der Weissens Chaften, Vol XXXVII, p 171 ff

८ Wiener Zeitschrift fur die Kunde des Morgenlandes, Vols II and III Epigraphia Indica, Vols I and II

९ बेंगलोर १८८९

१० The Religions of India Bulletin des Religions de l'Iande, 1889-94

आलोचना प्रकट करी छे " अने डॅाक्टर भाडारकरे संपूर्ण जैन-धर्मनी एक महत्वनी अने घणी उपयोगी रूपरेखा आलेखी प्रसिद्धिमा मुकी छे " आ रीते, आपणा जैनधर्मविषयक ज्ञानमा थएला वधाराओए (जेमाना मात्र खास नोंधवा लायक ग्रन्थोनो ज मे अहीं उल्लेख कर्यो छे) आ आखा विषय उपर एटलु बधु अजवाळु पाड्यु छ के जेथी हव मात्र कल्पनाने आ विषयमा घणोज थोडो अवकाश रहेशे अने ऐतिहासिक तेमज भाषा-विज्ञानात्मक सारी पद्धति, ते साहित्यना सघळा भागोने लागु पाडी शकाशे, तेम छता हजी केटलाक मुख्य प्रश्नोना खुलासा करवा बाकी रह्या छे, तथा जे निराकरणो आ अगाउ थई गया छे त हजी बधा विद्वानोने मान्य थया नथी, तेथी आ सुअवसरनो लाभ लई आनन्दपूर्वक हु अहीं केटलाक विवादग्रस्त मुद्दाओनु स्पष्टीकरण करवा इच्छु छु आ मुद्दाओना खुलासाओ माटे आज पुस्तकमा भाषांतरित थएला सूत्रोमाथी घणी किंमती सहायता मळी शके तेम छे

११ Uber die Indische Secte der Jaina, Wien 1881.

१२ रीपोर्ट सन १८८३–८४

ए बावत तो हव सर्वसम्मत थई चुकी छे के नातपुत्त (ज्ञातपुत्र) जे साधारण रीते महावीर अथवा वद्धमानना नाम ओळखाय छे ते बुद्धना समकालीन हता निगठो (निग्रथो)[१३] जे हाल्मा जैन अथवा आर्हतना नामथी वधारे प्रसिद्ध छे, तेओ ज्यारे बौद्ध धर्म स्थपाई रह्यो हतो त्यारे एक महत्वशाली सम्प्रदायनरीके क्यारनाए प्रसिद्ध थइ चूक्या हता परतु हजी ए प्रश्ननु निराकरण थवु बाकी रह्यु छे के– ए प्राचीननिग्रथोनो धर्म, ते खास करीने वर्त्तमान जैनोना आगमो अने बीजा ग्रन्थोमा ज वर्णवेलो छे तेज हतो, के सिद्धातो पुस्तकारूढ थया त्या सुधीना समयमा तणो रूपातरित थइ गयो हतो !

आ प्रश्ननु निराकरण करवा माटे, अत्यार सुधीमा प्रकट थएला बधा बौद्ध ग्रन्थोमा, जेमने आपणे सौथी जुना समजीए छीए तेमाथी जैन निगन्ठो, तेमना सिद्धान्तो अने तेमना धार्मिक

---

१३ निगट ए स्पष्टरूपे मूळरूपज होय एम जणाय छे कारण के अशोकना शिलालेखोमा पालीमा अने वेदलीय वगेरे ग्रन्थोमा पण एज रूपे मळी आवे छे, पण आ शब्दे पालीआना व्याकरणना नियमो प्रमाणे तो तेनु वधारे वास्तविकरूप ' निग्रन्थ ' एवु थवु जोइए अने आवु रूप जैनग्रन्थोमा स्वीकारेलु पण मळी आवे छे.

आचारोना विषयमां जेटला प्रमाणो जडी आवे ते बधानो ऊहापोह करवो जोईए

अंगुत्तरनिकाय ३,७४ मां वैशालीना लिच्छविओमांनो अभय नामे विद्वान् राजकुमार निगन्ठोना केटलाक सिद्धान्तोनुं नीचे प्रमाणे वर्णन करे छे —" भदन्त ! निगन्ठ नातपुत्त जे सर्वज्ञ अने सर्वदर्शी छे, जे संपूर्ण ज्ञान अने दर्शनथी संपन्न होवानो (आ आगळ जणावेला शब्दोमां) दावो करे छे के " चालता, ऊठता, ऊंघता अने जागता हुं सर्वज्ञ अने सर्वदर्शी छुं " ते जुना कर्मोनो तपस्यावडे नाश थवानुं प्ररूपे छे अने संवरद्वारा नवा कर्मोने रोकवानो उपदेश आपे छे ज्यारे कर्मनो क्षय थाय

---

१४ आ नामना, स्पष्टरीते बे पुरुषो मळी आवे छे बीजो अभय श्रेणिकनो पुत्र हतो अने जैनोना सहायक हतो तेनो जैनोना सूत्रो तेमज कथाओमां उल्लेख थएलो छे मज्झिमनिकायना मां (अभयकुमार) सुत्तमां एवुं वर्णन छे के निगण्ठ नातपुत्ते तेने बुद्धनी साथे वाद करवा मोकल्यो हतो प्रश्न एवो चालाकी भरेलो तैयार करवामां आव्यो हतो के बुद्ध तेनो गमे तेवा होकार अगर नकारमां जवाब आपे पण ते न्यायशेष-वाळा न्यायशास्त्रप्रसिद्ध दोषमां सपडाया विना रहे नहीं परंतु आ युक्ति सफल थइ नहीं अने परिणाम ऊंधुं एवुं आव्युं के अभय बुद्धानुयायी थइ गयो आ वर्णनमां नातपुत्तना सिद्धान्त उपर प्रकाश पाडे एवुं काइं तत्त्व नथी

छे त्यारे दु खनो क्षय थाय छे ज्यारे दु खनो क्षय थाय छे त्यारे वेदनानो अन आव छे ज्यारे वेदना मटे त्यारे सर्व दु खनो क्षय थश आ रीते ज्यारे पापनो पूरो नाश थशे त्यारे मनुष्य वास्तविक मुक्ति मेळवशे "

आ विभागनु जैनप्रतिबिम्ब उत्तराध्ययनना २९ मा अध्ययनमा मळी शके छे—" तपथी मनुष्य कर्म छेदी शके छे २७ ' योगना त्यागथी अयोगपणु प्राप्त थाय छे, कर्म रोकवाथी ते नवीन कर्म ग्रहण करी शकतो नथी अने पूर्वे ग्रहण करेला कर्मोनो क्षय करे छे ३७ '

आ प्रकारनी प्रवृत्तिनी बे अन्तिम दशाओ (सूत्र ७१ अने ७२ मा) वर्णवामा आवली छे अने वळी अध्ययन ३२, गाथा ९, ७ मा आवली नीचेनी हकीकत जाणीए छीए—' जन्म अने मरणनु कारण कर्म छे अने जन्म अने मरण एज दु ख कहेवाय छे आ उपरात बीजी पण उपरना अर्थने मळती ३४, ४७, ६०, ७३, ८६, अने ९९ मी गाथाओनो सक्षिप्त अर्थ नीचे प्रमाणे छे–' परन्तु जे मनुष्य इन्द्रियोना विषयोथी अने मानसिक लागणीओथी [आनो अर्थ बौद्धतत्वज्ञाननी वेदनाना अर्थ साथे घणोज मळतो आवे छे] उदासीन रहे छे

तेने शोक स्पर्श करी शकतो नथी जो के ते संसारमां मौजुद छे तोपण ते दु खपरंपराथी, जेम कमळनु पान पाणीथी अलिप्त रहे छे, तेम ते मनुष्य पण अलिप्त रहे छे '

आ सिवाय बौद्धग्रन्थमा, नातपुत्त सर्वज्ञान अने सर्वदर्शन प्राप्त करवानो दावो करे छे, ए प्रकारनु जे कथन छे तेने स्पष्ट करवा माटे प्रमाण आपवानी जरूर नथी कारण के आ तो जैन-धर्मनु खास एक मौलिक मन्तव्यज छे

निगन्ठोना सिद्धांतविषयक बीजी वधारे माहिती महावग्ग ६, ३१, (S B E पु १७, पृ १०८) आदिमाथी मळी आवे छे ए स्थळे सीहनु[१५] एक वृत्तान्त आपेलु छे ते सीह लिच्छविओनो सेनापति हतो अने नातपुत्तनो उपासक हतो ते बुद्धने मळवा इच्छतो हतो परन्तु नातपुत्त क्रियावादी होई बुद्ध अक्रियावादी हतो तेथी तेनी पासे जवानी तेने ना कहेवामां आवती हती परन्तु ते तेनी आज्ञाने उल्लघी पोतानी मेळे बुद्ध

१५ 'सीह' ए नाम भगवती [कलकत्ता आवृत्ति, पृ १२६७ जुओ होर्नलनी उवासगदसाओ, परिशिष्ट पृ १०] मा महावीरना एक शिष्य तरीके पण आवेलु छे, परन्तु ते साधु होवाथी महावग्गमां आवता आ नाम साथ तेनी एकता थवाथी शकाय तेम नथी

पासे गयो अने बुद्धनी सुभाषितना परिणामे ते तनो अनुयायी बन्यो

आ वृत्तातमां निगंठोने जे कियावादी जणाववामा आव्या छे, ते बाबत आ पुस्तकमां अनुसादित सूत्रोना उल्लेखथी सुसिद्ध थाय छे—सूत्रकृताग १,१२,२१, (पृ ३१९) मां जणाव छे के 'तीर्थंकर–अर्हतो कियावाद प्ररूपवानो–उपदेशवानो अधिकार छे' आचारागसूत्र १,१,१,४ (भाग १, पृ २) मा पण आ विचार, आ प्रमाणे दर्शाववामा आव्यो छ —'ते आत्माने मान छे, जगत्ने माने छे, फळने माने छे, कर्मने माने छे, (एटले के– ते आपणाथ करेला छे आ जे आ प्रमाणेना विचारोथी स्पष्ट जणाय छे) त कर्म में कर्युं छे, ते बीजा पासे करावीश, ते हु बीजाने करता दईश ' इत्यादि

महावीरना जे बीजा शिष्यने बुद्धे पोतानो अनुयायी बनावी लीधो हतो तेनु नाम उपाली हतु, मज्झिमनिकायना ५६ मा प्रकरणमा जणाव्या प्रमाणे तेणे बुद्धनी साथे, ए बाबतनो वाद कर्यो हतो के– 'निगंठ नातपुत्त कहे छे तेम कायिक पाप मोटु छे, के बुद्ध माने छे तेम मानसिक पाप मोटु छे ? ए सवादना प्रारभमा उपालि कहे छे के मारा गुरु साधारणरीते कर्म अथवा कृत्य

माटे दण्ड (शिक्षा) शब्दनो उपयोग करे छे '' जो के आ उल्लेख साचो छे परन्तु संपूर्णरूपे नहीं कारण के जैनसूत्रोमा कर्म अर्थमा पण ' कर्म ' शब्दनो तेटलोज उपयोग थएलो छे अने दण्ड शब्दनो पण तेटलोज थएलो छे सूत्रकृताग २,२ (पृ ३९७) मा १३प्रकारना पाप कर्मनु वर्णन करेलु छे जेमा पाच स्थलमा 'दण्डसमादान' शब्द आवेलो छे अने बाकीना स्थलमा 'किरियाथान' शब्द आवेलो छे

निगंठ उपाली विशेषमा जणावे छे के कायिक, वाचिक अने मानसिक एम त्रण प्रकारनो दंड छे उपालीनु आ कथन, स्थानागसूत्रना त्रीजा प्रकरणमा (जुओ इंडि एन्टि पु ९, पृ० १५९) जणावेला जैनसिद्धातनी साथे पूर्ण मळतु आवे छे

उपालीनु बीजु कथन के, जेमा ते निगंठोने मानसिक पापो करता कायिक पापोने वधारे महत्व आपनारा जणावे छे, ते कथन जैनसिद्धात साथे बराबर मळतु आवे छे सूत्रकृताग २,४ (पृ० ३९८) मा एवा एक प्रश्ननी चर्चा करवामा आवी छे के अणजाणपणे कराएला कृत्यनु पाप लागे के नहीं, त्या आगळ स्पष्टरीते जणावेलु छे के निश्चितरीते तेनु पाप लागे छे (सरखावो पृ ३९९ टिप्पण ६) वळी तेज सूत्रना ६ ठा

अध्ययनमा (पृ० ४१४) बौद्धोना ए मन्तव्यनु के 'अमुक कर्म पापयुक्त छे के पापरहित छे तेनो निर्णय ते कर्म आचरनार मनुष्यना आशय उपर आधार राखे छे, खूब खंडन अने उपहास करवामा आव्यो छे

अगुत्तरनिकाय ३,७०,३ मा निगंठ श्रावकोना आचारनु वर्णन आपेलु छे ते भागनु नीचे प्रमाणे भाषान्तर आपु छु

'हे विशाखा, निगन्ठ नामे ओळखातो श्रमणोनो एक सप्रदाय छे तेओ श्रावकोने आ प्रमाणे उपदेश आपे छे "हे भद्र! अहिंयी पूर्वदिशा तरफ एक योजनप्रमाणभूमियी बहार रहेता जीवता प्राणिओनी हिंसाथी तमारे विरमवु, तवीज रीते दक्षिण, पश्चिम अने उत्तरदिशा तरफनी योजनप्रमाणभूमीथी बहार रहेता प्राणिओनी हिंसाथी विरमवु" आ रीते तओ केटलाक जीवता प्राणिओने बचाववानो उपदेश आपी दयानो उपदेश करे छे, अने एज रीते वळी तओ कटलाक जीवना प्राणिओने न बचाववानो बोध करी क्रूरता शिखवाडे छे ' ए समजावतु कठिन नथी, के आ शब्दो जैनोना दिग्विरतिव्रतने उद्देशीने कहेला छे के, जे व्रतमा श्रावकने अमुक हद बहार मुसाफरी के व्यापार विगेरे नहि करवा सबधिनो नियम उपदेशवामा आव्यो छे आ

मनतु पालन करनार मनुष्य, अन्वत, पोते छूटी राखेली भूमी बहारना प्राणिनी हिंसा तो नज करी शके एतो स्पष्टज छे परन्तु आवा एक निर्दोष नियमने विरोधीसम्प्रदाये केवा विकृतरूपमा आलेख्यु छे ? पण एमां ए आश्चर्य जेवु कशु नथी कारण के कोई पण धार्मिक सम्प्रदाय पासेथी, तेना विरोधीमतना सिद्धांतोनुं यथार्थ अने प्रमाणिक आलेखन मेळववानी आपणे आशा नज राखवी जोइए तओ स्वाभाविक रीते, ते सिद्धांतोनु आलेखन एवान रूपमा करशे के जेथी तेमा देखाई आवता दोषो वधारे मोटा प्रमाणमा बनावी शकाय जैनो पण आ बाबतमा बौद्धो करता लेशमात्र उतरे तेम नथी तेमणे पण बौद्धोना सिद्धांतोने. आजप्रमाणे विकृतरूपमा आलेख्या छे बौद्धोना ए मन्तव्यनु के– पाप ए तेना आचरनारने आशय उपर आधार राखे छे, तेनु जैनोए, आ पुस्तकना पृ० ४१४ उपर, केवु असत्य निरूपण कर्यु छे ते जोवा जेवु छे ए ठेकाणे जैनोए बौद्धोना एक

---

१ पाप ए आशय उपर आधार राखे छे, ते मात्र मनवाळा पचेंद्रियजीवोने आश्रिन कही शकाय पण निगोदादिकथी लइने असंज्ञिपन्चेन्द्रिय सुधीना जीवोने मन होतु नथी अने ते कायिक पापथीन बचा आवी शकता नथी, तेथी कायिकपापनो पण दरजो ओछो न गणी शकाय माटे जैनोनु कहवु ते एकान्तपक्षनु खण्डन मात्र छे.

सम्पादक.

महान् सिद्धातने मिथ्याकल्पित अने मूर्खतापूर्ण उदाहरण साथे मेळवी उपहासपात्र बनावी दीधो छे

अगुत्तरनिकायनो एक उल्लेख जेनी थोडीक चर्चा आ उपर करवामा आवी छे तेमा वळी आगळ चलावता जणाववामा आव्यु छे के–' उपोसथना दिवसोमा तेओ (निगठो) श्रावकोने आ प्रमाणे उपदेश आप छे के–' भद्र, तमारे सघळा वस्त्रो काढी नाखवा जोइए अने कहेवु जोइए के–हु कोइनो नथी, अने मारु कोई नथी " अहिं विचारवानु छे के–तेना माता पिता तेने पोतानो पुत्र तरीके माने छे अने ते पण तेमने पोताना माता पिता माने छे तेनो पुत्र अगर तेनी पत्नी, तेने पिता अगर पतिरूपे माने छे अने ते पण तेमने पोताना पुत्र अगर पत्नी तरीके माने छे तेना गुलामो अने नोकरो तेने पोतानो मालिक या शेठ माने छे अने ते पण तेमने तेओ पोताना गुलामो अगर नोकरो छे, तेम माने छे आ कारणथी (निगन्ठो) तेमने (श्रावकोने) उच्च रीते बोलवानु कही तेमनी पासेथी असत्य भाषण करावे छे वळी ए रात्री व्यतीत थया बाद तेओ ते ते वस्तुओनो उपभोग करे छे जे सर्व (तेमना माटे) अदत्तादान रूप छे आथी हु तेमने अदत्तादान लेवाना पण दोषी तरीके मानु छु '

' आ वर्णन उपरथी समजाय छे के निर्ग्रंथ- उपासकोना 'उपोसथना दिवसोवाळा नियमो साधुजीवनना नियमो' जेवाज होवा जोईए

गृहस्थ अने साधुजीवनना नियमोनु भिन्नत्व बीजा दिवसोमा रहेतु हतु परन्तु आ वर्णन जैनोना पोसहव्रतना नियमो साथे पूरेपूरु मळतु आवतु नथी श्री भाडारकर, तत्वार्थसारदीपिकाना आधारे पोसहव्रततु स्वरूप नीचे प्रमाणे आपे छे, अने आ वर्णन बीजा तेवा वर्णनो साथे बराबर सगत थाय छे भाडारकर रखे छे के—' पोसह एटले दरेक पक्षनी अष्टमी अने चतुर्दशीना पवित्र दिवसे उपवास करवो अथवा एकाशन करवु, अथवा एकज ग्रास खावो ते दिवसोमा यतिनी माफक वैराग्य धारण करी स्नान, लेपन, आभरण, स्त्रीसगमन, सुगधी धूप—दीप इत्यादिनो त्याग करवो ' जो के वर्त्तमानजैनोनु ए पोसहव्रत—पालन बौद्धो करता घणु सख्त छे, ए वात खरी छे, तो पण ते निगन्ठ—नियमो के जेमनु वर्णन उपर आपवामा आव्यु छे, तेना करता घणु शिथिल होय तेम जणाय छे मारा जाणवा प्रमाणे जैनगृहस्थ, पोसहमा कपडानो त्याग करतो नथी, पण वाळीना आभूषणो अने बीजा विलासोनो त्याग करे छे तेमज बीजा ग्रहण करती वखते जेम

साधुने त्यागना सूत्रो बोलवा पडे छे तेम तेन बोलवा पडता नथी आ उपरथी एम जणाय छे के का तो बौद्धोनु आ वर्णन मूलभरेलु अगर असत्यमूलक होय अने का तो जैनोए पोताना नियमोमा काइक शिथिलता दाखल करी होय

दीघनिकाय १, २, ३८ (ब्रह्मजालसूत्र) मा आवना निगण्ठविषयक उल्लेख उपरनी पोतानी टीकामा एक ठेकाणे बुद्धघोष लखे छे के–' निगण्ठो आत्मा वर्णरहित छे एम माने छे, अने आजीविको आत्माना वर्णनी अनुसार समस्त मानव ज्ञातिना ६ विभागो पाडे छे परन्तु मृत्यु पछी पण आत्मानु अस्तित्व धराव छे अने ते बधा रोगोथी मुक्त (अरोगो) होय छे, ए बाबतमा निगण्ठो अने आजीविको बन्न समानमतवाला छे ' छेवटना शब्दोनो अर्थ गमे तेम हो, परन्तु तनी उपरनु वर्णन तो आ पुस्तकना पृ १७२ उपर आपला जैनोना आत्म स्वरूपना वर्णन साथे बराबर मळतु आव छे एक बीजा फकरामा (I. C P 168) बुद्धघोष जणाव छे के–निगठ नातपुत्त थडा पाणीने सचेतन माने छे (सो किर सीतोदके सत्त सञ्ञी होति) अन तथी ते तनो उपयोग करता नथी जैनोनु आ मतव्य अत्यत प्रसिद्ध होवाथी तेनी साबिति आपवा माटे सूत्रो-

मायी अननरणो आपवानी आवश्यकताने हु निरर्थक मानु छुं पालीग्रन्थोमायी प्राचीननिगंठोना मनव्यो सबवी जे काई माहिती हु एकत्र करी शक्यो छु, लगभग ते सघी उपर आपी दीघी छे जो के आपणे इच्छिए तेना करता ते घणी अल्प-प्रमाणमा छे, तो पण तेयी तेनी किंमत बिल्कुल ओछी गणाय तेम नयी प्राचीननिगन्ठोना मतव्यो अने आचारोना मत्रधमा जे उल्लेखो आपणे एकत्र कर्या छे ते सघळा एक अपवादने बाद करता वर्तमान जैनमतव्यो अन आचारो साथे मळता आवे छे अने तेमाना केटलाक तो जेनोना खास मौलिक विचारो छे आ उपरयी आपणने एम सदेह करवानु जराए कारण नथी जटलु के, आ बौद्धग्रन्थोमानी नोंधो अने जैनसिद्धातोनी रचना वचेना अतर्वर्ती काळमा जैनसिद्धातोमा झाझो फेरफार थयो होय

म जाणी जोईनेज निगण्ठ नातपुत्तना मतविषयक एक प्रधान प्रकारनु विवचन करवु आ स्थले मुलतवी राख्यु छे कारण के ए फकरामा आपेली बाबत उपरथी आपणने एक नवीन पद्धतिए तपास करवानी जरूरत रहे छे आ फकरो दीघनिकायना सामञ्ञ-फलसुत्तमा आपेलो छे

१ सुमङ्गलविलासिनी [पालिटेक्स्ट सोसायटी] पृ ११९

हु तेनु अहीं सुमगलविलासिनीनामे बुद्धघोषवाळी टीकाना अनुसारे भाषातर आपु छु–' महाराज ! अहिया एक निगन्ठ चारे दिशाना नियमनथी सुरक्षितछे (चातुयामसवरसवुतो) हे महाराज केवी रीत निगन्ठ चारे दिशाना सवरथी रक्षित छे ? महाराज आ निगन्ठ सघळु (थडु) पाणी वापरता नथी सर्व दुष्ट कर्म करता नथी अने सघळा दुष्कर्मोना विरमनवडे ते सर्वपापोथी मुक्त छे अने सवप्रकारना दुष्कर्मोथी, सघळा पाप कर्मोथी निवृत्ति अनुभव छे आ प्रमाणे हे महाराज निगठ चारे दिशाना सवरथी सवृत छे, अने महाराज ! आ प्रमाणे सवृत होवाथी त निगन्ठ नातपुत्तनो आत्मा मोटी योग्यतावाळो, सयत अने सुस्थित छे ' अलबत, आ जैनधर्मनु यथार्थ तेमज सपूर्ण वर्णन नथी परन्तु तेमा जैनधर्मनु विरोधी तत्त्व पण नथी आना शब्दो जैनसूत्रोना शब्दो जेवाज छ म बीजे स्थळे जणाव्यु छे

१ ग्रीमजोव्ट Pali sept suttasma, गोगर्ली (Gogerly) अने बर्नफ (Burnouf)नो जे भाषातरो आपला छे त तमणे टीकानी सहायता लाधा विना करेला होवाथी दुर्लक्ष्य करवा जवा छे बुद्धघोषनु कथन परपरागत हतु के कल्पित हतु ते सन्दिग्ध छ

२ जुओ इन्डि एटि भा ९ पृ १५८ मा प्रकट थएलो मारो n Mahavir and his Predecessors नामनो निबध ।

तेम ' चातुयामसंवरसवुतो ' ए वाक्य मात्र टीकाकारेज नहीं परन्तु मूळ ग्रन्थकारे पण खोटी रीते समजेलु छे कारणके—पाली—शब्द ' चातुयाम ' ते प्राकृतशब्द ' चातुग्गाम ' नी बराबर थाय छे अने आ प्राकृतशब्दनो एक प्रसिद्ध जैनपारिभाषिक शब्द छे जे महावीरना (पंचमहाव्रत) पाच महाव्रतोथी भिन्न एवा पार्श्वनाथना चार व्रतोनो वाचक छे आथी आ स्थळे बौद्धोए जे सिद्धात वास्तविकमा महावीरना पुरोगामी पार्श्वनाथने लागु पडे छे तेने, महावीर उपर आरोपित करवामा भूल करेली छे, एम हु धारु छु आ उपरथी एम सूचित थाय छे के बौद्धोए आ शब्दने निगन्ठोना धर्मवर्णनमा लीधेलो होवाथी तेमणे ते पार्श्वनाथना अनुयायिओना मुखेथी साभळ्यो हशे. अने बीजी ए पण कल्पना थइ शके के महावीरना संशोधितमतो जो बुद्धना समयमा सर्वसामान्यरीते स्वीकाराया होत तो पार्श्वनाथना अनुयायिओ पण ते वखते ते शब्दनो उपयोग नहीं करता होत बौद्धोनी आ भूलद्वारा हु जैनोनी ए परपराने सत्य स्थापित करी शकु छु के महावीरना समयमा पण पार्श्वनाथना शिष्यो विद्यमान हता

आ पद्धतिए तपास करवानी शरुआत करता पहेला हु

बोद्धोनी एक बीजी पण अर्थपूर्ण भू तरफ वाचरनु ध्यान खेंचवा मागु छु बौद्धो नातपुत्तन अग्गिवेसन अर्थात् अग्निवेश्यायन कहे छे परन्तु जैनोना मतानुसार ते काश्यप हता, अने पोताना तीर्थंकरो सबधि आवी बाबतोमा जैनोनुज कहेनु विश्वासपात्र मानवु जोईए वळी महावीरनो एक मुख्यशिष्य जे सुधर्मा नामे हतो अने जेने सूत्रोमा महावीरना धर्मना मुख्य उपदेशक तरीके बता वेलो छे ते पोते अग्निवेश्यायन हतो, अने तेणे जैनधर्मनो प्रसार करवामा मुख्य भाग भजवलो होवाथी बहारना बीजा माणसो शिष्यने गुरु समजी लेवानी भूल करी होय अने तथी करीने शिष्यनु गोत्र गुरुने लगाडी देवामा आव्यु होय त पण सभवित छे आ रीतनी बौद्धोए करेली वेवडी भूल महावीरनी पूर्वे पार्श्व-नामना तीर्थंकरनी तथा महावीरना मुख्य शिष्य सुधर्मानी ह्याती-तीनी साक्षी आप छे

पार्श्व ए ऐतिहासिक पुरुष हता ते वात तो वधी रीते सभावित लागे छे केशी[1] के जे महावीरना समयमा पार्श्वना सम्प्रदायनो एक नेता होय तेम देखाय छे, तेनो तथा अन्य पण तेना अनुया-

---

१ राजप्रश्नीमा केशीगणधरन राजा पएसी साथ सवाद थयो हतो अने त्यार बाद राजाने तेणे पोतानो धर्मानुयायी बनाव्यो हतो

सिओना जैनसूत्रोमा घणे ठेकाणे उल्लेखो थएला छे अने ते उल्लेखो एवी सरळ रीते थएला छे के जेथी कोईने तेनी सत्यासत्यताना संबंधमा शंका उठाववाने कारण मळतु नथी उत्तराध्ययनना २३ मा अध्ययनमा जुना अने नवा संप्रदायनो परस्पर मेळ केवी रीते थई गयो हतो ते बतावनारी एक कथा आ नियमा घणीज अगत्यनी छे केशी अने गौतम के जेओ बंने जैनधर्मना बे संप्रदायोना प्रतिनिधि तथा नेता हता, तेओ पोताना शिष्यपरिवार सहित एक वखते श्रावस्तिपासेना उद्यानमा भेगा मळे छे अने महात्मोनी सम्यात्विविषयक तथा सचेलकाचेलक अवस्थाविषयक तेमना धार्मिकमतभेदो संबंधे विवेचन कर्या शिवाय मात्र सहन समजावीने दूर करवामा आवे छे अने त्यारथी मौलिक नीतिविषयकविचारोना संबंधमा प्रत्येक पक्ष दृष्टांतो द्वारा एक बीजाना विचारो समजी समजावी निःशंक बनी संपूर्ण एकमत थाय छे, बंने संप्रदायो वचे कांइक मतभेद जेवु जोवामा आवे छे, परन्तु परस्पर द्वेष या वैर बिलकुल जोवातु नथी जो के प्राचीन संप्रदायना अनुयायिओने ' पंचमहाव्रत प्रतिपादनार ' महावीरना धर्मनो स्वीकार करवो पड्यो हतो, ए वात खरी छे, तोपण तेओ पोतानी केटलीक जुनी रूढिओने पण वळगी रह्या हता खास करीने वस्त्र वापरवाना विषयमा के जे रूढिनो महावीरे त्याग

कर्यो हतो, तेम आपणे मानवु जोईए आ कल्पनानुसार आपणे श्वेताम्बर अने दिगंबर संप्रदायरूपी बे फिरकानी उत्पत्तिनु मूळकारण पण बतावी शकीए छीए, के जेना सबबमा श्वेताम्बर अने दिगम्बर बन्ने संप्रदायमा भिन्न भिन्न अने परस्परविरोधी दंतकथाओ प्रचलित छे [1] आ भेद देखीती रीतेज काइ आकस्मिक थयो नहतो, परन्तु असलनो एक मतभेद [उदाहरण तरीके जेवो के श्वेताम्बरमतना केटलाक गच्छोनी वच्चे अत्यारे ए हयाती धराव छे] काले करीने विभागना रूपमां परिणत थयो अने आखरे तेणे एक महान् धर्मभेदनु रूप लीधु

बौद्धग्रन्थोमा मळी आवता उल्लेखो, नातपुत्तनी पूर्वे पण निर्ग्रन्थोनी हयाती हती, ए प्रकारना आपणा विचारने दृढ करे छे ज्यारे बौद्धधर्मनो प्रादुर्भाव थयो त्यारे निर्ग्रन्थोनो संप्रदाय एक मोटा संप्रदायरूपे गणातो होवो जोईए ए निर्ग्रन्थोमाना केटलाकने बौद्धपिटकोमा, बुद्धना अने तेना शिष्योना विरोधी तरीके अने वळी केटलाकने तेना अनुयायी थएला तरीके वर्णवेला छे, के

---

१ श्वेताम्बर अने दिगम्बर संप्रदायोनी उत्पत्तिना संबधमा जर्मन ओरिएन्टल सोसायटीना जर्नलना ३८ मा भागमां प्रकट थएलो मारो निबंध जुओ

जे उपरथी आपणे उपर प्रमाणे अनुमान करी शकीए छीए एथी उल्टु ए ग्रन्थोमा कोई पण स्थले एवो उल्लेख के सूचन सरखु पण थएलु जोवामा नथी आवतु के निर्ग्रन्थोनो सम्प्रदाय ए एक नवीन सम्प्रदाय छे आ उपरथी आपणे अनुमान करी शकीए छीए के निर्ग्रन्थो बुद्धना जन्म पहेला घणा लाबा काळथी अस्तित्वे धरावता हशे. आ अनुमानने बीजी एक बातद्वारा पण टेको मळे छे बुद्ध अने महावीरना समकालीन एवा मक्खलि गोशाले मनुष्य जातिनी छ वर्गामा वहेंचणी करी हती[1] बुद्धघोषना[2] कहेवा मुजब आ छ वर्गमाना त्रीजा वर्गमा निर्ग्रन्थोनो समावेश करवामां आव्यो हतो हवे विचारीए के निर्ग्रन्थो जो तेज अरसामा ह्यातीमा आव्या होत तो तेमनी गणना एक खास एटले के मनुष्यजातिना एक स्वतत्र-पेटाविभाग तरीके कदापि न करवामा आवी होत.

---

१ दीघनिकाय, सामञ्ञफलसुत्त २०

२ सुमगलविलासिना पृ १६२ मा बुद्धघोष स्पष्ट जणावे छे के गोशाले पोताना शिष्यो ज चतुर्थवर्गना हता तेना करता निर्ग्रन्थोने हल्की प्रतिना गण्या छे गोशाले तो भिक्षुओने तेथीए हल्का प्रकारना गण्या छे क ज बाबत उपर बुद्धघोष लक्ष्य आप्यु नथी ते उपरथी स्पष्ट जणाय छे के आ भिक्षुओने बौद्धसाधुओ करता ते भिन्न मानतो हतो

जरूर तेणे निर्ग्रन्थोने एक महत्वना अने साथे मारा मानवा प्रमाणे प्राचीन बौद्धो मानता हता तेम एक प्राचीन संप्रदायरूपे रख्या हशे मारा उपरोक्त छेल्ला मतनी पुष्टिमां नीचे मुजबनी दलील पण छे मज्झिमनिकाय, ३५ मा बुद्ध अने सचक नामना एक निर्ग्रन्थपुत्र वचे थएला वादनु वर्णन आपेलु छे सचकवादमा नातपुत्तने हराव्यानी वडाई मारतो होवाथी ते निर्ग्रन्थ होय तेम लागतो नथी अने बीजु ए के जे सिद्धान्तोनु त समर्थन करवा मथे छे ते सिद्धान्तो जैनोना नथी आ उपरथी ए विचारवा जेवु छे के एक प्रसिद्धवादी के जेनो पिता निर्ग्रन्थ हतो अने जे पोते बुद्धनो समकालीन हतो, तेना पुरावा उपरथी निर्ग्रन्थोनो सम्प्रदाय बुद्धना समयमां स्थापित थयो हतो तेम भाग्येज मानी शकाय

हव आपणे जे जे जैनेतर पाखडी मतावलम्बिओ सामे जैनोए पोतानो तात्त्विकविरोध बताव्यो छे, अने ते सबध जे उल्लेखो तेओए कर्या छे, ते तपासीए, अने तेनी साथे बौद्धोना उल्लेखो सरखावीए सूत्रकृताग २,१,१५ (पृ ३८८) अने २१ (पृ ३४३) मा घणे अशे परस्पर मळता आवता एवा बे मतवादी सिद्धातोनो उल्लेख छे पहेला सूत्रमा जे लोको आत्माने एक अने अभिन्न माने छे तेमना एक अभिप्रायनु वर्णन छे, अने

बीजासूत्रमा पचभूतने नित्य अने बधु तेनुज बनेलु छे तेम माननार एक सिद्धातनुं वर्णन आपलु छे बन्ने मतना अनुयायिओ जीवतां प्राणीनी हिंसा करवामा पाप मानता नथी आवाज प्रकारनो मत सामञ्ञफलसुत्तमा पूरणकस्सप अने अजितकेशकम्बलीनो होवानुं बताव्यु छे पूरणकस्सप पुण्यअगर पाप जेवी कोई वस्तुने मानतो नथी, अने अजितकेसकम्बलीनो एवो सिद्धान्त छे के अनुभवातीत मंतव्य के जे लोकोमा प्रचलित छे तेने मळतु कोई तत्त्वज नथी आ उपरान्त ते एम माने छे क ' माणस (पुरिसो) चार भूतोनो बनेलो छे, ज्यारे ते मरी जाय छे त्यारे पृथ्वी पृथ्वीमां, पाणी पाणीमा, अग्नि अग्निमा, वायु वायुमा अने ज्ञानेन्द्रियो हवामा[1] (अथवा आकाशमा) विलीन थई जाय छे ठाठडीने उपाडनार, चार पुरुषो मुडदाने स्मशानभूमिमा लई जाय छे त्यारे कल्पात करे छे, कपोतरगना हाडका बाकी रहे छे अने बीजा सघळा (पदार्थो) बळीने भस्मीभूत थई जाय छे आ छेल्लु सूत्र थोडा फेरफार साथे सूत्रकृतागना पृ० २४० उपर आवे छे –' अन्यजनो मुडदाने बाळवा माटे लई जाय छे

१ आकाशने बौद्धग्रंथोमा पाचमा तत्त्व तराके मान्यु नथी, परन्तु जैनग्रंथामा त मान्यु छ जुओ आगळ पृ० ३८३ अने पृ० २३७ गाथा १५ आ मात्र एक शाब्दिकभेद छे नही के तात्त्विक

ज्यारे अग्नि तेने बाळी नाखे छे त्यारे मात्र कपोतरगना हाडका बाकी रहे छे अने चार उपाडनारा ठाठडीने लइ गाम तरफ पाछा, वळे छे'

जटवादना बीजा सिद्धान्त (पृ० ३४३, २२, अने पृ० २३७) ना सबन्धमा एक बीजी शाखानो पण उल्लेख थएलो छे ते मतमा पाच भूत उपरान्त छठु तत्त्व नित्यात्मा मनाय छे आ मत ते अत्यारे वैशेषिकनामना दर्शननी जे प्रसिद्धिमा आवेलु छे तेनु प्राचीन अथवा लोकप्रसिद्ध रूप छे बौद्धग्रथमा आ दर्शनना सस्थापक तरीके पकुधकच्चायन निर्दिष्ट थएलो छे तेनो मत एवो हतो के आखु विश्व सात वस्तुनु (पदार्थोनु) बनेलु छे अने ते सर्व पदार्थो नित्य निर्विकार अने परस्पर स्वतत्र छे ते पदार्थो चार भूत, सुख, दु ख अने आत्मा ए प्रमाणे छे आ सर्वनी एक बीजा उपर काई असर थती नहीं

१ टु आ स्थळ बन्ने मूळसूत्रोने साम साम मुकु छु जेथी करीने तेमनी वच्चेनु साम्य वधारे स्पष्ट रीते समजी शकाय —

आसन्दि पञ्चमा पुरिसा मतमादाय गच्छन्ति याव अळाहना पदानि पञ्चापेन्ति कापोतकानि अट्ठीनि भवन्ति भस्सन्ता हुतियो	आदहणाए परेहि निज्जइ अगणिझामिए सरीरे कवोतवण्णाइ अट्ठीनि आसन्दि पञ्चमा पुरिसा गाम पच्चा गच्छन्ति

होवाथी कोई पण पदार्थनो वास्तविक नाश थतो नथी माटे कहेवु जोईए के सुख अने दुखने नित्य मानवा छता पण ते बन्नेनी आत्मा उपर काई असर थती न मानवी, ते मारा अभिप्राय प्रमाणे तो अज्ञानता भरेलु छे परन्तु बौद्धोए कदाच असत्र सिद्धातोनु असत्य आलेखन कर्यु होय तो ते पण संभवित छे पकुधकच्चायनना विचारो अवश्य वर्गीने अक्रियावादमां अतर्गत थाय छे अने आ बाबतमा ते वैशेषिकदर्शन के जे क्रियावादी छे तेनाथी भिन्न पडे छे आ बन्ने वादो बौद्ध तेमज जैनसाहित्यमा आवता होवाथी तमनी विशेष व्याख्या करवी अही अस्थाने नहीं गणाय जे सिद्धात आत्माने क्रियाशील अने क्रियालिप्त (क्रियाथी जेना उपर असर थाय तेवो) मान छे ते क्रियावादी कहेवाय छे आ वर्गमा जैनधर्म, ब्राह्मणधर्मो(?) वैशेषिक अने न्यायदर्शनो (आ बे दर्शनोना स्पष्ट उल्लेखो बौद्ध अने जैनधर्मशास्त्रोमां थएला नथी) तथा बीजा पण एवा केटलाक दर्शनो—के जेनां नाम अत्यारे उपलब्ध थई शकता नथी परन्तु जेनी ह्यातीनी माहिती आपणे आपणा आ ग्रथोमाथी मेळवी शकीए छीए, ते सर्वेनो—समावेश थाय छे अक्रियावाद ते सिद्धान्त कहेवाय छे, जेमा आत्मानु नास्तित्व अगर निष्क्रियत्व अथवा कर्मालिप्तत्व प्रतिपादन करवामा आवे छे आ वर्गमा सरळा जडवादी मतो,

ब्राह्मणधर्मो पैकी वेदान्त, सांख्य अने योगदर्शनो, तथा बौद्ध धर्मनो अंतर्भाव थाय छे बौद्धधर्मना क्षणिकवाद तथा शून्यवादनो उल्लेख सूत्रकृताग १,१४,४ थी अने ७ मी गाथामा थएलो छे साथे ए पण जणावबु जोईए के वेदान्तिओ अथवा तेमना मन्तव्योनो पण सिद्धांतोमां घणे स्थळे उल्लेख आवे छे सूत्रकृतांगना बीजा पुस्तकना पहेला अध्ययनमा पृ २४४ उपर, बीजा पाखंड मत तरीके वेदान्तनु वर्णन थएलुं छे छट्ठा अध्ययनमा, पृ ४१७ उपर, तेनु फरीथी वर्णन आवलु छे परन्तु बौद्धोए गणावेला छ तीर्थिकोमा आ मतनो कोई पण आचार्य नहीं होवाथी आपणे ते उपर आ स्थळे ध्यान देता नथी[1]

सूत्रकृतांगना बीजा भागना प्रथम अध्ययनमा, चोथा पाखंड मत तरीके दैववाद (Fatalism) नु वर्णन आवेलु छे सामञ्ञफलसुत्तमा आ मतनु मक्खली गोसाल नीचे प्रमाणे प्रतिपादन करे छे—' महाराज ! जीवात्माओनी अपवित्रतामा कोई

---

१ एक वात याद राखवा ज्वी छे के वेदान्तिओ पण बुद्धना प्रतिस्पर्धि तरीके काम बजावता अने तेओ वैदिकपनना तत्त्वज्ञोमां आगळ पडता होवाथी आपणे एम अनुमान करवु जोइए के बुद्धधर्मनी असरवाळा प्रदेशोथी विद्वान् ब्राह्मणो दूर रहता

हेतु अगर पहेला हयाती धरावतु एवु काई कारण नथी, ते अन-न्यकृत छे तेमज ते पहेला हयाती धरावती कोई बीजी वस्तुथी उत्पन्न थएली नथी (तेवीज रीते) जीवात्माओनी पवित्रतामां पण कोई कारण अगर पूर्वे हयाती धरावतो कोई हेतु नथी ते अनन्यकृत छे तेमज तेनु कोई उपादान कारण नथी आनी उत्पत्ति व्यक्तिओना कोई आचारनु परिणाम नथी तेमज पारकाना कार्योनी पण तेना उपर असर नथी तेम मनुष्यप्रयत्ननु पण ते फळ नथी जेने उत्पन्न करवामां, पुरुषनी शक्ति, प्रयत्न, बल, धैर्य, अगर सामर्थ्य एमानु कोई कारणभूत थतु नथी सर्वे सत्त्व, सर्वे प्राणिओ, सर्वे भूतो, अने सर्वे जीवो,[1] एटली ते पशु, अगर वनस्पति गमे ते हो पण तेमनामाना कोईमां आतरबल, शक्ति

---

१ मूळमां सव्वे सत्ता, सव्वे पाणा, सव्वे भूता, सव्वे जीवा, एवो पाठ छे जैनसूत्रोमा पण आज क्रमथी अनेक ठकाणे ए पाठ आवे छे अने ए पाठनु नक्षेपमा all classes of living beings सचेतनप्राणीओना बधा वर्गो ' एवु भाषांतर करेलु छे बुद्धघोषनी टीकानु भाषांतर, हार्नले, उवासगदसाओना परिशिष्ट न २ जाना पान १६ उपर नीचे प्रमाणे आप्यु छे ' सव्वे सत्ता-एटले उंट, बळद, गधेडा, अने तेवा बीजा बधा पशुओ सव्वे पाणा-एटले एकेन्द्रिय, द्वीन्द्रिय आदि चेतनावाळा प्राणिओ, सव्वे भूता-एटले अडज अने गर्भज जीवो अने सव्वे जीवा-एटले डांगर, जव, घउं इत्यादि (वानस्पतिक) जीवो

तथा सामर्थ्य नथी, परन्तु आ दरेक जीव पोतानी स्वभावनियतिने वश थई, छ प्रकारमानी कोई पण जातिमा रही सुख दु ख भोगवे छे इत्यादि ' आ सिद्धातोनु सूत्रकृतागमा (I C) आपेलु वर्णन जो के थोडा शब्दोमा छे, छता पण मरला भावार्थवालु छे, अलबत ते स्थळ आ सिद्धातो मक्खलीपुत्र गोशालना छे एम स्पष्ट कहेवामा आव्यु नथी जैनो प्रधाननया चार दर्शनोनो उल्लेख करे छे —क्रियावाद, अक्रियावाद, अज्ञानवाद अने वैनयिकवाद आमाथी अज्ञानिकोना मतोनु मूळमा स्पष्ट कथन करेलु देखातु नथी आ सघळा दर्शनोना विषयमा टीकाकारे जे समजुती आपेली छे, अने जे मे पृ ८३ नी २ नबरनी टीपमा नाधेली छे, ते घणीज अस्पष्ट अने गेरसमजुती उत्पन्न करे तवी छे परन्तु ए अज्ञेयवादनो यथार्थ ख्याल आपणने बौद्धग्रन्थोथी आवी शके तेम छे सामञ्ञफलसुत्तमा जणाव्या प्रमाणे ते मत सञ्जयनल- ट्ठिपुत्तनो हतो, अने त्या नीचे प्रमाणे तेनु वर्णन करेलु छे — 'महाराज ! जो मने तमे पूछशो के जीवनी कोई भावी अवस्था छे ? तो हु जवाब आपीश के जो हु भावी अवस्था अनुभवी शकु, तो पछी हु ते अवस्थानु स्वरूप समजावी शकु जो मने पूछशो के शु ते अवस्था आ प्रकारनी छे ? तो (हु कहीश के)

ते मारो विषय नथी शु ते ते प्रकारनी छे ? त मारो विषय नथी शु ते आ बन्नेथी भिन्न छे ? ते पण मारो विषय नथी. नथी एम नथी ? ते पण मारो विषय नथी ' इत्यादि आज रीते मृत्यु पछी तथागतनी हयाती रहे छे के नहीं ? रहे छे अने नथी रहेती ? रहे छे एम ए नथी ? अने नथी रहेती एम ए नथी ? आवा प्रश्नो जो कोई पूछे तो तेनो पण ते एज रीते जवाब आपे छे आ उपरथी स्पष्ट छे के अज्ञेयवादीओ कोई पण वस्तुना अस्तित्व अने नास्तित्वना सबंधमा सर्वे प्रकारनी निरूपणपद्धतिओ तपासता हता अने जो ते वस्तु अनुभवातीत मालुम पडती तो तेओ सर्वे कथननी रीतिओनो इनकार करता हता .

बुद्ध अन महावीरना समयमा प्रचलित एवा अन्य तात्त्विकविचारोना विषयमा जैन तथा बौद्ध ग्रन्थोमा मळी आवती नोंधो गमे तेटली जून होय, तो पण ते नामाङ्कितकालना इतिहासकारने अतिमहत्त्वनी छे कारण के आ नोंधोद्वारा त कालना धार्मिक सुधारकने केवा प्रकारना पाया उपर तथा कया साधनोनी मददथी पोतानो मत उभो करवो पड्यो हतो ते जणाई आवे छे एक बाजुए आ बधा पाखंडी मतोमा मळी आवती परस्परनी केटलीक साम्यता अने बीजी बाजुए जैन अगर बौद्धोनी जणाती विशिष्टता

उपरथी स्पष्टरीते अनुमान करी शकाय छे के बुद्ध अने महावीरे केटलाक विचारो तो आ पाखंडिओना मतोमांथी लीधा हतां, अने केटलाक तेओनी साथे चालता तेमना सतत वादविवादनी असरथी उपजावी कढाया हता मारु एम धारवु छे के संजयना अज्ञेय-वादनी विरुद्ध महावीरे पोतानो स्याद्वादनो मत स्थाप्यो हतो अज्ञानवाद जणावे छे के जे वस्तु आपणा अनुभवनी पछे तेना संबंधमा अस्तित्व अगर नास्तित्व अथवा युगपत् अस्तित्व अने नास्तित्वनु विधान, अगर निषेध करी शकाय नहीं तेज रीते पण तेथी उलटी दिशाए दोडतो स्याद्वाद एम प्रतिपादन करे छे के—एक दृष्टिए (अपेक्षाए) कोई पुरुष वस्तुना अस्तित्वनु विधान करी शके (स्याद अस्ति), तेम बीजी दृष्टिए तेनो निषेध करी शके (स्याद् नास्ति), अने तेवीज रीते भिन्न भिन्न कालमा ते वस्तुना अस्तित्व तथा नास्तित्वनु विधान करी शके (स्याद् अस्ति नास्ति), परन्तु जो एकज कालमा अने एकज

---

[1] पाताना मौलिक विचारोथी बधारण थएरा एक बुद्ध धर्मने पाछळथी बीजा पाखंडिओना विचारो लईने अने नवीन उपजावी काढेलाथी [illegible] बनावी धवाय खरो क [2] जो तेमज बनतु होय तो बधाए धर्मो [illegible] बन्या होत, पण तेम देखातु नथी माटे आ अनुमान विचावर लेवु लागे छे

सम्पादक.

दृष्टिए कोई मनुष्य वस्तुना अस्तित्वनु तथा नास्तित्वनु विधान करवा इच्छतो होय तेणे एम कहेवु जोईए के ते वस्तु विषे काई कही शकाय नहीं (स्याद् अवक्तव्य) ते प्रमाणे केटलाक सयोगोमा अस्तित्वनु विधान करवु अशक्य छे (स्याद् अस्ति अवक्तव्य), केटलाक प्रसगे नास्तित्वनु विधान करवु अशक्य छे (स्याद् नास्ति अवक्तव्य), अने केटलीक वखते मजेनु विधान करवु अशक्य होय छे (स्याद् अस्ति नास्ति अवक्तव्य)[१] आ वाद ते जैनोनो प्रसिद्ध सप्तभगी नय छे शु कोई पण तत्त्ववेत्ता पोताना भयकर प्रतिस्पर्द्धिने चूप कराववाना प्रयोजन सिवाय, जेने प्रमाणनी जरूर नथी, एवी उघाडी बाबतोनी व्याख्या करवानी इच्छा करे खरो ? एम लागे छे के अज्ञेयवादिओना सूक्ष्म-विवादोए प्राय तेमना घणा खरा समकालीन मनुष्योने गुचवणमा नाख्या हशे अगर ममाव्या हशे, अने तेथी करीने ते सर्वेने अज्ञानवादनी मूळ मुझामणीमाथी बहार निकाळवा माटे स्याद्वादनो सिद्धात एक क्षेम मार्ग तरीके देखायो हशे आ शास्त्रनी मदथी विरोधिओ उपर आक्रमण करनार अज्ञानवादिओ सामे थई जता हता आपणे नथी कही शकता के ७

१ भाडारकर रिपोर्ट सन् १८८३-४ पृ ९५.

केटला अनुयायिओ, आ सप्तभंगीनयना सत्यनी प्रतीति पामी महावीरना धर्ममां आवी गया हशे ?

अज्ञेयवादनी बुद्धना उपर पण केटली बधी असर थई हती ते आपणे पालीग्रंथोमा निरूपित बुद्धना निर्वाणविषयक सिद्धान्तमां जोई शकीए छीए आ प्रकारना निश्चयात्मक वाक्यो तरफ प्रथम ध्यान प्रो ओल्डनबर्गे खेंच्यु हतु, आ वाक्यो निःशकपणे जणावे छे के मृत्यु बाद तथागत (अर्थात् मुक्तात्मा अथवा जेने वास्तवमा व्यक्तित्वनो हेतु कही शकाय ते) हयाती धरावे छे के नहीं, एवा प्रश्ननो उत्तर आपवा बुद्ध चोख्खी ना पाडता हता जो तेमना समयना लोकोना सांभळवामां आवा विचारो बिलकुल न आव्या होत अने आवी केटलीक बाबतो के जे मनुष्यना मनथी अतीत होई ते घणी महत्वनी गणाय छे तेना संबंधमा, तेवा प्रकारना उत्तरोथी ते लोकोने सन्तोष न वळतो होत तो तेओ, तेवा कोई धार्मिक सुधारक के जे ब्राह्मणधर्ममां तर्कसिद्धनिरूपित सघळी बाबतोना सबन्धमा पोतानो स्पष्ट अभिप्राय न आपे, तेना उपदेशोने आदरपूर्वक सांभळे ए असभवित छे परन्तु वस्तुस्थिति जोता एम लागे छे के अज्ञेयवादे बौद्धोना निर्वाणना सिद्धांतने झीलवा माटे भूमि तैयार करी राखी

हती [1] एक बाबत खास नोंध लेवा जेवी छे—संयुतनिकाय जेनु भाषान्तर प्रो ओल्डनबर्गे करेलु छे, तेमा एक ठेकाणे पसेनदि राजा अने खेमा नामनी आर्या वच्चे थएलो सवाद आवे छे तेमा राजाए मृत्यु बाद तथागत हयाती धरावे छे के नही ए सबधमा प्रश्नो पूछेला छे, जे सूत्रोमा आ प्रश्नो पूछेला छे तेमा सामञ्ञफलसुत्त—के जेनु भाषातर उपर आपेलु छे, तमा जेवा शब्दो सजय वापरे छे तेवाज शब्दो वापरेला छे

बुद्धना समयना अज्ञेयवादनी असर बुद्ध उपर थई हती

---

१ निर्वाणना स्वरूपकथनमा बुद्धे जे मौन धारण कर्यु हतु ते तेमना वखतमा भले डहापण भरेलु गणायु होय, परन्तु ते सप्रदायना विकासने माटे तो तेना घणा परिणामो समाएला हता कारण के बौद्धमतना अनुयायिओने, ब्राह्मणदार्शनिको जेवा दूधमाथी पोरा काढनारा तर्कशास्त्रीओनी विरुद्ध पोताना मतने टकावी राखवानो होवाथी, आ महान् प्रश्न के जेना विषयमा तेमना धर्मसस्थापके काइ पण निश्चयात्मक कथन कर्यु नहोतु ते उपर वधारे स्पष्ट विचारो जणाववानी फरज पडी हती आ रीते पोताना गुरुए अधुरा राखेला महेलने पूर्ण करवा माटे सामग्री भेगी करवाना उद्देशथी बुद्धनिर्वाण पछी तरतज बौद्धधर्म पुष्कल सप्रदायोना रूपमा विभक्त थई गयो, एमो आश्चर्य पामवानी जरूर नथी के सिलोन जे ब्राह्मणविद्याविषयक केन्द्रथी घणु दूर आवेलु छे त्या बौद्धोना आ निर्वाणनो सिद्धान्त असररूपमा प्रकटित रही शक्यो छे

तेवा प्रकारना मारा अनुमाननी पुष्टिमा, हु महावग्ग १, २३, अने २४, मा आपेली एक परपरागत कथा अत्रे रजु करु छु ते कथामा एम जणावेलु छे के बुद्धना सौथी वधारे प्रख्यात एवा सारिपुत्त अने मोग्गल्लान नामना बे शिष्यो, तेमना अनुयायी थया पहेला सजयना शिष्यो हता अने पछीथी तेओए पोताना जूना गुरुना मतना २५० शिष्योने पण बौद्धमार्गी बनाव्या हता आ हकीकत बुद्ध बोधि प्राप्त कर्यु त्यार पछी तरतज बनी हती आथी ए समर्थित छे के पोताना नवा मतना प्रारभकालमा बुद्धे शिष्यो मेळववा माटे ते वखते प्रचलित एवा बीजा मतो तरफ सर्वप्रकारनी योग्य वर्त्तणुक राखवानी कोशीश करी हशे

महावीरना सिद्धान्तोना विकास उपर मारी मान्यतानुसार मक्खलीपुत्त गोसालनी मोटी असर थएली छे भगवती १५,१ मा आपेलो तेना जीवननो इतिहास, होर्नले पोताना उपासगदसाओना भाषातरने अन्ते, एक परिशिष्टमा सक्षेपमा भाषान्तरित करेलो छे तेमा ए प्रमाणे नोंधेलु छे के, गोशाल महावीरनी साथे तेमना शिष्यतरीके श्रमणधर्म पाळतो थको ६ वर्ष सुधी रह्यो हतो परन्तु पछी ते तेमनाथी जूदो थई गयो अने पोतानो नवो धर्म स्थापी जिन तरीके आजीविकोनो नायक कहेवडावा

लाग्यो परन्तु बौद्धग्रन्थोमा तेना सम्बन्धमां एवी नोंध मळी आवे छे के ते नन्द वच्छ अने किस सङ्किच्चनो उत्तराधिकारी हतो अने तेनो सम्प्रदाय साधुवर्गमा चिरस्थापित (लांबा वखत पूर्वे स्थापित थएलो एवो) मनातो होई अचेलक परिव्राजकना नामे प्रसिद्ध हतो जैनोनी ए हकीकत के महावीर अने गोसाळ ए बन्नेए केटलाक वखत सुधी साथे तपश्चर्या करी हती, तेमां शंका करवानुं काई कारण नथी परन्तु तेओ बन्ने वच्चे जे सबंध बतावनामां आवे छे ते वास्तवमा तेनाथी जूदा प्रकारनो होय तेम लागे छे,' मारु एवु मानवु छे, अने" मारा आ अभिप्रायना पक्षमां हुं हमणाज केटलीक दलीलो आपीश–के महावीर अने गोसाळ ए बन्ने पोताना सम्प्रदायोने एक करवाना अने एकने बीजामा मेळवी देवाना इरादाथी परस्पर सहचारी बन्या हता, अने लांबा वखत सुधी आ बन्ने आचार्यो साथे रह्या हता ए बाबत उपरथी चोक्स अनुमान थाय छे के ते बन्नेना मतोनी वच्चे केटलुक साम्य होवुज जोईए आगळ पृ २६ उपरनी टीपमा मे जणाव्यु छे के ' सव्वे सत्ता, सव्वे पाणा, सव्वे भूता, सव्वे जीवा ' ना स्वरूपनुं वर्णन गोसाळ तेमज जैनोनी वच्चे समान छे अने टीकामां जणावेल एकेन्द्रिय, द्वीन्द्रियादि वर्गरूपे प्राणिओना विभागो के जे जैनग्रन्थोमा घणाज साधारण छे, तेवा विभागोनो गोसाळे

पण उपयोग कर्यो छे चमत्कारी अने लगभग अतन्याभासरूप छ लेश्यानो जैनसिद्धान्त,—जेने पहेलीज वखत दृष्टिगोचर कर्यानु मान प्रो० ल्यूमनने घटे छे—गोसाले करेला सघळी मनुष्यजातिमाटेना छ वर्गोना विभाग साथे संपूर्ण रीते मळतो आवे छे परन्तु आ बाबतना संबंधमा मारु एवु मानवु छे के जैनोए मूळ आ विचार आजीविको पासेथी लीधो हतो, अने पाछळथी पोताना बीजा बधा सिद्धान्तोनी साथे ते संगत बने तेवी रीते तेमा फेरफार कर्यो हतो आचारविषयक सघळा नियमोना संबंधमा जेटला प्रमाणो उपलब्ध थाय छे ते उपरथी लगभग सिद्ध थाय छे के महावीरे अधिक कठोर नियमो गोसालाना लीधा हता कारण के उत्तराध्ययन २३, १३ (पृ १२१) मा जणाव्या प्रमाणे पार्श्वना धर्ममा निर्ग्रन्थोने नीचे अने उपरना भागमा एकैक वस्त्र पेहरवानी छूट हती, परन्तु वर्द्धमानना धर्ममा कपडानो स्पष्ट निषेध करवामा आव्यो हतो नग्नसाधु माटे जैनसूत्रोमा अनेकस्थळे

---

१ गोशालानी पासेथी छलेश्यानो विचार लइन पाछळथी बधा सिद्धान्तनी साथे संगत करी देवानु अने थयेलखना विषयने केवानु लख्यु ते पण विचारवा जेवु छे. केम के बीजाओना विचारो लईने बधा सिद्धांतोनी साथे संगत करवानु आप सुधी कोई पण मतवाळाथी बनी शक्यु नथी अने तेम बने पण नहीं एम अमारु मानवु छे. संपादक.

मळी आवतो शब्द ' अचेलक[1] ' छे जेनो शब्दार्थ ' वस्त्ररहित ' एवो थाय छे बौद्धो अचेलको अने निर्ग्रन्थोने भिन्न भिन्न माने छे उदाहरण तरीके धम्मपद[2] उपरनी बुद्धघोषकृतटीकामा केटलाक भिक्षुओना सबंधमा जणावलु छे के, तेओ अचेलको करतां निर्ग्रन्थोने वधारे पसंद करता हता कारण के अचेलको तद्दन नग्न रहे छे (सब्बसो अपटिच्छन्ना) परन्तु निर्ग्रन्थो कोई जातनु टूकुं आवरण[3] राखे छे, जेने ते भिक्षुओ खोटी रीते 'लज्जानी खातर' मानता हता अचेलकशब्दद्वारा बौद्धो मक्खली गोशाळ अने तेनी पूर्वे थई गएला किस्स संकिच्च अने नन्द वच्छना अनुयायि-

---

१ बीजो एक शब्द ' जिनकल्पिक ' छे जेनो अर्थ ' जिनजेवो आचार पाळनार ' थई शके श्वेताम्बरो कहे छे के जिनकल्पने बदले प्राचीनकालमा ज स्थविरकल्प स्थिर करवामा आव्यो हतो जेनी अंदर वस्त्र राखवानी छूट आपवामा आवी हती

२ जुओ फुसबोलनी आवृत्ति, पृ ३९८

३ मूळमा आवेला 'सेसक पुरिससमपिता य पटिच्छादेन्ति' ए शब्दो बराबर स्पष्ट थता नथी, परन्तु तेम। जोतामां आवतो विरोध निःशकरीते एज भावार्थ सूचवे छे. पालीशब्द ' सेसक ' ते मारा धारवा प्रमाणे सस्कृत ' शिश्नक ' नु रूप छे. आ जो खरु होय तो उपरना शब्दोनु भाषातर नीचे प्रमाणे थई शके ' तेओ (नागोना) आगळ भाग उपर (कपडु) पहेरी मुखाग्रने ढाके छे '

ओने सूचवे छे, अने तेओना धार्मिक आचारोनु वर्णन मज्झिम-
निकायमा समुहित राख्यु छे, तेमा ते स्थले निगन्ठपुत्त सच्चक-
नी ओळखाण आपणने उपर थई गएली छे, ते—कायभावना एटले
शारीरिक पवित्रतानो अचेलकोना आचारने उद्देशीने अर्थ समजावे
छे सच्चकना वर्णनमानी केटलीक विगतो टीकाना अभावे नहीं
समजी शकाय तेवी दुर्बोध छे परन्तु केटलीक तो तद्दन स्पष्ट छे
अने ते केटलाक प्रसिद्ध जैनआचारो साथे सपूर्ण सादृश्य धरावे
छे दाखला तरीके अचेलको पण जैनसाधुओनी माफक भोजननु
आमत्रण स्वीकारता नथी, तेओने माटे अभिहित अथवा
उद्दिस्सकत अन्न लेवानो निषेध छे आ बन्ने शब्दो जैनोना
अभ्याहृत अने औद्देशिक शब्दो (जुओ पृ० १३२ टिप्पण)
समान होय तेम दरेक रीते संभवित छे वळी तेओने मास अने
मदिरा लेवानी छूट नथी ' केटलाक मात्र एकज घरे भिक्षा लेवा
जाय छे अने मात्र एकज ग्रास खोराक ले छे केटलाक वधारेमा
वधारे सात घेर भिक्षा माटे जाय छे केटलाक एकज वार आपेलु
अन्न लईने रहे छे, केटलाक वधारेमा वधारे सात वार सुधी आपेलु
लईने रहे छे ' आ प्रकारनाज जैनसाधुओना केटलाक आचारो
कल्पसूत्रनी समाचारीमा वर्णवेला छे (२६, भाग १, पृ ३००
अने आ ग्रन्थना पृ १७६, गाथाओ १९ अने १९) नीचे

वर्णवेलो अचेल्कोनो आचार अने जैनोनो आचार बराबर एकज छे एम स्पष्ट जणाय छे ' केटलाक हमेश एकज वखत भोजन करे छे अने केटलाक बे दिवसमा एकज वखत भोजन करे छे'- इत्यादि, अने ए रीते वखतामले केटलाक ठेठ एक पखवाडीए एकवार भोजन ले छे '[1] अचेल्कोना आता बधा नियमो अने जैनोना नियमो या तो लगभग एकज छे अगर तो अतिशय मळता छे, अने आ प्रकारनु साम्य जोवामा आवतो होवा छतां, तथा सचक एक निगन्ठपुत्त गणातो होवाना लीधे तेमना धार्मिक आचारोथी ते परिचित होवा छता, कायमावनाना आदर्श तरीके निर्ग्रन्थोनो उल्लेख करतो नथी ते खरेखर आश्चर्यजनक लागे छे परन्तु आ आश्चर्यजनक बाबतने नीचेनी कल्पनाद्वारा आपणे सहेलाईथी समजावी शकीए छीए, अने ते एवी रीते के बौद्ध-ग्रन्थोमा बहुधा जे असलना प्राचीन निर्ग्रन्थोनी बाबतना उल्लेखो मळी आवे छे, ते (निर्ग्रन्थो) जैनसमाजना जे एक वर्गे महावीरना उपदेशोनो स्वीकार कर्यो हतो तेओ नहीं, परन्तु

---

[1] आ प्रकारना उपवासोने जैनो चउत्थभत्त, छट्ठभत्त इत्यादि नामो आपे छे (जुओ ए. ल्युमान संपादित औपपातिकसूत्र ३० I A), अने आ उपवास करनारा साधुओ अनुक्रमे चउत्थभत्तिय छट्ठभत्तिय, इत्यादिनामोथी ओळखाय छे (जुओ दा. ब. कल्पसूत्र समाचारी २१)

ओने सूचवे छे, अने तेओना धार्मिक आचारोनुं वर्णन मज्झिमनिकायमां सग्रहित थएलु छे, तेमां ते स्थले निगन्ठपुत्त सच्चकथीनी ओळखाण आपणने उपर थई गएली छे, ते—कायभावना एटले शारीरिक पवित्रतानो अचेलकोना आचारने उद्देशीने अर्थ समजाव छे सच्चकना वर्णनमानी केटलीक विगतो टीकाना अभावे नहीं समजी शकाय तेवी दुर्बोध छे परन्तु केटलीक तो तद्दन स्पष्ट छे अने ते केटलाक प्रसिद्ध जैनआचारो साथे संपूर्ण सादृश्य धरावे छे दाखला तरीके अचेलको पण जैनसाधुओनी माफक भोजननुं आमंत्रण स्वीकारता नथी, तेओने माटे अभिहित अथवा उद्दिस्सकत अन्न लेवानो निषेध छे आ बन्ने शब्दो जैनोना अभ्याहृत अने औद्देशिक शब्दो (जुओ पृ० १३२ टिप्पण) समान होय तेम दरेक रीते समजित छे वळी तेओने मांस अने मदिरा लेवानी छूट नथी 'केटलाक मात्र एकज घेरे भिक्षा लेवा जाय छे अने मात्र एकज ग्रास खोराक ले छे केटलाक वधारेमा वधारे सात घेर भिक्षा माटे जाय छे केटलाक एकज वार आपेलुं अन्न लईने रहे छे, केटलाक वधारेमा वधारे सात वार सुधी आपेलुं लईने रहे छे' आ प्रकारनाज जैनसाधुओना केटलाक आचारो कल्पसूत्रनी समाचारीमां वर्णवेला छे (२६, भाग १, पृ ३०० अने आ ग्रन्थना पृ १७६, गाथाओ १६ अने १९) नीचे

धर्णवेलो अचेलकोनो आचार अने जैनोनो आचार बराबर एकज छे एम स्पष्ट जणाय छे 'केटलाक हमेशां एकज वखत भोजन करे छे अने केटलाक बे दिवसमां एकज वखत भोजन करे छे'[1] इत्यादि, अने ए रीते वधतानमे केटलाक ठेठ एक पखवाडीए एकवार भोजन ले छे' अचेलकोना आवा बधा नियमो अने जैनोना नियमो या तो लगभग एकज छे अगर तो अतिशय मळता छे, अने आ प्रकारनुं साम्य जोवामां आवतो होवा छतां, तथा सचक एक निगन्ठपुत्त गणातो होवाना लीधे तेमना धार्मिक आचारोथी ते परिचित होवा छतां, कायमासनाना आदर्श तरीके निर्ग्रन्थोनो उल्लेख करतो नथी ते खरेखर आश्चर्यजनक लागे छे परन्तु आ आश्चर्यजनक बाबतने नीचेनी कल्पनाद्वारा आपणे सहेलाईथी समजावी शकीए छीए, अने ते एवी रीते के बौद्ध-ग्रन्थोमां बहुधा जे असलना प्राचीन निर्ग्रन्थोनी बाबतना उल्लेखो मळी आवे छे, ते (निर्ग्रन्थो) जैनसमाजना जे एक वर्ग महावीरना धर्मनोनो स्वीकार कर्यो हतो तेओ नहीं, परन्तु

---

१ आ प्रकारना उपवासोने जैनो चउत्थभत्त, छठ्ठभत्त इत्यादि नामो आपे छे (जुओ ट त ल्युमन सपादित औपपातिकसूत्र ३० I. A), अने आ उपवास करनारा साधुओ अनुक्रमे चउत्थभत्तिय छठ्ठभत्तिय, इत्यादिनामोथी ओळखाय छे (जुओ डा ह कल्पसूत्र समचारी २१)

महावीरना मतना विरोधी न बनता जेओ ते संयुक्तसंप्रदायमां रहीने पण पोताना प्राचीनसंप्रदायना केटलाक खास आचारोने वळगी रह्या हता ते प्रकारना पार्श्वना अनुयायिओ हता आ प्रकारना केटलाक कठोर नियमो के जे प्राचीनधर्मना अंगभूत मनाता न हता अने जेमने महावीरेज दाखल करेला हता, ते समवितरीते तेमणे गोशालना अचेलक अथवा आजीविकनामे प्रसिद्ध अनुयायिओना लीधा हता, अने आनु कारण ते तेओए (महावीरे) जे छ वर्ष सुधी गोसालनी साथे अत्यंत निकट सहचर तरीके रही तपश्चर्या करी हती ते छे आ प्रमाणे आजीविकोना केटलाक धार्मिक विचारो अने आचारोनो स्वीकार करवामां महावीरनो आशय गोसाल अने तेना अनुयायिओने पोताना पक्षमां लेवानो होय एम लागे छे, अने केटलाक समय-सुधी तो आ उद्देश सफल पण थयो होय परन्तु आखरे बंने नेताओनी वच्चे मतभेद थयो हतो, के जेनु कारण घणु करीने ए प्रश्न हतो के आ संयुक्तसंप्रदायनो नेता कोण बने गोसालना साथे थएला आ टुक समयना सबंधथी स्पष्ट रीते महावीरनी पदवी घणी सुस्थित बनी हती परन्तु गोसाले जैन हकीकतो अनुसार पोतानी प्रतिष्ठा गुमावी हती अने आखरे तेना शोकपूर्ण अवसानथी तेना संप्रदायना भावीने सखत फटको लाग्यो

आपणे जो के ते वधु साबित न करी शकिए परन्तु महावीरे अन्यसप्रदायोमाथी घणु लीधु छे ए वात निःसशय छे. जैनधर्म यथार्थमा एक सस्थितिरूप दर्शन नहीं होवाथी तेमा नवा मतो तथा सिद्धान्तोना उमेरा घणा सहेलाईथी थई शके तेम हतु.

जे जे सप्रदाय अगर तो तेना भागो महावीरनी सफल कार्यदक्षताने लईने जैनधर्ममा आवता गया ते सघळा सप्रदायोना केटलाक प्रीतिपात्र विचारो तेमज तेमना प्रियगुरुओ, जेओने तेओ चक्रवर्ती अथवा तीर्थंकरना नामे ओळखता हता, ते सघळा दाखल थई गया होय तो तेमा नवाई नथी अलबत् आ एक मात्र मारु अनुमान छे परन्तु आ अनुमाननी मददथी आपणे जैनोनी आचार्यो साधुओ विषयक विलक्षण परपरानु उत्पत्ति-कारण समजी शकीए छीए. प्रत्यक्षप्रमाणनो ज्या सर्वथा अभाव होय त्या आपणने अनुमानो उपरज आधार राखवो पडे छे,

१ खरेखर महावीर तेमना पोताना भागमा एक महान् व्यक्ति हतो, तेमज तेमना समकालीन पुरुषोमा ते एक उत्तमप्रकारना नेता पण हशे, तेमा शक नथी तेमनी तीर्थंकरपदप्राप्तिमा जेटले अंशे, तेमणे पोताना मतनो प्रसार करवाथी सपादित करेलो तमनो यश कारणभूत थयो छे ' [illegible] सघळु पवित्रजीवन कारणभूत थयु हतु

अने जे अनुमानोमां पण जे अनुमान विशेष सत्य–साभळता स्र लागे एवुं–होय ते स्वीकारवा योग्य बने छे फक्त आ बाबतने छोडीने बाकीनी जे जे बाबतो आ प्रस्तावनाना प्रारंभना भागोमां में मारी कल्पनानुरूप रजू करेली छे ते सघळी आगना करता वधारे प्रमाणभूत छे, ए हुं अहीं खास जणावी दउं छुं ए बधा विचारोमां मारा कोई पण कथनथी जैनपरंपरागत कथन के–जे रेसी पुरावाओना अभावमा आपणने एक मात्र ते ज मार्गदर्शक बने छे–तेने आघात पहोचतो नथी अने बीजुं, मारी एके कल्पना पण एवी नथी के जे ते समयनी परिस्थिति अनुसार असंभवित लागे जैनधर्मना प्राचीन इतिहासनी रचनामां मुख्य स्थान रोकनार जे ए एक हकीकत छे के, महावीरना समयमा पार्श्वनाथना शिष्यो हयाती धरावता हता अने जेनो निर्देश बनावती परंपरा पण विद्यमान होई तेनी सत्यता पण अत्यारना सघळा विद्वानो एके अवाजे स्वीकारे छे, तेनोज मे अहिं उपयोग कर्यो छे

हवे आ रीते जो जैनधर्म ए एक प्राचीनकालथी चाल्यो आवतो धर्म होय अने महावीर तेमज बुद्ध करता वधारे जुनो होय तो तेना तत्त्वज्ञानना स्वरूपमा पण काइक प्राचीनताना

चिन्हो देखावा जोईए आतु एक चिन्ह ए धर्ममा तास मळी आवे छे, अने ते तेनो, सघळी वस्तु चैतन्ययुक्त छे, एम बतावतो सचेतनवाद छे ते वाद जणावे छे के–मात्र वनस्पतिमात्र नहीं परन्तु पृथ्वी, पाणी, अग्नि, अने वायुना कणोमा पण आत्मतत्त्व रहेलु छे मानवजातिशास्त्र (Ethnology) आपणने एम शीखवे छे के जंगलीलोकोनी तत्त्वज्ञानविषयक सघळी मान्यताओ सचेतनवादमूलक होय छे आ सचेतनवाद जेम जेम जनसंस्कृति वधती जाय छे, तेम तेम शुद्ध मनुष्यत्त्व रूपमान मात्र परिणत थतो जाय छे आथी करीने जो जैनधर्मनुं नीतिशास्त्र मोटे भागे आ प्राचीन सचेतनवाद–मूलक होय तो जैनधर्मनी पहेल वहेली उत्पत्तिना समये ते सचेतनवादनो सिद्धान्त हिन्दुस्थाननी प्रजाना मोटा भागोमा विस्तृतरूपे विद्यमान होवो जोईए आ परिस्थिति ते अति प्राचीन समयनी होई शके के जे वखते हिन्दुस्थानना मनुष्योना मन उपर उंचा प्रकारनी धार्मिक मान्यताओए अने पूजानी पद्धतिओए असर करी नहोती

जैनधर्मनी प्राचीनतानु बीजु चिन्ह ते तेनी वेदान्त अने सांख्य जेवा बे सौथी प्राचीन ब्राह्मणदर्शनोनी साथे रहेली सिद्धान्तविषयक समानता छे ते प्राचीनकालमां तत्त्वज्ञानना

(Metaphysics) विकासक्रममा गुणनामना पदार्थनो जेवो जोईए तेवो खुल्लो अने स्पष्ट ख्याल थई चूक्यो नहोतो, परन्तु ते पदार्थ द्रव्यपदार्थमांथी उत्क्रान्त थई रह्यो हतो एम लागे छे जे जे वस्तुने आपणे गुण तरीके ओळखीए छीए ते, ते वखते भूलथी वारंवार द्रव्य तरीके मनाई जती अने केटलीक वखते द्रव्य साथे तेनु मिश्रण पण थई जतु वेदान्तमा परब्रह्मने शुद्धसत्ता, ज्ञान, अने आनन्दरूप स्वाभाविकगुणथी सयुक्त नहीं, परन्तु सत्, चित्, अने आनन्दस्वरूपज मानवामा आव्यु छे सांख्यमा पुरुष अथवा आत्माना स्वभावनु वर्णन करती वखते तेने ज्ञान अथवा तेजोरूप बनाववामां आव्यो छे अने वो के—सत्त्व, रजस्, अने तमस्, ए त्रण पदार्थोने गुणरूपे गणाव्या छे खरा, परन्तु गुणनु जे लक्षण आपणे स्वीकारीए छीए ते अनुसार ते गुणो थई शकता नथी

प्रो० गार्बेना जणाव्या प्रमाणे वास्तवमा ते मूळप्रकृतिना अवयवो ज छे आ ज प्रकारना सिद्धान्तो घणा सामान्यरीते जैनोना प्राचीनसूत्रोमा द्रव्य अने तेना पर्यायोनो ज मात्र उल्लेख करेलो होय छे सूत्रोमा गुणपदार्थनो ज्यारे कोईक ज ठेकाणे उल्लेख थएलो मळी आवे छे त्यारे पाछळना बीजा बधा ग्रंथोमा

ते नियमित रीते वर्णवेलो होय छे आ उपरथी एम स्पष्ट जणाय
छे के ते पाछळना काळमा स्वीकारवामा आव्यो होवो जोईए, अने
तेनु कारण न्याय वैशेषिक दर्शनोना तत्त्वज्ञान अने साहित्यनी जे
असर धीमे धीमे भारतवर्षना वैज्ञानिकविचारो उपर थती हती
तेज होवु जोइए पर्याय एटले विकार अगर अवस्थान्तरनी मान्य-
तामा गुण जेवा स्वतन्त्रपदार्थने स्थान ज मळी शके नेम नथी
कारण के द्रव्य दरेककाळमा तेना पर्यायना स्वरूपमां ज रहे छे,
अने तेथी करीने पर्याय गुणात्मक होय छे, अर्थात् पर्यायोनी
अंदर गुणोनो समावेश थई ज जाय छे अने आज विचार
प्राचीनसूत्रोमा लीधेलो होय तेम जणाय छे अन्य एक
उदाहरण, जैनोए जे अदृश्यन्नयुक्त पदार्थ उपर द्रव्यत्वनो आरोप
करी, वास्तविकरीते जे वस्तु गुणना वर्गमा आवी जाय छे तेवी
'धर्म' अने 'अधर्म' ए बे वस्तुओ, विषयक छे आ बे
वस्तुओने जैनोए द्रव्य तरीके वर्णवी छे के जेनो भाव जीवनो
सबब रहेलो होय छे. आ द्रव्योने आकाशनी साथेन सरखा

---

१ आ कल्पना मूळ वैदिक हिंदुओना हती, एम ओल्डनबर्गे पोताना Dio Religiou des veda नामना पुस्तकना पृ. ३१० उपर जणाव्यु छे

लोकव्यापी मानेला छे वैशेषिको पण आकाशने द्रव्य माने छे जो ते समयमा द्रव्य अने गुण ए बन्ने पदार्थोनुं भिन्न भिन्न वर्गीकरण थयुं होत अने बन्ने अन्योन्याश्रित मनाता होत, के जेम वैशेषिको माने छे, (गुणाश्रय द्रव्य अने द्रव्यान्तर्वर्ती गुण) तो उपर जणावेल गोटाळा भरेला विचारो जैनोए कदापि स्वीकार्या नहीं होत

उपरोक्त विवेचन उपरथी स्पष्ट जोई शकाय छे के वैशेषिक दर्शन साथे जैनोना केटलाक विचारो मळता आवता होवाथी जैनधर्मनी उत्पत्ति तेना पछी थई छे, एवो जे मत डॉ भांडारकरे[1] उपस्थित करेलो छे तेनी साथे हु समत थई शकुं तेम नथी

वैशेषिकदर्शनना स्वरूपनु सक्षिप्त वर्णन नीचे प्रमाणे आपी शकाय के संस्कृतभाषा बोलनार तथा समजनार बधा माणसोए मनन करेला सर्वसाधारण विचारोनी जे पद्धतिसर व्यवस्था अने तेनुं जे तात्त्विक प्रतिपादन–निरूपण, एज वैशेषिकदर्शन छे आ प्रकारनु पदार्थविज्ञानशास्त्र प्राप्त करवानु काम तो घणा प्राचीन काळथी शुरु थयुं हशे अने कणादना सूत्रोमा जेवु ए शास्त्र सपूर्णरूपे प्रतिपादित थयु छे तेवु तैयार थता पहेला

1 जुओ तेमनो रिपोर्ट, सन १८८३–८४, पृ १०१

मनुष्योने घणी सदीओ सुधी भीरजनी मानसिक परिश्रम उठाववो पड्यो हशे, तेमज तत्त्वज्ञानविषयक सतत चर्चाओ चलाववी पडी हशे आपी वैशेषिकदर्शननी आदि अने अन्तिम स्थापनानी वचेना काळमा जो वैशेषिक विचारो लई लेवानो खोटो या खरो आरोप जैनो उपर मुकवामा आवे तो ते कदाच तेम समजि शकु खरु आ स्थळे बीजी एक बाबतनो उल्लेख करवो अस्थाने नहीं गणाय, अने ते ए छे के जे मुद्दाओ हु अने चर्चवा इच्छुं छु ते मुद्दाओने लईने डॉ० भाण्डारकरनो एवो मत थएलो छे के "जैनोना विचारो ते एक बाजु साख्य अने वेदान्तदर्शन अने बीजी बाजु वैशेषिकदर्शन एम बे पक्षनी वचेना समन्वयना आकारना छे" परन्तु प्रस्तुत चर्चाने माटे तो ते बन्ने प्रकारना विचारो सरखा छे—एटले के साक्षात् लेवु अगर बे प्रकारना विरुद्ध विचारोनुं तडजोड करवु ए एकज छे उपरोक्त मुद्दाओ नीचे प्रमाणे छे—

(१) जैनदर्शन अने वैशेषिकदर्शन ए बन्ने मिथ्यावादी छे. अर्थात् ते बन्नेनु मानवु छे क आत्मा उपर कर्म, कषायो तथा वासनादिनी साक्षात् असर थाय छे (२) बन्ने दर्शनो असत्कार्यना सिद्धान्तने माने छे. एटले के तेमना मते कार्य ते

तेना उपादान कारणथी भिन्न छे परन्तु वेदान्त अने साख्य बंने सत्कार्यवादने माने छे अर्थात् कार्य कारणने भिन्न माने छे (३) ए बन्ने दर्शनोमा गुण अने द्रव्यनो पृथक् विभाग थएलो छे ए छेल्ली बाबत तो आपणे उपर चर्ची गया छीए, तेथी हवे आपणे प्रथम बे मुद्दाओना संबधमां विचार करवानो रह्यो छे

(१) अने (२) मा जे मन्तव्योनु निरूपण करेलु छ, ते व्यवहारिक ज्ञान—साधारण बुद्धिना विचारो छे (अर्थात् सहु कोई समजी शके तेवा छे) कारण के आपणा उपर वासनाओनी साक्षात् असर थाय छेज, तेमज कारणथी कार्य भिन्न छे ते पण आपणा अनुभवनी बहारनी वात नथी उ त बीज अने वृक्ष ए बंने परस्पर भिन्न छे, एम दरेक विवेकी माणस जाणे छे, अने ते मात्र सामान्य अनुभवनो विषय छे तेम पण शास्त्र विना नहीं रहे आवा विचारोने अमुकदर्शनना खास लक्षणरूपे मानी शकायज नहीं, अने एक बीजा मतोमां आवा विचारो समानरूपे जोवामां आवे ते ते उपरथी ते, एक बीजाना मतमाथी लीधेला छे तेम पण कही शकाय नहीं परन्तु जो बे भिन्न दर्शनोमां परस्पर विपरीते विचारदर्शी एकत्र सिद्धान्त आव्यो होय

तो ते एकज दर्शनमांथी उत्पन्न थएलो होय छे अने ते तेमां सुप्रतिष्ठित थया पछीज अन्यद्वारा स्वीकृत थाय छे दिग् अने आकाश ए बन्ने भिन्न द्रव्यो छे, ए जातनो वैशेषिकोनो खास स्वतंत्र तर्कसिद्ध सिद्धान्त छे ते जैनदर्शनमा बिलकुल देखातो नथी वेदान्त अने साख्य जेवा अधिक प्राचीन दर्शनोमा तथा जैनदर्शनमा आकाश अने दिक् वच्चे बिलकुल भेद करवामा आव्यो नथी ए दर्शनोमा एकलु आकाशज बन्नेनु प्रयोजन सारे छे

वैशेषिक अने जैनदर्शननी वच्चे मूल सिद्धान्तोमा भेदसूचक एवा केटलाक उदाहरणो नीचे प्रमाणे छे पहेलाना मते आत्माओ अनत अने सर्वव्यापी (विभु) छे परन्तु बीजाना (जैनोना) मते तेओ मर्यादित परिमाणवाळा छे वैशेषिको धर्म अने अधर्मने आत्माना गुणो माने छे परन्तु उपर जणाव्यु तेम जैनो ते बन्नेने एक जातना द्रव्यो माने छे एक बाबतमा, एक विरुद्ध वैशेषिक विचार अने तद्भिन्न जैनसिद्धान्त वच्चे केटलुक सादृश्य जोवामां आवे छे वैशेषिकमतमा चार प्रकारना शरीरो मानेला छे पार्थिव शरीर जेवु के मनुष्य पशुआदिनु, जलात्मकशरीर जेम वरुणनी सृष्टिमा छे, अग्निशरीर जेम अग्निनी सृष्टिमा छे, अने वायवीयशरीर जेम वायुनी सृष्टिमां मळी आवे छे आ

विचित्र विचार साथे सदृक्षता धरावनारो जैनदर्शनमा पण एक विचार छे जैनो पृथ्वीकाय, अप्काय, तेजस्काय, अने वायुकाय, एम चार काय माने छे आ चार ४ मौलिक पदार्थो के जे मूळ तत्त्वो छे अथवा तो तेना पण सूक्ष्म भागो छे तेनी अंदर एक एक विशिष्ट आत्मा रहेलो छे एम तेओ माने छे आ जड-चैतन्यवादनो सिद्धांत उपर जणाव्या प्रमाणे असल सचेतनवादनु परिणाम छे वैशेपिकोनो एतद्विषयकविचार जो के मूळ एकज विचारप्रवाहमाथी उत्पन्न थएलो छे खरो, परन्तु तेमणे ते विचार लौकिकपुराणोना अनुरूपे गोठवलो छे आ बन्नेमा जैनमत वधारे प्राचीन छे अने ते वैशेपिक दर्शनना चार प्रकारना शरीरवाळा मतना करता पण तत्त्वज्ञानना वधारे पुरातन विकासनमना समयनो छे मारा अभिप्राय मुजब वैशेपिक अने जैनदर्शननी वच्चे एवो कोई पण सबंध न हतो के जेथी एक दर्शने बीजामाथी विचारो लीवा छे, एम स्थापित करी शकाय छता पण हु एम कबूल करु छु के ए बे दर्शनो वच्चे केटलुक विचारसादृश्य अवश्य रहेलु छे वेदान्त अने साख्यना मूळ तत्त्वभूत विचारो जैनविचारोथी तद्दन विरुद्ध छे, अने तेथी करीने जैनो पोताना सिद्धान्तने काई पण आच आव्या दीधा सिवाय तेमना विचारो स्वीकारी शकेज नहीं परन्तु वैशेपिक ए एवा प्रकारनु दर्शन छे के जेथी जैनसिद्धान्त

पोताना मनने आघात पहोंचाड्या सिवाय केटलीक हद सुधी तेनी साथे समत थई शके छे अने आथीज न्याय-वैशेषिकदर्शन उपरना ग्रन्थकारोमा जैनोना पण नामो जोवामा आवे तो तेमा; नवाई पामवा जेवु नथी जैनो तो आनाथी पण आगळ वधीने त्या सुधी जणाव छे के वैशेषिकदर्शन स्थापनार तेमना मतनो एक कोशिकगोत्रीय छडुल्लुय रोहगुप्त नामनो निन्हव हतो जेणे वि स ५४४ (ई स ४८८) मा त्रैराशिकमत नामनो छठो नेन्हविक सम्प्रदाय स्थाप्यो हतो आ दर्शननु जे वर्णन आवश्यक-सूत्र VV 77-88 मा आपेलु छे ते वाचवाथी जणाय छे क ते सघळु वर्णन कणादना वैशेषिक दर्शनमाथी लीधेलु छे कारण के तेमा (सात नहीं पण) ७ पदार्थो अने तेना पदभेदोनु वर्णन-आपेलु छे, अने आ उपरान्त गुणना वर्गमा (२४ नहीं परन्तु) १७ वस्तुओनु वर्णन करवामा आवलु छे, जे वैशेषिकदर्शन १,१ मा आपेली हकीकत साथे बराबर मळी रहे छे

मारु मानवु छे के जैनो अनेक बीजी बाबतोनी माफक, हिंदुस्ताननना प्रत्येक प्रसिद्ध पुरुषने पोताना धर्मना इतिहास साथे जोडी देवानी बाबतमा पोताने ने तेना करता अधिक माननो हक करे छे, उपरोक्त जैनदन्तकथाने असत्य मानवामा माग

कारणो नीचे मुजब छे — वैशेषिकदर्शन वास्तवमा एक आस्तिक ब्राह्मणदर्शन मनाय छे अने ते मुख्यत्वे करीने स्वधर्मचुस्त हिंदुओद्वारा विरचित थयु छे आम होवाथी तेमणे सूत्रकारनुं जे नाम तथा काश्यप एवु जे गोत्र बताव्यु छे ते सत्रवमा तेओ असत्यालाप करे छे, एवी शंका करवानु जराए कारण जणातु नथी अने बीजु ए के समग्रब्राह्मणसाहित्यमा क्यांए उल्लेख मळी आवतो नथी के वैशेषिकदर्शनना कर्तानु नाम षड्गुप्त हतु तथा तेनु गोत्र कौशिक हतु तेमज रोहगुप्त अने कणाद ए बन्ने नामो एकज व्यक्तिना होय एम पण मानी शकाय नहीं, कारण के तेओना गोत्र स्पष्ट भिन्न भिन्न जोनामा आवे छे 'कणादनो अनुयायी ते काणाद' ए शब्द, व्युत्पत्तिशास्त्रना अनुसारे कावमक्षक एटले घुवड वाचक छे, अने एथी ते दर्शननु उपहासात्मक नाम औलूक्यदर्शन पडलु छ रोहगुप्तनु बीजु नाम छडुलूय छे, जेनु संस्कृतरूप षडुलूक[2] थाय छे तेमा घुवड अने घणु करीने काणादोनु सूचन थाय छे ए स्फुट छे,

---

१ जुओ कल्पसूत्रनी मारी आवृत्ति पृ ११९

२ अक्षरश छ घुवड था शब्दनो पहलो 'छ' शब्द वैशेषिकदर्शनना छ पदार्थोना सूचक छे

परन्तु उलूकशब्द जैनोए रोहगुप्तना गोत्रने अर्थात् कौशिकने[1] उद्देशीने लखेलो होय तेम जणाय छे कौशिक शब्दनो अर्थ पण घुवड थाय छे परन्तु आ बाबतमा जैनोनी दन्तकथा करता सर्वब्राह्मणसमत परपरा वधारे पसद करवा लायक होवाथी, आपणे जैनोना परंपरागत कथनने एवी रीते समजावी शकीए के रोहगुप्ते आ वैशेषिकदर्शनन नवु प्रवर्त्युं न होतु परन्तु पोताना जैन्हविकविचारोने समर्थित करवा वैशेषिकमतनो मात्र अगीकार कर्यो हतो

आ भागमा भाषान्तरित करेला उत्तराध्ययन अने सूत्रकृताग सूत्रना विषयमा प्रो॰ वेबरे Indische Studien, Vol XVI p 259 ff. अने Vol XVII p 43 ff मा जे लख्यु छे ते उपरान्त मारे काइ विशेष उमेरवानु नथी आ बन्नेमा, सूत्र-कृताग ए बीजु अग गणाय छे अने जैनआगमोमा अगोने प्रथम–प्रधान–स्थान आपवामा आवे छे, तेथी ते उत्तराध्ययनसूत्र के जे प्रथम मूलसूत्र गणातु होई सिद्धान्तमा तेने छेल्लु स्थान मळेलु छे, तेना करता वधारे प्राचीन छे चोथा अगमा आपेला

---

[1] भाग १ पृ॰ २९०, परन्तु प्रो॰ ल्युमने I C P 121 उपर भाषान्तर करेली एज दन्तकथामा तेनु गोत्र 'छलुक' तरीके लख्यु छे.

सिद्धान्तोना सार उपरथी जणाय छे के सूत्रकृतागनो मुख्य उद्देश नवीनसाधुओने विरोधी आचार्योना पाखडीमतोथी सरक्षित राखवानो अने ते रीते सम्यग्दर्शनमा स्थिर बनावी तेमने परमश्रेय प्राप्त कराववानो छे आ हकीकत एकदर साची छे, परन्तु सर्वांग पूर्ण नथी, ए आपणे आ पुस्तकनी शरुआतमा आपेली विषयसूची उपरथी जोई शकीए छीए ग्रन्थनी शरुआतमा विरोधीमतोनु निराकरण आपवामा आवलु छे अने तेनो तेज विषय फरीथी अधिक विस्तार साथे बीजा श्रुतस्कधना प्रथम अध्ययनमा चर्चवामा आवलो छे प्रथम श्रुतस्कधमा आवी पछी पवित्र जीवन गाळवा सबधी, साधुना परिषहो सबधी, जेमा खास करीने तेमना मार्गमा बनाववामा आवता प्रलोभनो, तथा असाधुजनो तरफथी मळता शारीरिक कष्टो, सबधी तथा धर्मना आदर्शभूत महावीरनी स्तुतिविषयक अध्ययनो आवेला छे, तेनी पछी बीजा पण तेवाज विषयोपर अध्ययनो छे बीजो श्रुतस्कध जे लगभग सपूर्ण गद्यमाज लखाएलो छे तेमा पण आवाज प्रकारना विषयोनु निरूपण करेलु छे, परन्तु तेना विविध भागो वचे कोई पण देखीतो सबध जोवामा आवतो नथी आ उपरथी ते श्रुतस्कध अनुपूर्त्तिरूपे गणी शकाय अने

